

# इष्टोपदेशः

श्रीपूज्यपादस्वामी

परः परस्ततो दुःखं
आत्मैवात्मा
ततः सुखम्

પર એ
પર જ છે
તેનાથી મળે
માત્ર દુઃખ
આત્મા જ
આપણો છે
તેનાથી મળે
સુખ જ સુખ.

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી
૧૯૬૭ ૨૦૬૭

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રીપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૩૯

नवनिर्मित-इष्टोपनिषद्-संस्कृतवृत्त्यलङ्कृतः

श्रीपूज्यपादस्वामिकृत

# इष्टोपदेशः

-: नूतनसंस्कृतवृत्तिसर्जनम्-भावानुवादः-सम्पादनम् :-

प.पू. वैराग्यदेशनादक्षाचार्यदेवश्रीमद्विजयहेमचन्द्रसूरीश्वरशिष्या

आचार्यविजयकल्याणबोधिसूरीश्वराः

માત્ર ૫૧ શ્લોકોના ગાગરમાં
જ્ઞાનના સાગરને ઠાલવી દેતો
એક અદ્‌ભુત ગ્રંથ

: प्रकाशक :

श्री जिनशासन आराधना ट्रस्ट

- **મૂળ ગ્રંથ :** ઈષ્ટોપદેશ (સંસ્કૃત ભાષામાં ૫૧ શ્લોક)

- **મૂળકાર :** શ્રીપૂજ્યપાદસ્વામી (સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર આદિના કર્તા દિગંબરાચાર્ય)

- **નવનિર્મિતસંસ્કૃતવૃત્તિ :** ઈષ્ટોપનિષદ્

- **વૃત્તિનવસર્જન + ભાવાનુવાદ+સંપાદન :** પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા.**

- **વિષય :** વૈરાગ્ય, અધ્યાત્મ

- **વિશેષતા :** ગાગરમાં સાગર જેવો ગ્રંથ, જેના એક એક શ્લોકો વિષયતૃષ્ણા, બહિર્ભાવ, લોકૈષણા આદિનો વિલય કરવા સમર્થ છે. મુમુક્ષુઓએ આ ગ્રંથનું પ્રતિદિન પારાયણ કરવા યોગ્ય છે.

- **પઠન-પાઠનના અધિકારી :** ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.

- વિ. સં. ૨૦૬૬ • પ્રતિ : ૫૦૦ • આવૃત્તિ : પ્રથમ • મૂલ્ય : રૂા. ૨૦૦

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

- **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan108@gmail.com



© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ. આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે.

Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting up on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.


---


**કંપોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ : ભરત ગ્રાફિક્સ,**

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com



चरमतीर्थपतिः करुणासागरः श्रीमहावीरस्वामी



अनन्तलब्धिनिधानः श्रीगौतमस्वामी



पञ्चमगणधरः श्रीसुधर्मास्वामी

# કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# સુકૃત સહયોગી

અનુમોદના... અભિનંદન... ધન્યવાદ... અનુમોદના... અભિનંદન... ધન્યવાદ... અનુમોદના... અભિનંદન... ધન્યવાદ...

## શ્રી ત્રિલોકચિંતામણિ પદ્મનગર જૈન સંઘ અંધેરી (ઈસ્ટ), મુંબઈ.

જ્ઞાનનિધિના સદ્‌વિનિયોગ બદલ
શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની
ભૂરિ ભૂરિ અનુમોદના

**પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ સી. જરીવાલા,
દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ 'ઈ' રોડ,
નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ.
ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ
૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ,
જૈન દેરાસરની સામે, સર્વોદયનગર
મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૭૪૭૮૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પલેક્ષ,
પહેલા રેલવે ગરનાળા પાસે, પાટણ,
ઉ.ગુ. ફોન : ૯૯૦૯૪ ૬૮૫૭૨

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી,
અમદાવાદ-૫.
ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

# ॥ ઉપન્યાસ ॥

ઉત્તર ગુજરાતની એ વિહારયાત્રા હતી. ઈડર મુકામે દિગંબરીય શાસ્ત્રસંગ્રહનું નિરીક્ષણ કરતા આ ગ્રંથના સૌ પ્રથમદર્શન થયાં. વાંચન કરતાં મન અધ્યાત્મમાં તરબોળ બન્યું. પછી તો આ ગ્રંથ કંઠસ્થ કરી લીધો. લગભગ રોજ ગ્રંથનું પારાયણ ચાલું થયું. આ ગ્રંથ પર એક ટીકા લખવાની ભાવના થઈ. આ વાતને લગભગ દોઢ વર્ષ જેવો સમય થયો, ત્યારે વિહારયાત્રામાં લેખન માટેની આધારસામગ્રી ખૂટી પડી, વિચાર કરતાં આ ગ્રંથ યાદ આવ્યો. કંઠસ્થ કરેલી ગાથાઓ પરથી વૃત્તિસર્જન ચાલુ કર્યું, જે આજે અંતિમરૂપમાં આપની સમક્ષ પ્રસ્તુત છે.

મૂળકાર શ્રીપૂજ્યપાદસ્વામી દિગંબર જગતમાં આદરણીય સ્થાન ધરાવે છે. તત્ત્વાર્થ સૂત્રની દિગંબરીય પ્રાચીનતમટીકા સર્વાર્થસિદ્ધિની રચના તેમણે કરી છે. તેમનો અન્ય ગ્રંથ સમાધિતંત્ર/સમાધિશતક છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ તેનો ગુજરાતી પદ્યાનુવાદ (સમાધિશતક) કર્યો છે. એ ગ્રંથ પણ અધિકારી વાચક વર્ગે પરિશીલન કરવા યોગ્ય છે.

પ્રસ્તુત ગ્રંથ અધ્યાત્મરસિકો માટે એક અનોખો ઉપહાર છે. એક-એક શ્લોકો હૃદયને ઝંકૃત કરી દેવા અને તનને રોમાંચિત કરી દેવા સમર્થ છે. આ ટીકાના માધ્યમે અધિકારી વાચક વર્ગ ગ્રંથના તાત્પર્યને પામીને - પરિણમાવીને ઉત્તરોત્તર વિશુદ્ધતર આત્મપર્યાયોનું પ્રાકટ્ય કરે - જીવન્મુક્તિના આનંદનો આસામી બને એ જ આ સર્જનનું ફળ ઈચ્છું છું.

પરમકૃપાળુ કરુણાસાગર શ્રી મહાવીર સ્વામી ભગવાન અને પરમોપકારી ગુરુદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપાથી આ પ્રબંધ સંપન્ન થયો છે. ભરત ગ્રાફિક્સ - શ્રી ભરતભાઈના પ્રયત્નોથી ટાઈપ સેટિંગ આદિ કાર્ય કુશળતાપૂર્વક પાર પડેલ છે. શ્રુતસર્જનરૂપી આ નિમિત્ત સ્વ-પર-કલ્યાણકારક બને એવી ભાવના સહ... જિનાજ્ઞા વિરુદ્ધ લેખન થયું હોય, તો મિચ્છામિદુક્કડમ્. સંશોધન કરવા માટે બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

પ્રથમવૈશાખ સુદ-૭,
વિ.સં. ૨૦૬૬,
વરસોલ
(નડિયાદ)

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**
**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો**
**ચરણકિંકર**
**આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**




યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



- વૈરાગ્યવારિધિ
- તિતિક્ષામૂર્તિ
- અધ્યાત્મયોગી
- અપ્રમત્તસાધક
- નિર્યામણાનિપુણ
- ન્યાયવિશારદ
- સંઘહિતચિંતક
- વર્ધમાન તપોનિધિ
- સુવિશાળ ગચ્છાધિપતિ
- ગીતાર્થમૂર્ધન્ય
- સુવિશુદ્ધસંયમી
- પ્રવચનપ્રભાવક
- અનેકાંતદેશનાદક્ષ
- શ્રેષ્ઠશ્રમણશિલ્પી
- શિબિર આદ્યપ્રણેતા
- બાળદીક્ષાસંરક્ષક
- અપ્રતિમ પ્રભુભક્ત
- અદ્ભુત ગુણાનુરાગી
- નિર્દોષચર્યાચારી
- સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

# ઈષ્ટોપદેશ ઝલક

वरं व्रतैः पदं दैवं नाव्रतैर्बत नारकम् ।
छायातपस्थयोर्भेदः प्रतिपालयतोर्महान् ॥३॥

यज्जीवस्योपकाराय, तद्देहस्यापकारकम् ।
यद्देहस्योपकाराय, तज्जीवस्यापकारकम् ॥१९॥

न मे मृत्युः कुतो भीति-र्न मे व्याधिः कुतो व्यथा ? ।
नाहं बालो न वृद्धोऽहं, न युवैतानि पुद्गले ॥२९॥

भुक्तोज्झिता मुहुर्मोहा-न्मया सर्वेऽपि पुद्गलाः ।
उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा ? ॥३०॥

ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति ।
स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति ॥४१॥

# ઈષ્ટોપનિષદ્ પ્રસાદી

★ भवत्येव मोहः स्मृतिविभ्रमापादनेन हिताहितविमर्शविरहाय । (वृत्त-१४)

★ पोष्यवर्गाविरोधाद्यौचित्यसचिवत्यागाभावस्य मूर्च्छाफलत्वेन मूर्च्छात्यागविधानेनैव तस्यापि विहितत्वात् । (वृत्त-१६)

★ न कश्चित् सुधीः कामान् सेवते, अनर्थसंशयस्यापि प्रवृत्तिप्रतिबन्धकत्वेन तन्निश्चये तत्सेवागन्धस्याप्यभावात् । (वृत्त-१७)

★ शरीरसमरव्यक्तीभवदपगतदेहाध्यासभावमन्तरेण शुद्ध-ध्यानस्यैवासम्भवात् । निश्चयलिप्सूनामपि व्यवहार-स्यापरिहार्यमेवाऽऽसेवनमिति हृदयम् । (वृत्त-१८)

★ परीषहादिवेदने तु योगत्वस्यैवायोगः, प्रायस्तस्यार्त्त-ध्यानानुपातित्वात्, अत एवाहुर्योगलक्षणं परेऽपि-अवेदनं विदुर्योगम् - इति । (वृत्त-२४)

★ क्षेपा हि तदैवोत्तिष्ठन्ति, यदा वस्तुस्वभावानुचिन्तन-मतिक्रम्य चित्तं प्रवर्तते, यदा हि तत् तन्मुद्रानतिभेद्येव, तदा कः क्षेपावकाश इति । (वृत्त-३६)

★ निजकार्यत्वातिक्रमे तु विकथान्तर्भूतत्वाद्देशनात्वमेवानुपपन्नं स्यात्, तत्तदन्तर्भावोऽप्यात्मकल्याण**विरुद्धा कथा** विकथेति लक्षणसमन्वयादिति सूक्ष्मीक्षणीयम् । (वृत्त-४१)

# વિષયાનુક્રમ


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલ | ૧ |
| ૨ | શુદ્ધ આત્મભાવ | ૫ |
| ૩ | શુદ્ધાત્મભાવના વિરહમાં કર્તવ્ય | ૯ |
| ૪ | વ્રતની સુસમર્થતા | ૧૨ |
| ૫ | સ્વર્ગનું સુખ | ૧૪ |
| ૬ | વાસનામાત્ર સુખ-દુઃખ | ૧૬ |
| ૭ | મોહાવૃત જ્ઞાન | ૧૮ |
| ૮ | મોહનું ફળ | ૨૦ |
| ૯ | મમત્વમુક્તિ માટે પક્ષીનું દૃષ્ટાન્ત | ૨૫ |
| ૧૦ | ક્રોધત્યાગ | ૨૯ |
| ૧૧ | સંસારભ્રમણના ત્રણ કારણ | ૩૨ |
| ૧૨ | પ્રચુર વિપત્તિઓ | ૩૫ |
| ૧૩ | ધનાદિની અસમર્થતા | ૩૯ |
| ૧૪ | અજ્ઞાન અવસ્થા | ૪૨ |
| ૧૫ | મૂઢ ધનવાનની દશા | ૪૩ |
| ૧૬ | ધર્માર્જન માટે ધનાર્જન નહીં | ૪૫ |
| ૧૭ | કામનું સ્વરૂપ | ૪૯ |
| ૧૮ | અશુચિમય કાયા | ૫૨ |
| ૧૯ | શરીર સાથે સંગ્રામ | ૬૦ |
| ૨૦ | ચિન્તામણિ કે ચર્મખંડ | ૬૧ |
| ૨૧ | આત્મસ્વરૂપ | ૬૫ |
| ૨૨ | આત્મધ્યાનોપદેશ | ૬૭ |
| ૨૩ | જ્ઞાનિસમાશ્રયોપદેશ | ૬૯ |
| ૨૪ | પરિષહાદિના અસંવેદનનું ફળ | ૭૧ |
| ૨૫ | ધ્યાન-ધ્યેય | ૭૫ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૬ | નિર્મમતા | ૭૬ |
| ૨૭ | આત્મસ્વરૂપ | ૮૨ |
| ૨૮ | સંયોગથી દુઃખ | ૮૪ |
| ૨૯ | મૃત્યુ આદિથી રહિત આત્મા | ૮૭ |
| ૩૦ | એંઠવાડ તુલ્ય પુદ્ગલ | ૯૧ |
| ૩૧ | આત્મહિત માટે યત્ન | ૯૨ |
| ૩૨ | સ્વોપકાર ઉપદેશ | ૯૭ |
| ૩૩ | મોક્ષસુખ જાણવાનો ઉપાય | ૧૦૦ |
| ૩૪ | નિશ્ચયથી આત્મા જ સાચો ગુરુ | ૧૦૨ |
| ૩૫ | જ્ઞાનાજ્ઞાન વિષે અન્ય નિમિત્તમાત્ર | ૧૦૬ |
| ૩૬ | આત્મતત્ત્વનો અભ્યાસ | ૧૦૮ |
| ૩૭-૩૮ | વિષયવૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ | ૧૧૦ |
| ૩૯-૪૦ | આત્માર્થીનું સ્વરૂપ | ૧૧૩ |
| ૪૧-૪૨ | સ્થિરાત્મતત્ત્વની વિશેષતા | ૧૧૯ |
| ૪૩-૪૪ | યોગીનો યોગ | ૧૨૩ |
| ૪૫ | આત્મનિષ્ઠા | ૧૨૬ |
| ૪૬ | પુદ્ગલપ્રીતનું પરિણામ | ૧૨૮ |
| ૪૭ | આત્મનિષ્ઠાનું ફળ | ૧૩૦ |
| ૪૮ | યોગજનિત આનંદના બે ફળ | ૧૩૨ |
| ૪૯ | જ્ઞાન વિષે પ્રયત્ન | ૧૩૫ |
| ૫૦ | ઉપસંહાર | ૧૩૬ |
| ૫૧ | પ્રશસ્તિ | ૧૩૭ |
| પરિશિષ્ટ-૧ | ઈષ્ટોપદેશ મરાઠી પદ્યાનુવાદ | ૧૪૨ |
| પરિશિષ્ટ-૨ | ઈષ્ટોપદેશ ગુજરાતી પદ્યાનુવાદ | ૧૪૮ |
| | શ્રુતભક્તિમાં સદાના સાથીઓ | ૧૫૭ |
| | જ્ઞાનામૃતં ભોજનમ્ | ૧૬૪ |

## अथ इष्टोपनिषद् - वृत्तिविभूषितः

# इष्टोपदेशः

इष्टोपदेशाद्दतयेष्टमाप्त-माप्तं प्रणम्य प्रभुवर्द्धमानम् ।
प्रणम्य चेष्टोपनिषन्निषण्णं, सूरीन्द्रमेवं गुरुहेमचन्द्रम् ॥१॥
इष्टोपदेशे वितनोमि वृत्तिं, मन्दोऽप्यमन्दोल्लसनेन साकम् ।
शुभे यथाशक्ति यतः प्रयत्नः, कर्तव्य एवं कथितं कृतार्थैः ॥२॥

इह हि परमकारूणिकः सूत्रकार इष्टोपदेशमभिधातुकाम आदाविष्टदेवतानमस्कारेण मङ्गलमाह-

---

જેમણે ઈષ્ટોપદેશ પ્રત્યેના આદરથી ઈષ્ટપ્રાપ્તિ કરી છે, તેવા આપ્ત પ્રભુ વર્દ્ધમાનસ્વામિને પ્રણામ કરીને તથા જેઓ ઈષ્ટોપદેશના રહસ્યમાં પ્રતિષ્ઠિત છે, એવા ગુરુ હેમચન્દ્રસૂરીશ્વરજીને પ્રણામ કરીને... ॥૧॥

મંદબુદ્ધિ એવો પણ હું તીવ્ર ઉલ્લાસ સાથે ઈષ્ટોપદેશ ગ્રંથ પર વૃત્તિની રચના કરું છું. કારણ કે કૃતાર્થ એવા જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે - શુભ કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. ॥૨॥

અહીં પરમકારુણિક સૂત્રકાર ઈષ્ટોપદેશને કહેવાની ઈચ્છાથી પહેલા ઈષ્ટદેવતાને નમસ્કાર કરવા દ્વારા મંગલ કહે છે -

**यस्य स्वयं स्वभावाप्ति-रभावे कृत्स्नकर्मण: ।**
**तस्मै सञ्ज्ञानरूपाय, नमोऽस्तु परमात्मने ॥१॥**

**कृत्स्नकर्मण:** - ज्ञानावरणीयाद्यशेषकार्मणवर्गणान्तर्भूतस्य स्वसम्बद्धस्य पुद्गलद्रव्यस्य, **अभावे** - स्वसम्बन्धविशिष्टत्वेन विनाशे, न चासति बाधके सामान्याभावोक्तौ सङ्कोचोऽनुचित

---

**સર્વ કર્મના અભાવે જેમને પોતાના સ્વભાવની પ્રાપ્તિ થઈ છે, તેવા સમ્યગ્જ્ઞાનરૂપ પરમાત્માને નમસ્કાર થાઓ.** ॥૧॥

**સર્વ કર્મનો** = જ્ઞાનાવરણીય વગેરે સર્વ કાર્મણ-વર્ગણાની અંતર્ભૂત એવા સ્વસંબદ્ધ = આત્મા સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલ પુદ્ગલદ્રવ્યનો, **અભાવ થતા** = પોતાની સાથેના સંબંધથી વિશિષ્ટરૂપે વિનાશ થતા.

**શંકા** - મૂળકારે સામાન્યથી અભાવ કહ્યો છે. તેની વ્યાખ્યા તમે 'વિશિષ્ટ વિનાશ' એવી કરો છો. પણ જો કોઈ બાધક ન હોય, તો સામાન્ય અભાવના વચનમાં સંકોચ કરવો ઉચિત નથી.

**સમાધાન** - એવો ન્યાય છે કે જે વિદ્યમાન હોય એનો ત્રણ કાળમાં કદી પણ સર્વથા અભાવ ન થાય. આ જ ન્યાય સામાન્ય અભાવનો બાધક છે. આ રીતે

इति वाच्यम्, नाभावो विद्यते सत इतिन्यायस्याभावसामान्य-बाधकस्य सद्भावात्, तथा च प्रकृतोऽभाव आत्मप्रदेशा-त्परिशटनरूप एव पर्यवस्यतीति । **यस्य स्वयम्** - आयासान्तरमन्तरेणैव, **स्वभावाप्तिः** - आत्मलक्षणाधिगमः, यथा हि स्फटिके नैर्मल्यसम्पादनायोपाध्यपगमप्रयोजकाया-समन्तरेणान्यत्किमपि कर्तव्यं नावशिष्यते, तदपगमे स्वत एव तत्स्वभावाविर्भावयोगात्, एवं कृत्स्नकर्माभाव आत्मनोऽपि स्वयमेव स्वभावसम्प्राप्तिरिति हृदयम् ।

---

પ્રસ્તુત અભાવ આત્મપ્રદેશોથી કર્મોના ખરી પડવારૂપ જ પર્યવસિત થાય છે. અર્થાત્ કર્મો કાંઈ નિરન્વય નાશ નથી પામતા પણ આત્મપ્રદેશોથી છુટ્ટા પડી જાય છે, એ જ કર્મોનો અભાવ છે. **જેમને સ્વયં** = અન્ય પ્રયાસ વિના જ, **સ્વભાવ પ્રાપ્તિ** = આત્મસ્વરૂપનો લાભ થયો છે. જેમ સ્ફટિકમાં નિર્મળતા લાવવા માટે માત્ર રંગીન વસ્તુરૂપ ઉપાધિ દૂર કરવાનો પ્રયત્ન કરવો પડે, એ સિવાય બીજું કાંઈ કરવાની જરૂર નથી. કારણ કે ઉપાધિ દૂર જતી રહે, પછી પોતાની મેળે જ સ્ફટિકનો સ્વભાવ પ્રગટ થાય છે. એ જ રીતે સર્વ કર્મોનો અભાવ થાય ત્યારે પોતાની મેળે જ આત્માને સ્વભાવની પ્રાપ્તિ થાય છે, એવો અહીં અભિપ્રાય છે.

**तस्मै**-स्वभावसमलङ्कृताय, अत एव **सञ्ज्ञानरूपाय**-सच्चिल्लक्षणाय, अत एव **परमात्मने** - स्वभावाविर्भाव-प्रयुक्तपारम्यपरिपूर्णाय, **नमोऽस्तु** - भक्तिप्रणामः स्तात् ॥१॥

ननु च स्वो भावः स्वभाव इति नास्य प्राप्तिर्युज्यते, अप्राप्तस्य तद्दर्शनात्, अन्यथा प्राक् स्वभावविकलस्य वन्ध्यापुत्रादिसादृश्यप्रसक्तेश्चेति चेत् ? अत्राह -

---

**તેવા** = સ્વભાવથી વિભૂષિત એવા, માટે જ **સમ્યક્જ્ઞાનરૂપ** એવા, માટે જ **પરમાત્માને** = સ્વભાવના પ્રાગટ્યથી થયેલી ઉત્કૃષ્ટતાથી પરિપૂર્ણને, **નમસ્કાર થાઓ** = ભક્તિથી પ્રણામ હોજો. ॥૧॥

**શંકા** - પોતાનો ભાવ = સ્વભાવ. આવી વ્યુત્પત્તિ હોવાથી તેની પ્રાપ્તિની વાત કરવી ઉચિત નથી. કારણ કે એવું દેખાય છે, કે જે પ્રાપ્ત ન હોય, એની જ પ્રાપ્તિ થાય છે. પોતાનો ભાવ તો પહેલાથી વિદ્યમાન જ હોય છે. જો આમ ન માનો, તો જે પહેલા સ્વભાવરહિત હોય તે વંધ્યાપુત્ર, આકાશકુસુમ વગેરેની સમાન થઈ જાય, એવી આપત્તિ પણ આવે છે.

**સમાધાન** - ગ્રંથકારશ્રી આ જ શંકાનું નિરાકરણ કરી રહ્યા છે -

**योग्योपादानभेदेन दृषदः स्वर्णता मता ।**
**द्रव्यादिस्वादिसम्पत्ता-वात्मनोऽप्यात्मता मता ॥२॥**

**दृषदः** - शिलाप्रायत्वेनावस्थितस्य जात्यकाञ्चनस्य, **योग्योपादानभेदेन** - स्वशुद्धपर्यायप्रादुर्भावानुगुणोपादानाधिगम-प्रकारेण, **स्वर्णता**-हिरण्यत्वम्, **मता**- शिष्टानामिष्टा, यथाभि-हितम्-दाहादिभ्यः समलममलं स्यात्सुवर्णं सुवर्णम् - इति (लोकतत्त्वनिर्णये १७), एवमेव **द्रव्यादयः** - योग्यद्रव्यक्षेत्र-

---

**યોગ્ય ઉપાદાનભેદથી શિલાનું સુવર્ણત્વ મનાયું છે. (તેમ) દ્રવ્યાદિથી સ્વાદિની સંપત્તિ થતા આત્માનું પણ આત્મપણું મનાયું છે. ॥૨॥**

**પથ્થરનું** = શિલા જેવી અવસ્થામાં રહેલા ઉત્તમ જાતના સુવર્ણનું, **યોગ્ય ઉપાદાન ભેદથી** = પોતાના શુદ્ધ પર્યાયના પ્રાકટ્યને અનુકૂળ એવા ઉપાદાનની પ્રાપ્તિના પ્રકારથી, **સુવર્ણત્વ** = સોનાપણું, **મનાયું છે** = શિષ્ટ પુરુષોને ઈષ્ટ છે. અર્થાત્ આ રીતે સુવર્ણ એ સુવર્ણ બને છે, એમ શિષ્ટપુરુષો માને છે. જેમકે કહ્યું છે કે - મલિન સુવર્ણ દાહ વગેરેની પ્રક્રિયાથી નિર્મળ સુવર્ણ બને છે. (લોકતત્ત્વનિર્ણય ૧૭) એ જ રીતે **દ્રવ્ય વગેરે** = યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ઉપાદાનભૂત એવા દ્રવ્યાદિથી, **સ્વાદિની**

कालभावाः, तेभ्य उपादानभूतेभ्यः, **स्वादेः** - स्वभावादेः, आदिना स्वभावसहभाविनामनन्तगुणानां ग्रहः, **सम्पत्तौ** - अवाप्त्यां सत्याम्, **आत्मनोऽप्यात्मता** - शुद्धात्मभावः, **मता** - विदुषामिष्टा, इत्थञ्च तत्तत्पर्यायाविर्भाव एवात्र प्राप्तिपदेनोच्यत इति नोक्तदोषावकाशः ।

ननु च तथाऽपीदं व्याहतं यत् सुवर्णेन सुवर्णत्व-

---

= સ્વભાવ વગેરેની. અહીં વગેરેથી સ્વભાવના સહભાવી એવા અનંત ગુણોનું ગ્રહણ સમજવું. **સંપત્તિ થતા** = પ્રાપ્તિ થતા, **આત્માનું પણ આત્મપણું** = શુદ્ધ આત્મપણું, **મનાયું છે** = વિદ્વાનોને અભિમત છે. આ રીતે તે તે પર્યાયનો આવિષ્કાર જ અહીં 'પ્રાપ્તિ' પદથી કહેવાય છે. માટે તમે કહેલા દોષનો અવકાશ નથી.

**શંકા** - પણ તો ય 'સુવર્ણે સુવર્ણપણું મેળવ્યું' એમ કહેવામાં પૂર્વાપર વિરોધદોષ નથી ?

**સમાધાન** - ના, કારણ કે જે પહેલા મેલરૂપી કલંકથી કલંકિત હતું તેવા સુવર્ણે સુવર્ણપણું = સારા વર્ણથી યુક્તપણું મેળવ્યું, એવું પ્રત્યક્ષસિદ્ધ છે. માટે જ આ જ વ્યુત્પત્તિની અપેક્ષાએ શબ્દનયના અભિપ્રાયથી તો તેમાં પૂર્વે સુવર્ણપણું પણ ન જ હતું. માટે તેની પ્રાપ્તિ થવામાં કોઈ અસંગતિ નથી.

मधिगतमिति चेत् ? न, काञ्चनस्य प्राङ् मलकलङ्ककलङ्कित-स्योत्तरकालं सुवर्णत्वस्य शोभनवर्णत्वस्याधिगतेः प्रत्यक्ष-सिद्धत्वात्, अत एव शब्दनयाशयेन तु प्राक् सुवर्णत्वमपि तस्य नासीदेवेति तदधिगतौ न काऽप्यसङ्गतिः । न चात्मनस्तु प्रागप्यात्मत्वमेवेति दृष्टान्तवैषम्यमिति वाच्यम्, अतति शुद्धज्ञान-दर्शनपर्यायान् गच्छतीत्यात्मनिरुक्तेः स्वभावाप्त्यनन्तरमेव घट्यमानत्वात्, भावप्राणप्रयुक्तजीवनस्यैव परमार्थजीवनार्थ-त्वाच्च, यदाह-इन्द्रियाणि बलं श्वासोच्छ्वासो ह्यायुस्तथा परम् ।

---

**શંકા** - ઠીક છે, પણ આત્મા તો પૂર્વે પણ આત્મા જ હતો, માટે સુવર્ણનું દૃષ્ટાંત અહીં બંધબેસતું નથી.

**સમાધાન** - ના, જે શુદ્ધ જ્ઞાન-દર્શન પર્યાયોને પામે છે તે આત્મા. એવી 'આત્મ'પદની નિરુક્તિ સ્વભાવની પ્રાપ્તિ પછી જ ઘટે છે, પૂર્વે ઘટતી નથી. માટે આત્મા પણ પૂર્વે આત્મા (= શુદ્ધ આત્મા) ન હતો. પછી તેણે આત્મપણું મેળવ્યું, એ રીતે પ્રસ્તુતમાં પણ ઘટતું હોવાથી, સુવર્ણનું દૃષ્ટાંત સંગત જ છે.

વળી ભાવપ્રાણથી જે જીવન જીવાય એ જ વાસ્તવિક જીવન છે, માટે પણ ખરો જીવ (આત્મા) તો સ્વભાવની પ્રાપ્તિ પછી જ ઘટી શકે. કારણ કે કહ્યું છે કે - ઈન્દ્રિયો, બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય આ રીતે દ્રવ્યપ્રાણો

द्रव्यप्राणाश्चतुर्भेदाः, पर्यायाः पुद्गलाश्रिताः ॥ भिन्नास्ते ह्यात्मनोऽत्यन्तं तदेतैर्नास्ति जीवनम् । ज्ञानवीर्यसदाश्वास-नित्यस्थितिविकारिभिः ॥ एतत्प्रकृतिभूताभिः, शाश्वतीभिस्तु शक्तिभिः । जीवत्यात्मा सदेत्येषा, शुद्धद्रव्यनयस्थितिः ॥ जीवो जीवति न प्राणै-र्विना तैरेव जीवति । इदं चित्रं चरित्रं के हन्त पर्यनुयुञ्जताम् ? - इति (अध्यात्मसारे १८/५५-५८)।

---

ચાર પ્રકારના છે, અને તેઓ પુદ્ગલના પર્યાયો જ છે. તેઓ આત્માથી અત્યંત ભિન્ન છે. તેથી તેમનાથી 'જીવન' સંગત થતું નથી. તેઓ તો જ્ઞાન-વીર્ય-નિત્યજીવન અને નિત્ય સ્થિતિ આ આત્માના ગુણોમાં વિકાર ઉત્પન્ન કરે છે. આ જ્ઞાનાદિના સ્વભાવભૂત એવી શાશ્વત શક્તિઓ દ્વારા આત્મા સદા જીવે છે, એવી શુદ્ધ દ્રવ્યનયની સ્થિતિ (માન્યતા) છે. જીવ (દ્રવ્ય) પ્રાણથી નહીં, પણ તેના વિના જ જીવે છે, આ વિચિત્ર ચરિત્રની કોણ પૃચ્છા કરે ? (આશય એ છે કે વાસ્તવિક જીવન તો દ્રવ્યપ્રાણોનો વિયોગ થાય ત્યારે સિદ્ધદશામાં જ ઘટે છે. માટે જીવ પ્રાણોથી નહીં પણ પ્રાણો વિના જ જીવે છે). (અધ્યાત્મસાર ૧૮/૫૫-૫૮)

द्रव्याद्यसम्पत्तौ तु शुद्धात्मलाभसम्भवाभावः, तत्सम्पत्ति-प्रतिपालनमेव च कर्तव्यतयावशिष्यते, तस्मिन्नवस्थाविशेषे यदुचितं तद्धेतुगर्भितप्रतिवस्तूपमया दर्शयन्नाह -

**वरं व्रतैः पदं दैवं नाव्रतैर्बत नारकम् ।**
**छायातपस्थयोर्भेदः प्रतिपालयतोर्महान् ॥३॥**

**व्रतैः** - प्राणातिपातादिविरमणात्मकैः, हेतुभूतैरिति गम्यते, **दैवं पदम्** - देवसम्बन्धि स्थानं सुरलोक इति यावत्,

---

જ્યારે યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પ્રાપ્તિ ન થઈ હોય, ત્યારે શુદ્ધ આત્માની પ્રાપ્તિ થવી સંભવિત નથી. અને એ સમયે શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય તેની રાહ જ જોવી પડે છે. અથવા તો યોગ્ય દ્રવ્યાદિની પ્રાપ્તિ થાય તેની રાહ જ જોવી પડે છે. તે અવસ્થામાં જે ઉચિત છે, તેને હેતુ સાથે પ્રતિવસ્તુ ઉપમાથી દર્શાવતા કહે છે -

**વ્રતો દ્વારા દિવ્ય સ્થાન મળે તે સારું છે, પણ અવ્રતો દ્વારા નરકનું સ્થાન મળે તે સારું નથી. છાયા અને તડકામાં ઉભેલી બે રાહ જોતી વ્યક્તિઓ વચ્ચે મોટો તફાવત છે. ॥૩॥**

**વ્રતોથી** = પ્રાણાતિપાત, મૃષાવાદ, વગેરેથી વિરમણ રૂપ હેતુઓથી, **દિવ્ય સ્થાન** = દેવોનું સ્થાન દેવલોક,

समधिगतमिति शेषः, **वरम्** - वक्ष्यमाणपदापेक्षया सुन्दरतरम्, किन्तु **अव्रतैः** - प्राणातिपातादिभिः, **नारकम्** - नरक-सम्बन्धि पदं **न** वरम् । **बत** वाक्यालङ्कारे ।

ननु च शुद्धात्मस्वभावलाभविरहस्योभयत्र तुल्यत्वेन कथमुक्तो भेदः सङ्गतिमङ्गतीति चेत् ? अत्राह - कयोश्चिद् द्वयोः किञ्चिद्यानाद्यर्थं **प्रतिपालयतोः**, किंविशिष्टयोरित्याह - **छायातपस्थयोः** - वृक्षादिमूलस्थितिप्रयुक्तशैत्यसंह्लादशालि - तरुणोष्णकरकरप्राप्यपदावस्थानहेतुकसन्तापावसीदतोः, **महान्**

---

મેળવવો **સારો છે** = હવે જે સ્થાન કહેવાશે તેની અપેક્ષાએ બહેતર છે. પણ **અવ્રતોથી** = પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે દ્વારા, **નારક** = નરકસંબંધી સ્થાન સારું **નથી.**

**શંકા** - પણ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ તો તે એકે ય સ્થાનમાં નથી. તો પછી આ સારું ને આ નહીં, એવો ભેદ શી રીતે સંગત થાય ?

**સમાધાન** - કોઈ બે જણ હોય, તેઓ વાહન વગેરે માટે રાહ જોતાં હોય, કેવા બે ? તે કહે છે - **છાયા અને તડકામાં રહેલા,** બે જણમાં = એક જણ ઝાડ, છાપરાં વગેરેની નીચે ઊભો છે. તેથી તે શીતળતાથી આનંદિત થયેલો છે. જ્યારે બીજો તો યુવાન સૂર્યના કિરણોથી પામી શકાય, (= મધ્યાહ્નના તડકાનો સ્પર્શ થાય) તેવા

**भेदः**, एष च व्याख्यासिद्धः, अत्रोपनयः सुगमः, उक्तं च – वरं वयतवेहिं सग्गो, मा दुक्खं होउ णिरइ इयरेहिं । छायातवट्ठियाणं पडिवालंताण गुरुभेयं – इति (मोक्षप्राभृते २५)

एतच्च व्रतप्रतिपत्तिविधौ प्रोत्साहनायैवोच्यते, न तु स्वर्गस्यैवोपादेयतासिद्ध्यर्थम्, वस्तुतः स्वर्गेऽपि सुखाभावात्, यथा चैतत्तत्त्वं तथा वक्ष्यते पुरस्तात् ।

---

સ્થાનમાં રહેવાથી થયેલા સંતાપથી સીદાય છે. તે બન્નેમાં, **મોટો તફાવત** છે. આ તફાવત તો ઉપરોક્ત વ્યાખ્યાથી જ સિદ્ધ છે. અહીં ઉપનય સુગમ છે. કહ્યું પણ છે કે - વ્રત અને તપના આચરણો દ્વારા સ્વર્ગ મળે એ સારું છે. પણ અવ્રત અને સુખશીલતાના સેવનથી નરકનું દુઃખ મળે એ સારું નથી. જે બે છાયા અને તડકામાં ઊભા રહીને રાહ જુએ છે, તે બે વચ્ચે મોટો ભેદ છે. (મોક્ષપ્રાભૃત ૨૫)

આ વાત વ્રતના સ્વીકાર માટે પ્રોત્સાહન આપવા માટે જ કહેવાય છે. સ્વર્ગ જ ઉપાદેય છે, એવું સિદ્ધ કરવા માટે નથી કહ્યું. કારણ કે હકીકતમાં તો સ્વર્ગમાં પણ સુખ નથી. આ તત્ત્વ જે રીતે રહેલું છે, તે રીતે આગળ કહેવાશે.

ननु च दुरनुष्ठेयानि व्रतानीति प्रोक्तफलसंशये कस्तानि विदध्यादिति चेत् ? न, फलस्य सुनिश्चितत्वेन संशय-गन्धस्याप्यभावात्, एतदेव निदर्शयति –

**यत्र भावः शिवं दत्ते द्यौः कियद्दूरवर्तिनी ? ।**
**यो नयत्याशु गव्यूतिं क्रघेशार्धे किं स सीदति ? ॥४॥**

**यत्र** श्रामण्यपरिणामविशेषे **भावः** – व्यवस्थितिः, **शिवम्** – मोक्षं **दत्ते** – तथासामर्थ्येण हेलयैव वितरति, तदुक्तम्–भावत्थवेण पावइ अंतोमुहुत्तेण णिव्वाणं – इति

---

**શંકા** - વ્રતોનું પાલન કરવું તો દુષ્કર હોય છે. માટે જ્યાં સુધી તમે કહેલા (સ્વર્ગરૂપી) ફળમાં શંકા હશે, ત્યાં સુધી કોણ વ્રતાચરણ કરશે ?

**સમાધાન** - વ્રતોનું ફળ તો સારી રીતે નિશ્ચિત છે. માટે તેમાં સંશયનો કોઈ અવકાશ નથી. એ જ વાત ઉદાહરણ સાથે જણાવે છે -

**જ્યાં ભાવ મોક્ષ આપે છે, ત્યાં સ્વર્ગ કેટલો દૂર છે ? જે શીઘ્રતાથી ગાઉ સુધી લઈ જાય છે, તે શું અડધા કોશમાં સીદાય ? ॥૪॥**

**જેમાં** = શ્રામણ્યના પરિણામવિશેષમાં **ભાવ** = સારી રીતે પ્રતિષ્ઠિતપણું, **શિવ** = મોક્ષ, **આપે છે** = તેવા પ્રકારના સામર્થ્યથી રમતવારમાં દઈ દે છે, તે કહ્યું પણ

(सम्बोधसप्तत्याम्-४६), तत्र भावे सति **द्यौः**-विबुधवसतिः, **कियद्दूरवर्तिनी ?** सविधैव सेति भावः । एतदेव दृष्टान्तेन स्पष्टयति - **यः** कश्चिद्यानविशेषः, **आशु** - अविलम्बितमेव, **गव्यूतिम्** - अन्यूनं क्रोशं यावत्, **नयति** - पथिकं प्रापयति, **स किं क्रोशार्धे सीदति ?** समर्थस्य तदसम्भवान्नैव सीदतीत्याशयः । उपनयस्तूदित एव, तथा चोक्तम् - एगदिवसं पि जीवो पवज्जमुवागओ अनन्नमणो । जइ वि न पावइ मोक्खं अवस्स वेमाणिओ होइ - इति (उपदेश-

---

છે - ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં નિર્વાણ પામે છે. (સંબોધ સપ્તતિ-૪૬) તેમાં ભાવ હોય ત્યારે **સ્વર્ગ** = દેવલોક **કેટલો દૂર છે ?**, અર્થાત્ તે નજીક જ છે. આ જ વાતને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. **જે** કોઈ વાહનવિશેષ, **શીઘ્રતાથી** = વિલંબ વિના જ, **ગાઉં સુધી** = પૂરા કોશ સુધી **લઈ જાય છે** = મુસાફરને પહોંચાડે છે **તે શું અડધા કોશમાં સીદાય ?**, સમર્થ એવું તે વાહન સીદાય એ અસંભવિત હોવાથી ન જ સીદાય, એવો અહીં આશય છે. અહીં જે ઉપનય છે, તે કહ્યો જ છે. તે મુજબ કહ્યું પણ છે - એક દિવસ પણ જે જીવ એકાગ્ર મને પ્રવ્રજ્યાનું પાલન કરે છે, તે (આયુષ્યક્ષયથી તે જ દિવસે કાળ કરીને) જો મોક્ષે ન જાય, તો પણ વૈમાનિક દેવ તો અવશ્ય થાય છે.

मालायाम् ९०) अन्यत्रापि - यस्य क्षणोऽपि सुरधामसुखानि पल्य-कोटिर्नृणां द्विनवतिमधिकां ददाति । किं हारयस्यधम ! संयमजीवितं त-द्धा हा ! प्रमत्त ! पुनरस्य कुतस्तवाप्तिः ? - इति (अध्यात्मकल्पद्रुमे १३-५६)

अथालं दृष्टसुखवञ्चनाहेतुना व्रतानुष्ठानेन, अज्ञातसुखत्वात्सुरलोकस्येति चेत् ? न, तत्सुखस्य शास्त्रादिसिद्धत्वात्, तथा च -

**हृषीकजमनातङ्कं दीर्घकालोपलालितम् ।**
**नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव ॥५॥**

---

(ઉપદેશમાલા-૯૦). અન્યત્ર પણ કહ્યું છે કે - જેની ક્ષણ (=અંતર્મુહૂર્ત) પણ મનુષ્યોને સાધિક ૯૨ પલ્યોપમ દેવલોકના સુખો આપે છે, તે સંયમજીવનને તું કેમ હારી જાય છે ? ઓ અધમ ! પ્રમાદી ! હાય, તને આ જીવન ફરીથી ક્યાંથી મળશે ? (અધ્યાત્મકલ્પદ્રુમ ૧૩-૫૬)

**શંકા** - જેનાથી પ્રત્યક્ષ સુખથી વંચિત થઈ જવાય, એવા વ્રતાચરણનું શું કામ છે ? કારણ કે સ્વર્ગનું સુખ તો જોયું-જાણ્યું નથી.

**સમાધાન** - ના, કારણ કે સ્વર્ગનું સુખ શાસ્ત્ર, અવધિજ્ઞાન વગેરેથી સિદ્ધ છે. તે આ રીતે -

**ઈન્દ્રિયજનિત, રોગરહિત, દીર્ઘકાળ સુધી સેવેલ એવું**

**हृषीकजम्**-सर्वेन्द्रियेष्टविषयसंयोगसमुत्पन्नम्, **अनातङ्कम्**-रोगादिबाधाविरहितम्, **दीर्घकालोपलालितम्**-दशवर्षसहस्र-प्रभृतित्रयस्त्रिंशत्सागरोपमपर्यन्तसुचिराध्वानुपालनपरिपुष्टम्, **नाके** - सुरालये, **नाकौकसाम्** - स्वर्गवसतीनां देवानामिति यावत्, **सौख्यम्** - उक्तविशेषणविसरविशिष्टं सुखम् ।

ननु नेदृशं सुखमननुभूतत्वेन स्पष्टतया प्रतीतिपथम-वतरतीत्युपमैव काचिदभिधीयतां तस्येत्यत्रानन्वया-

---

**દેવલોકમાં દેવોનું સુખ દેવલોકમાં દેવોના સુખ જેવું છે. ॥૫॥**

**ઈન્દ્રિયજનિત** = સર્વ ઈન્દ્રિયોના ઈષ્ટવિષયના સંયોગથી ઉત્પન્ન થયેલું, **અનાતંક** = રોગ વગેરે બાધાઓથી રહિત, **દીર્ઘકાળ સુધી ઉપલાલિત** = દશ હજાર વર્ષથી માંડીને તેત્રીશ સાગરોપમ સુધીના ચિરકાળના અનુપાલનથી અત્યંત પુષ્ટ થયેલ, એવું **સ્વર્ગમાં** = દેવલોકમાં **દેવલોકના નિવાસીઓનું** = સુરોનું, **સૌખ્ય** = હમણા કહેલા વિશેષણોથી વિશિષ્ટ એવું સુખ.

**શંકા** - આવું સુખ તો અમે અનુભવ્યું નથી, માટે એ સ્પષ્ટરૂપે સમજાતું નથી. માટે એની કોઈ ઉપમા જ કહી દો ને ?

**સમાધાન** - ગ્રંથકારશ્રી અનન્વય અલંકારથી એનો

लङ्कारेणोत्तरयति - **नाके नाकौकसामिवे**ति, सुरसौख्यस्य स्वमात्रसदृशतया स्वोपमत्वमेव वस्तुत इत्याशयः ।

यद्येवम्, तर्हि कृतं निर्वाणार्थितया, स्वर्ग एव परमोपादेयोऽस्त्विति चेत् ? अत्राह -

**वासनामात्रमेवैतत् सुखं दुःखं च देहिनाम् ।**
**तथा ह्युद्वेजयन्त्येते भोगा रोगा इवापदि ॥६॥**

**देहिनामेतत्** - अनुभवगम्यमनन्तरदर्शितं च बुद्धि-

---

ઉત્તર આપે છે - **સ્વર્ગમાં દેવોના સુખની જેમ** દેવોનું સુખ તેમના સુખ જેવું જ છે. માટે વાસ્તવમાં તેને પોતાની જ ઉપમા આપી શકાય. એવો અહીં આશય છે.

**પૂર્વપક્ષ** - જો એવું હોય તો અમારે મુમુક્ષુ નથી થવું, સ્વર્ગ જ પરમ ઉપાદેય હો.

**સમાધાન** - ગ્રંથકારશ્રી તમને જ દિશાસૂચન કરી રહ્યા છે -

**આ સુખ અને દુઃખ એ જીવોની વાસના જ છે. તે આ પ્રમાણે - આપત્તિમાં ભોગો રોગોની જેમ ઉદ્વેગ આપે છે. ॥૬॥**

જીવોનું **આ** = અનુભવથી જણાતું અને હમણા જે કહ્યું તે (દેવલોકનું સુખ), બુદ્ધિને પ્રત્યક્ષ. ('આ' એવો નિર્દેશ પ્રત્યક્ષ વસ્તુને આશ્રીને જ કરી શકાય. દેવલોકનું

प्रत्यक्षम्, **सुखं दुःखं च वासनामात्रमेव** - परमार्थस्थिति-शून्यत्वेनाभिमानि-कमेव, तथा चोक्तम् - एकस्य विषयो यः स्यात्, स्वाभिप्रायेण पुष्टिकृत् । अन्यस्य द्वेष्यतामेति, स एव मतिभेदतः - इति (अध्यात्मसारे ९-४) । ननु पुरुषभेदत एवैतत् सङ्गतिमङ्गति, तस्यैव पुरुषस्य तु स विषयः सुखकृदेवेति कथं सुखादेः परमार्थस्थितिशून्यतेति चेत् ? न, कालभेदेन समानाधिकरणकासमानाभिप्रायोपलम्भात्, एतदेव

---

સુખ આમ તો પરોક્ષ છે, પણ હમણા જણાવ્યું હોવાથી બુદ્ધિને પ્રત્યક્ષ છે.) **સુખ અને દુઃખ વાસનામાત્ર જ છે** = તે વાસ્તવિક રીતે છે જ નહીં, માટે મનનું માનેલું જ છે. કહ્યું પણ છે કે - પોતાના અભિપ્રાયથી એકને જે વિષય પુષ્ટિકારક લાગે છે=પ્રિય લાગે છે, તે જ વિષય બીજાને અભિપ્રાયભેદથી દ્વેષપાત્ર બને છે. (અધ્યાત્મસાર ૯-૪)

**પૂર્વપક્ષ** - આ વાત તો પુરુષભેદથી જ સંગત થાય છે. તે જ પુરુષને તો તે વિષય સુખકારક જ છે. તો પછી સુખ અને દુઃખ વાસ્તવમાં છે જ નહીં, એવું કેમ કહી શકાય ?

**ઉત્તરપક્ષ** - 'તે જ પુરુષને તે વિષય સુખકારક જ છે' - એવું જે તમે કહ્યું તે ઉચિત નથી. કારણ કે કાળભેદથી એક જ પુરુષ એક જ વિષયમાં વિરુદ્ધ

व्यक्तं व्याचष्टे - **तथाहि आपदि** - पुत्रमरणादिविपत्काले, **भोगाः**-मनोज्ञशब्दाद्युपनतयः, **रोगा इव** - कुष्ठज्वरा-दिव्याधिवत्, **उद्वेजयन्ति** - मर्मवेधसदृशव्यथामुत्पादयन्ति ।

ननु यद्युपदर्शितरीत्या परमार्थतः सुखादिविरहः, तदा कथं तत्प्रतीतिरित्यत्राह -

**मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि ।**
**मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः ॥७॥**

---

અભિપ્રાય ધરાવતો હોય, એવું પણ જોવા મળે છે. આ જ વાતને સ્પષ્ટપણે કહે છે - **તે આ મુજબ** - **આપત્તિમાં** = પુત્રનું મરણ વગેરે થયું હોય એવી વિપત્તિના સમયે, **ભોગો** = સુંદર શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ, **રોગોની જેમ** = કોઢ, તાવ વગેરે વ્યાધિઓની જેમ, **ઉદ્વેગ આપે છે** = મર્મ વીંધવા જેવી વ્યથા ઉત્પન્ન કરે છે.

**શંકા** - જો તમે કહેલ રીતે હકીકતમાં સુખ અને દુઃખ હોય જ નહીં, તો પછી તેની પ્રતીતિ શી રીતે થાય છે ?

**સમાધાન** -

**મોહથી ઢંકાયેલું જ્ઞાન સ્વરૂપને પામી શકતું નથી. જેમ મદનકોદ્રવથી ઉન્મત્ત થયેલો પુરુષ પદાર્થોનું (સ્વરૂપ જાણી શકતો નથી). ॥૭॥**

**हि:** - यत:, **मोहेन** - अतत्तदभिनिवेशेन, **संवृतम्** - तिरोभूतम्, **ज्ञानम्** - यथार्थावबोध:, **स्वभावं न लभते** - वस्तुस्वरूपाऽऽकलनसाधनतालक्षणस्वरूपलाभं न प्राप्नोति, अत्रार्थे निदर्शनमाह - **यथा मदनकोद्रवै:** - उन्मादोत्पादनानुगुणकोद्रवै:, **मत्त: पुमान् पदार्थानाम्** - पुर: स्थितानामपि जनन्यादीनाम्, **स्वभावं न लभते**, यथाभिहितं मद्यपानमधिकृत्य - पापा: कादम्बरीपानविवशीकृतचेतस: । जननीं हा

---

**હિ** = કારણ કે, **મોહથી** = જે જે નથી, તેમાં તેનાં કદાગ્રહથી, **ઢંકાયેલું** = આવરણ પામેલું, **જ્ઞાન** = યથાર્થ અવબોધ, **સ્વભાવને પામતું નથી** = વસ્તુસ્વરૂપને જાણવારૂપ પોતાના સ્વરૂપને પામી શકતું નથી. આ વિષયમાં દૃષ્ટાંત આપે છે. **જેમ મદનકોદ્રવોથી** = જેઓ ઉન્માદ ઉપજાવી શકે તેવા કોદ્રવો (ધાન્યવિશેષ) થી, **ઉન્મત્ત** થયેલો **પુરુષ પદાર્થોનું** = સામે રહેલા પણ માતા વગેરેના સ્વભાવને પામી શકતો નથી.

જેમકે મદિરાપાન કરનારાઓને અનુલક્ષીને કહ્યું છે - મદિરાના પાનથી જેમનું મન કાબુમાં નથી રહ્યું, તેવા પાપીઓ માતા પ્રત્યે પત્ની સાથે કરાય તેવું આચરણ કરે છે અને પત્ની પ્રત્યે માતા સાથે કરાય તેવું આચરણ કરે છે. (યોગશાસ્ત્ર ૩-૯)

प्रियीयन्ति जननीयन्ति च प्रियाम् - इति (योगशास्त्रे ३-९)

यद्वा **स्वभाव**मिति यथार्थाभिज्ञानात्मकमात्मस्वरूपमित्यर्थः । उपनयस्तूक्त एव । मोहसंवरणमेव स्पष्टयन्नाह -

**वपुर्गृहं धनं दारा पुत्रा मित्राणि शत्रवः ।**
**सर्वथाऽन्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते ॥८॥**

**मूढः** - मोहसंवृतसञ्ज्ञानः, **सर्वथाऽन्यस्वभावानि** - स्वतोऽत्यन्तपृथक्स्वरूपाण्यपि **वपु**रादीनि **स्वानि** - आत्मीयानीमानीति **प्रपद्यते** - अभिमन्यते । सर्वथाऽन्य-

---

અથવા તો **સ્વભાવને** = યથાર્થ અભિજ્ઞાન = ઓળખરૂપ કે જાણવારૂપ એવા આત્મસ્વરૂપને એવો અર્થ પણ થઈ શકે. અહીં ઉપનય તો કહ્યો જ છે. મોહથી જ્ઞાન ઢંકાઈ જાય છે, એ જ વાતને સ્પષ્ટ કરતા કહે છે -

**શરીર, ઘર, ધન, પત્ની, પુત્રો, મિત્રો, શત્રુઓ આ બધા સર્વથા અન્ય સ્વભાવના હોવા છતાં પણ મૂઢ જીવ તેમને પોતાના સમજે છે. ॥૮॥**

**મૂઢ** = મોહથી જેનું સમ્યક્જ્ઞાન ઢંકાઈ ગયું છે તે, **સર્વથા અન્ય સ્વભાવવાળા** = પોતાનાથી અત્યંત ભિન્ન સ્વરૂપવાળા, એવા પણ **શરીર** વગેરેને **સ્વકીય** = 'આ મારા છે' એમ **સ્વીકારે છે** = માને છે.

શરીર વગેરે સર્વથા અન્ય સ્વભાવવાળા છે. તેનું

स्वभावोऽप्येषां पुद्गलमयत्वेनाज्ञत्वात्, तथा चावोचाम - वैधर्म्यं यत्र तद् भिन्नं पृथिव्या गगनं यथा । ज्ञस्वभावोऽज्ञकात्तस्माद्, भिन्नोऽस्मि पुद्गलादहम् - इति (शमोपनिषदि ५-४), यथाहुर्न्यायविशारदाः - पुद्गलानां गुणो मूर्ति-रात्मा ज्ञानगुणः पुनः । पुद्गलेभ्यस्ततो भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः - इति (अध्यात्मसारे १८-४८)

ननु च कलत्रादेर्पुद्गलमयत्वविरहान्न तत्रान्यस्वभावता

---

કારણ એ છે કે શરીરાદિ પુદ્ગલમય હોવાથી અજ્ઞ છે. તે પ્રમાણે અમે કહ્યું છે કે - જેમાં ગુણોની વિસદૃશતા છે, તે ભિન્ન છે. જેમકે ધરતીથી આકાશ. હું જ્ઞાની સ્વરૂપી છું, માટે અજ્ઞાની એવા પુદ્ગલથી ભિન્ન છું.

(ધરતીમાં વર્ણાદિ ગુણો છે, આકાશમાં અમૂર્તતાદિ ગુણો છે. આમ તે બન્નેના ગુણો ભિન્ન હોવાથી તે બન્ને ભિન્ન છે. તે રીતે આત્મા અને પુદ્ગલના ગુણો પણ ભિન્ન છે. માટે તે બન્ને ભિન્ન છે.) (શમોપનિષદ્ ૫-૪) જેમ કે ન્યાયવિશારદ શ્રીમહોપાધ્યાયજીએ પણ કહ્યું છે કે - પુદ્ગલોનો ગુણ મૂર્તત્વ છે અને આત્માનો ગુણ જ્ઞાન છે, માટે જિનેશ્વરોએ આત્મદ્રવ્યને પુદ્ગલથી ભિન્ન કહ્યું છે. (અધ્યાત્મસાર ૧૮-૪૮)

**શંકા** - પત્ની વગેરે તો પુદ્ગલમય નથી. માટે

युज्यत इति चेत् ? न, तत्सम्बन्धस्य देहाश्रितत्वेन तत्तत्त्वानतिक्रमात् ।

नन्वस्तु कलत्रादिदेहानामन्यस्वभावता, तदात्मनां तु सा दुर्घटैवेति चेत् ? न, स्वो भावः स्वभाव इति व्युत्पत्त्या तेष्वपि तदनपायात्, परस्वत्वायोगात्, स्वान्यसर्वतो व्यावृत्तिमन्तरेण स्वरूपलाभस्यैवानुपपत्तेश्च । न चैवं

---

તેમનામાં અન્ય સ્વભાવતા સંગત નથી થતી ને ?

**સમાધાન** - ના, કારણ કે પતિ-પત્ની વગેરેનો જે સંબંધ છે, એ શરીરાશ્રિત છે. શરીર એ પુદ્ગલમય છે. માટે પત્ની વગેરેમાં પણ અન્ય સ્વભાવતા રહેલી જ છે.

**શંકા** :- પત્ની વગેરેના શરીરો અન્યસ્વભાવી ભલે હોય, તેમના આત્માઓ તો અન્યસ્વભાવી નથી જ ને ?

**સમાધાન** - એવી વ્યુત્પત્તિ છે કે પોતાનો જે ભાવ તે સ્વભાવ. માટે પત્ની વગેરે પણ સ્વથી ભિન્ન હોવાથી તેમાં અન્ય સ્વભાવતા રહેલી જ છે. કારણ કે જે પર = અન્ય છે, એનામાં સ્વપણું ન રહી શકે. વળી પોતાનાથી અન્ય એવા બધા પદાર્થોથી જે વ્યાવૃત્ત ન હોય, તે વસ્તુનો સ્વરૂપલાભ જ ન ઘટી શકે. (જેમ કે ઘટ એ જો પટ-કટ વગેરેથી વ્યાવૃત્ત નથી તો એ ઘટરૂપે ઘટી ન શકે. અરે, એક ઘટ જો બીજા ઘટથી વ્યાવૃત્ત નથી, તો

ज्ञव्यावृत्तस्याज्ञत्वप्रसङ्गो दुर्निवार इति वाच्यम्, ज्ञत्वेना-व्यावृत्तेष्वपि प्रोक्तनियामकप्रयुक्तव्यावृत्त्यनपायात्, अन्यथा-भिहितविधया स्वरूपहानिप्रसक्तेर्वज्रलेपायमानत्वादिति सूक्ष्म-मीक्षणीयम् ।

---

૫ તેનું સ્વરૂપ - સ્વતંત્ર અસ્તિત્વ ઉત્પન્ન ન થાય.)

**પૂર્વપક્ષ** - સરસ, તો પછી જે જ્ઞપણાથી વ્યાવૃત્ત છે, તે અજ્ઞ બની જાય એવી આપત્તિનું નિવારણ મુશ્કેલ બનશે.

આશય એ છે કે જે આત્માને પત્નીથી વ્યાવૃત્ત કરવા પ્રયત્ન કરશો તે અજ્ઞ બની જશે. કારણ કે પત્ની એ જ્ઞ (જ્ઞાની) છે. જ્ઞાનીથી વ્યાવૃત્ત તે જ થઈ શકે કે જે જ્ઞાની ન હોય = અજ્ઞાની હોય = જડ હોય. બોલો, છે કાંઈ ખુલાસો ?

**ઉત્તરપક્ષ** - જરૂર છે. 'જ્ઞપણાથી' વ્યાવૃત્તિ અમે માની જ નથી. અમે તો પૂર્વે કહ્યું તેમ 'અન્યત્વેન' વ્યાવૃત્તિ જ માની છે. જે બે વ્યક્તિ 'જ્ઞત્વેન' વ્યાવૃત્ત નથી, તેમનામાં પણ અન્યત્વેન વ્યાવૃત્તિ તો છે જ. જો કે તમને તો અન્યત્વેન વ્યાવૃત્તિ પણ ગમતી નથી. પણ એને સ્વીકાર્યા વિના પૂર્વે કહ્યું તેમ સ્વરૂપની હાનિ (પોતાનું અસ્તિત્વ જ ન રહેવું તે) થવાની આપત્તિ વજ્રના લેપની જેમ રહેલી છે. એ સૂક્ષ્મદૃષ્ટિથી જોવું જોઈએ.

अथेत्थमपि कथञ्चिद्व्यावृत्तेरेवोपपादितत्वेन सर्वथा व्यावृत्त्युक्तिः प्लवत इति चेत् ? न, स्याद्वादिवचस्य-नुक्तस्यापि स्यात्कारस्याभ्यूह्यत्वेन सर्वथोक्तेरपि दर्शितरीत्यैव

---

**પૂર્વપક્ષ** - ઠીક છે, પણ આ રીતે તમે કથંચિત્ વ્યાવૃત્તિ જ સિદ્ધ કરી છે = બધી રીતે વ્યાવૃત્તિ નથી, પણ અન્યત્વથી જ વ્યાવૃત્તિ છે એવું સિદ્ધ કર્યું છે. માટે મૂળ શ્લોકમાં સર્વથા અન્ય સ્વભાવવાળા = સર્વથા વ્યાવૃત્તિવાળા એવું જે કહ્યું છે, તે ઘટતું નથી.

**ઉત્તરપક્ષ** - જ્યાં કથંચિત્પણું નથી, સર્વથાપણું જ છે, તે એકાંતવાદ છે, એવા એકાંતવાદને સ્યાદ્વાદમાં સ્થાન નથી. સ્યાદ્વાદીને કદી એવું કહેવાનો આશય હોય જ નહીં. માટે સ્યાદ્વાદીના વચનમાં સ્યાત્કાર = કથંચિત્પણું = અમુક અપેક્ષાથી એવું ન કહ્યું હોય, તો પણ તે સમજી લેવાનું હોય છે. જેમ કે કોઈ સ્યાદ્વાદી એમ કહે કે 'આ મારા પપ્પા જ છે' ત્યારે પણ તેનો આશય એ જ હોય છે, કે આ ભવમાં = આ ભવની અપેક્ષાએ આ મારા પપ્પા છે. આ રીતે સ્યાદ્વાદીનો 'જ'કાર પણ અમુક અપેક્ષાએ હોય છે. તે રીતે અહીં 'સર્વથા' એવું કહ્યું તે પણ અમે કહેલી અપેક્ષાથી જ સમજવાનું છે. જો એમ ન માનો, એકાંતે અન્યસ્વભાવ = સર્વથા = બધી રીતે

समाधातुमुचितत्वात्, एकान्ताश्रयणेऽज्ञत्वापत्त्यादिदोषध्रौव्यादिति दिक् ।

अथास्तु कथञ्चिद् भिन्नस्वभावता कलत्रादेः, तथापि स्वसम्बन्धित्वेन तत्र ममत्वानतिवृत्तिरुचितैवेति । मैवम्, पारमार्थिकसम्बन्धस्याभावात्, स्वस्वप्रयोजनाधीनत्वेनोपराग-प्रायत्वात्, एतदेवोदाहरति -

**दिग्देशेभ्यः खगा एत्य संवसन्ति नगे नगे ।**
**स्वस्वकार्यवशाद्यान्ति देशे दिक्षु प्रगे प्रगे ॥९॥**

---

અન્ય સ્વભાવ માનો, તો જેમ તમે આપત્તિ આપી તે રીતે જ્ઞત્વથી પણ વ્યાવૃત્તિ થતા અજ્ઞ = જડ થઈ જવાની આપત્તિ વગેરે દોષ નિશ્ચિત 'જ' છે.

**પૂર્વપક્ષ** - ભલે પત્ની વગેરે 'કથંચિત્' ભિન્ન સ્વભાવવાળા હોય, પણ તેઓ પોતાના સંબંધી છે, તેથી તેમના પ્રત્યે મમત્વ ભાવ રહે, એ ઉચિત જ છે.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે તેઓની સાથે વાસ્તવિક સંબંધ જ નથી. જે વ્યવહાર દેખાય છે, એ તો પોત પોતાના સ્વાર્થને આધીન છે. આ જ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. -

**દિશાઓ અને પ્રદેશોમાંથી પંખીઓ આવીને વૃક્ષ વૃક્ષ પર વસે છે, અને પોતપોતાના કાર્યથી સવારે સવારે પ્રદેશમાં**

न गच्छतीति **नगः** - वृक्षः, **नगे नगे** प्रतिवृक्षम्, **प्रगे प्रगे**- प्रतिप्रभातम्, शिष्टं स्पष्टम् । एवं स्वजन संयोगोऽप्यनित्य इत्युपनयः सुगमः, उक्तं च - जह संझाए सउणाण संगमो जह पहे अ पहियाणं । सयणाणं संजोगो तहेव खणभंगुरो जीव । - इति (वैराग्यशतके ३८) । अतः स्वजनसम्बन्ध-स्यापि वस्तुतो विकल्पमात्रविग्रहत्वेन न तेष्वपि ममत्वभावो न्याय्यः ।

---

**અને દિશાઓમાં જાય છે. ॥૯॥**

જે ગમન કરતું નથી તે **નગ** = વૃક્ષ, **નગે નગે** = પ્રત્યેક વૃક્ષમાં, **પ્રગે પ્રગે** = પ્રત્યેક પ્રભાતે. બાકીનું સ્પષ્ટ છે.

આ રીતે સ્વજનોનો સંયોગ પણ અનિત્ય છે, એવો અહીં ઉપનય સહેલાઈથી સમજાય એવો છે. કહ્યું પણ છે કે - જેમ પંખીઓનો સંયોગ છે અને જેમ રસ્તામાં મુસાફરોનો સંગમ છે, તે જ રીતે હે જીવ ! સ્વજનોના સંયોગો પણ ક્ષણભંગુર છે. (વૈરાગ્યશતક ૩૮) માટે સ્વજનો સાથેનો સંબંધ પણ હકીકતમાં મનનો માનેલો જ છે. એ સિવાય સંબંધ જેવી કોઈ વસ્તુ જ નથી. માટે સ્વજનો પ્રત્યે મમત્વભાવ રાખવો ઉચિત નથી.

**પૂર્વપક્ષ** - ભલે ને સ્વજનો સાથેનો સંબંધ અસ્થિર

स्यादेतत्, अस्थिरत्वेऽपि स्वजनसम्बन्धस्य परस्परोपग्रहानुगृहीततया दुस्त्यागमेव तन्ममत्वमिति चेत् ? न, अन्यत्र भवदुःखत्राणं वास्तवोपकारविरहात्, तत्प्रतीत्य चासमर्थतया निरुपकारित्वानतिशायित्वात्स्वजनानां नैवैतेषूचितं ममत्वम्, अन्वाह च - त्रातुं न शक्या भवदुःखतो ये, त्वया न ये त्वामपि पातुमीशाः । ममत्वमेतेषु दधन्मुधाऽऽत्मन् ! पदे पदे किं शुचमेषि मूढ ! - इति (अध्यात्मकल्पद्रुमे-१-३३)

---

હોય, તો પણ પરસ્પરના ઉપકારથી તેઓ અનુગૃહીત થયા હોય છે. માટે તેમના પરનું મમત્વ છોડવું મુશ્કેલ જ છે.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે સંસારદુઃખથી રક્ષણ કરવું એ જ ખરો ઉપકાર છે. એ સિવાય કોઈ વાસ્તવિક ઉપકાર છે જ નહીં. કારણ કે બીજા ઉપકારથી કોઈનું એકાંતિક આત્યંતિક કલ્યાણ થતું નથી. દીકરો અમેરિકાથી ૫ લાખ રૂપિયા મોકલે, પણ જો પિતાની નરકગતિ દૂર ન કરી શકે, તો એ પાંચ લાખ શું કામના ? સ્વજનો અસમર્થ હોવાથી નિરુપકારી જ છે. માટે તેમના પ્રત્યે મમત્વ રાખવું ઉચિત નથી. કહ્યું પણ છે કે - જેઓ તને સંસારદુઃખથી બચાવવા સમર્થ નથી, અને તું જેમને બચાવવા સમર્થ નથી. તેમના પર વ્યર્થ મમત્વ રાખીને હે મૂઢ આત્મા ! તું ડગલે ને પગલે

इतश्च तेषु ममत्वं हेयम्, अनन्तशो वध्यघातकभाव-गोचरीभूतत्वात्, यदाहुः - याँश्च शोचसि गता किमिमे मे, स्नेहला इति धिया विधुरात्मन् ! तैर्भवेषु निहतस्त्वमनन्तेष्वेव तेऽपि निहता भवता च - इति (अध्यात्मकल्पद्रुमे १-३२)

ननु यद्येतेऽनन्तशोः मद्वधविधातारस्तर्ह्यलं ममत्वेन, कोप एवैषु कर्तव्य इति चेत् ? अत्राह -

---

શોક કેમ પામે છે ?

(અધ્યાત્મકલ્પદ્રુમ ૧-૩૩)

સ્વજનમમત્વનો ત્યાગ કરવો જોઈએ, તેનું બીજું કારણ એ છે કે તેઓ અનંતવાર વધ્ય અને ઘાતક બન્યા છે. કહ્યું પણ છે - 'અરે ! આ મારા સ્નેહીઓ કેમ જતાં રહ્યા' એવું માનીને તું વિવશ થઈને જેમનો શોક કરે છે, હે આત્મા ! તેઓએ અનંત જન્મોમાં તારો વધ કર્યો હતો અને તે પણ અનંત જન્મોમાં તેમનો વધ કર્યો હતો.

(અધ્યાત્મકલ્પદ્રુમ ૧-૩૨)

**પૂર્વપક્ષ** - જો તેમણે અનંતવાર મારો વધ કર્યો હોય, તો મમત્વથી સર્યું, એમના પર તો ક્રોધ જ કરવો જોઈએ.

**ઉત્તરપક્ષ** - ગ્રંથકારશ્રી આ જ બાબતમાં અનુશાસન કરી રહ્યા છે -

**विराधकः कथं हन्त जनाय परिकुप्यति ? ।**
**त्र्यङ्गुलं पातयन् पद्भ्यां स्वयं दण्डेन पात्यते ॥१०॥**

**हन्त** इति न्याय्याश्रयान्याय्यभावदर्शनावबोधप्रभवो विस्मयखेदसंवलितोद्गारः, यथा चैतत्तत्त्वं तथाऽनन्तरमेव स्फुटीभविष्यति, **विराधकः** - प्राक्काले स्वयं हननादि-हेतुकविराधनाकृत्, **जनाय** - स्वकृतहननादिक्रियाकाल-बद्धासातवेदनीयाद्यशुभकर्मोदयप्रेरितत्वेन साम्प्रतं स्वप्रतिकूल-

---

**જે વિરાધક છે તે (બીજા) જણ પ્રત્યે કેમ કુપિત થાય છે ? જે પગોથી ત્ર્યંગુલને પાડે છે, તે પોતે દંડથી પાડવામાં આવે છે. ॥૧૦॥**

**હંત !** = ઉચિત સ્થાનમાં અનુચિત ભાવના દર્શનની જાણથી થયેલો, વિસ્મય અને ખેદથી મિશ્રિત ઉદ્ગાર છે. જે રીતે આ સ્વરૂપ રહેલું છે, તે હમણાં જ સ્પષ્ટ થશે.

**વિરાધક** = પૂર્વ કાળમાં પોતે જ હિંસા વગેરે દ્વારા વિરાધના કરનાર. **જન પ્રત્યે** = પોતે કરેલી હિંસા વગેરેની ક્રિયાના કાળે જે અસાતા વેદનીય વગેરે અશુભ કર્મ બાંધ્યું હતું. તેનો ઉદય થતાં તે કર્મોદયથી પ્રેરિત થઈને વર્તમાનમાં પોતાનું પ્રતિકૂળ કરનાર એવી પૂર્વે પોતે જેને

प्रवृत्ताय प्रागहतायापरस्मैवा लोकाय, **कथं कुप्यति ?** धर्मनीत्या प्रतिकूलकृत उपकारित्वात्, लोकनीत्या च कृतप्रतिकृतस्य न्याय्यत्वानतिक्रमान्न तस्मै कोपो युज्यत इत्यभिप्रायः । किञ्च नादत्तं लभ्यते क्वचिदिति यत्किञ्चित्प्राप्तिरेव स्वयोनिपिशुनेति कथं तज्ज्ञापितत्वेनावगतस्वकृतविराधनस्य तत एव कोपः सङ्गतिमङ्गतीति चिन्त्यम्, स्मर्तव्यं चात्र पारमर्षम्-

---

હણી હતી તે કે અન્ય વ્યક્તિ પ્રત્યે, **કેમ કુપિત થાય છે?** ધર્મનીતિથી જે પ્રતિકૂળ કરે તે ઉપકારી છે. અને લોકનીતિથી પોતે તેના પ્રત્યે જે કર્યું તેવું તે પોતાના પ્રત્યે કરે, એ ન્યાયસંગત છે. માટે બન્ને ય રીતે તેના પ્રત્યે ક્રોધ કરવો ઉચિત નથી. એવો અહીં અભિપ્રાય છે.

વળી - જે આપ્યું ન હોય એ કદી મળતું નથી. માટે જે મળે છે એ જ પોતાનું કારણ બતાવી આપે છે. જેમ કે કો'કે પોતાને લાફો માર્યો એ જ સૂચવે છે, કે પોતે તેને કે કો'કને લાફો માર્યો હતો.

આ રીતે તેના દ્વારા પોતાને જાણવા મળવાથી, પોતે કરેલી વિરાધના (હિંસાદિ) જેણે જાણી છે, એ તેનાથી જ = વિરાધનાના જ્ઞાપકથી જ ગુસ્સે થઈ જાય, એ કેવી રીતે સંગત ઠરે ? એ વિચારવું જોઈએ. અહીં

सूदणं सूदइत्ताणं, निंदित्ता वि य निंदणं । अक्कोसइत्ता अक्कोसं णत्थि कम्मं णिरत्थकं-इति (ऋषिभाषिते ३०-५) तथा-कडाण कम्माण न मोक्खु अत्थि - इति (उत्तराध्ययने १३-१०)

एतदेव प्रतिवस्तूपमयाऽऽह-**पद्भ्याम्** स्वकीयचरणाभ्याम्, **त्र्यङ्गुलम्**-अङ्गुलित्रयाकारं पृथिवीखननादिकरणावयवविशेषम्, **पातयन्** - भूमिं प्रति नामयन्, **स्वयं दण्डेन पात्यते** - परपातनानुगुणप्रवृत्तिपरिणततया हस्तधार्यकाष्ठेन सहैवात्माऽपि

---

પરમર્ષિના વચનનું સ્મરણ કરવું જોઈએ - જે હિંસા કરે છે, તે પોતાની હિંસા પામે છે. જે નિંદા કરે છે, તેની નિંદા થાય છે, જે આક્રોશ કરે છે, તે આક્રોશ પામે છે, ખરેખર કોઈ ક્રિયા (કે ક્રિયાથી કરેલ કર્મબંધ) ફોગટ જતો નથી. (ઋષિભાષિત ૩૦-૫) તથા કરેલા કર્મોથી (ભોગવ્યા વિના) છૂટકારો મળતો નથી. (ઉત્તરાધ્યયન ૧૩-૧૦)

આ જ વસ્તુને પ્રતિવસ્તુ ઉપમાથી કહે છે -

**પગોથી** = પોતાના ચરણોથી, **ત્ર્યંગુલ** = ત્રણ આંગળીઓના આકારનું પૃથ્વીને ખોદવા વગેરે માટેના ઓજારનો અવયવવિશેષ, તેને **પાડતો** = ધરતી પ્રત્યે નમાવતો માણસ **પોતે દંડથી પતન પામે છે** = તે બીજાને પાડવાને અનુરૂપ એવી પ્રવૃત્તિમાં પરિણત થયો હોવાથી

पातमनुभवति, अत्रोपनयस्तूक्त एव ।

कदा पुनरेतद्दण्डपातानुपातपरम्परोपरमस्स्यात् ? किञ्चै-तत्परम्परासरित्सवितृ इत्यत्राह –

**रागद्वेषद्वयीदीर्घ – नेत्राकर्षणकर्मणा ।**
**अज्ञानात्सुचिरं जीवः, संसाराब्धौ भ्रमत्यसौ ॥११॥**

**रागः** – अभिष्वङ्गात्मकात्मपरिणामकालुष्यम्, **द्वेषः** – अप्रीतिनामात्मभावपूतिभावः, तयो**र्द्वयी** – युगलम्, तदेव **दीर्घनेत्रम्** – मन्थानभ्रमिप्रगुणोपकरणरूपा रज्जूः, तस्या य-

---

હાથમાં પકડવા યોગ્ય લાકડાની સાથે જ પોતે પણ પડે છે. અહીં ઉપનય તો કહ્યો જ છે.

આ દંડ ફરી ફરી પડે છે, આ પરંપરાનો અંત ક્યારે થાય અને આ પરંપરારૂપી સરિતાનું ઉદ્‌ગમસ્થાન શું છે ? એ કહે છે -

**રાગ અને દ્વેષ આ બે વલોણા માટેના મન્થાનદંડના દોરડા જેવા છે, એને ખેંચવાની ક્રિયાથી અજ્ઞાનથી જીવ અતિ ચિરકાળ સુધી સંસારસાગરમાં ભ્રમણ કરે છે. ॥૧૧॥**

**રાગ** = આસક્તિરૂપ આત્મપરિણામની કલુષતા, **દ્વેષ** = અપ્રીતિ નામનું આત્મસ્વરૂપનું અશુચિપણું, તે બેની **જોડી** એ જ **દીર્ઘનેત્ર** = વલોણું કરવા માટેના દંડને ફેરવવા માટે અનુકૂળ પડે એવા ઉપકરણરૂપ દોરડું છે.

**दाकर्षणकर्म** - क्रमशः सव्यापसव्यभागयोर्दण्डवेष्टनतन्मोक्ष-भावेन मन्थानभ्रमिप्रयोजिका प्रक्रिया, तेन, सन्ततमपि रागादि-भवानुगुणागुणाऽऽसेवनेनेति हृदयम्, एतदप्यात्मापायावहमनुष्ठानं कस्मादित्याह - **अज्ञानात्** - वस्तुस्वरूपसंवेदनप्रत्यूहकरण-प्रवणान्मोहात्, **असौ** - स्वसंवेदनप्रत्यक्षगोचरीभूतः, **जीवः** **सुचिरम्** - दीर्घकालं यावत्, **संसाराब्धौ** - भवावारपारे, **भ्रमति** - सततमपि संसरति, रागादेरेव मुक्तिप्रतिबन्धकत्वेन

---

તેને **ખેંચવાની જે ક્રિયા** = ડાબા અને જમણા ભાગને એવી રીતે ખેંચવામાં આવે કે એક ભાગ દંડ પર વીંટળાઈ જાય અને બીજા ભાગનો વળ છૂટી જાય.—આ રીતે થવાથી દંડ ગોળ-ગોળ ફરે. રાગ-દ્વેષને આ દોરડાની ઉપમા આપી જણાવ્યું છે કે સતત સંસારચક્રને અનુકૂળ એવા રાગાદિ દોષના સેવનથી જીવ સંસારમાં ભ્રમણ કરે છે. આવું આત્માને દુઃખ કરનારું કાર્ય પણ શેના કારણે કરે છે તે કહે છે - **અજ્ઞાનથી** = વસ્તુના સ્વરૂપના સંવેદનમાં વિઘ્ન કરવામાં નિપુણ એવા મોહથી **આ** = પોતાના સંવેદનથી પ્રત્યક્ષનો વિષય બનેલ એવો **જીવ** **દીર્ઘકાળ સુધી સંસારસાગરમાં ભ્રમણ કરે છે** = સતત એક પર્યાયમાંથી બીજા પર્યાયમાં - એક ગતિમાંથી બીજી ગતિમાં ભ્રમણ કરે છે.

तद्भावे भवभावस्यावश्यंभावित्वस्वाभाव्यात्, अत एव पारमर्षम् - को व न लभिज्ज मोक्खं राग-दोषा जइ न हुज्जा - इति (उपदेशमालायाम् १२९) ।

एतदेवोच्यते प्रकारान्तरेण परैरपि-चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् । तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते - इति एतदपि कथञ्चिदुपपद्यत एव, भावमनस आत्म-

---

કારણ કે રાગ વગેરે જ મુક્તિના પ્રતિબંધક છે, માટે રાગ વગેરે હોય તો સંસાર અવશ્ય હાજર જ હોય, એવો સંસારનો સ્વભાવ છે. માટે જ પરમર્ષિએ કહ્યું છે કે - જો રાગ-દ્વેષ ન હોય તો કોણ મોક્ષ ન પામે ? અર્થાત્ સર્વ જીવ સરળતાથી મોક્ષ પામી જાય. (ઉપદેશમાળા ૧૨૯)

આ જ વસ્તુને અન્ય પ્રકારથી જૈનેતરો પણ કહે છે - રાગાદિ ક્લેશથી વાસિત એવું ચિત્ત જ સંસાર છે અને રાગાદિ ક્લેશથી મુક્ત એવું મન જ મોક્ષ કહેવાય છે.

**પ્રશ્ન** - આ શ્લોક તો સિદ્ધક્ષેત્ર આદિ જૈન-સિદ્ધાન્તનો અપલાપ કરે છે. તેને તમારી વાતના સમર્થનમાં કેમ મૂકી શકાય ?

**ઉત્તર** - જો તથાવિધ અપલાપનો આશય ન હોય,

परिणामरूपत्वादिति दिक् ।

इत्थं भवाब्धिमध्ये बम्भ्रमणकृतो भविनो यद् भवति तदाह –

**विपद् भवपदावर्त्ते पदिकेवातिवाह्यते ।**
**यावत्तावद् भवन्त्यन्याः प्रचुरा विपदः पुनः ॥१२॥**

भवन्त्येवात्रापत्परम्परा इति **भवः** – संसारः, यदुक्तम् – संसारवर्त्यपि समुद्विजते विपद्भ्यो, यो नाम मूढमनसां

---

તો અમુક અપેક્ષાએ આ શ્લોક પણ સંગત થાય જ છે. કારણ કે ભાવમન એ આત્મપરિણામરૂપ છે. આ વિષયમાં ઘણી ગંભીર ચર્ચાનો અવકાશ છે. પણ પ્રસ્તુતમાં માત્ર દિશા બતાવી છે.

આ રીતે સંસારસાગરમાં અત્યંત ભ્રમણ કરતા જીવની સાથે જે ઘટના બને છે, તે કહે છે –

**સંસારરૂપી પદાવર્ત્તમાં નાના રસ્તાની જેમ જ્યાં સુધીમાં એક આપત્તિને પસાર કરવામાં આવે, ત્યાં સુધીમાં તો બીજી અનેક આપત્તિઓ આવી પડે છે. ॥૧૨॥**

જેમાં આપત્તિઓની પરંપરાઓ થાય જ છે, એનું નામ **સંસાર.** જે કહ્યું પણ છે કે – જે સંસારમાં રહેલી વ્યક્તિ પણ વિપત્તિઓથી કંટાળી જાય છે, તે તો મૂઢ મનવાળા જીવોમાં નક્કી પહેલા નંબરે આવે છે. જે જીવ

प्रथमः स नूनम् । अम्भोनिधौ निपतितेन शरीरभाजा, संसृज्यतां किमपरं सलिलं विहाय ? - इति । न चाब्धिजलयोरा-धाराधेयभावस्तादात्म्यं चेत्युभयम्, भवदुःखयोस्त्वाधाराधेयभाव एव, न तु तादात्म्यमिति विषम उदाहरणोपन्यास इति वाच्यम्, तस्यापि विद्यमानत्वात्, दुःखरूपत्वाद् भवस्य, न चैतत्

---

દરિયામાં પડે, એને વળી પાણી સિવાય બીજા શેનો સ્પર્શ થાય ? આશય એ છે કે જેમ દરિયામાં પાણી હોય જ એમ સંસારમાં પણ દુઃખો હોય જ.

**શંકા** - દરિયા અને પાણી વચ્ચે આધાર-આધેય ભાવ છે અને તાદાત્મ્યભાવ પણ છે. અર્થાત્ દરિયામાં પાણી છે એવું પણ છે અને દરિયો જ પાણી છે, એવું પણ છે. જ્યારે સંસાર અને દુઃખમાં તો આધાર-આધેય ભાવ જ છે. અર્થાત્ સંસારમાં દુઃખ છે, એવું છે, પણ સંસાર જ દુઃખ છે એવું નથી. માટે તમે આપેલું ઉદાહરણ બરાબર સંગત થતું નથી.

**સમાધાન** - આવી શંકા કરવી યોગ્ય નથી. કારણ કે સંસાર અને દુઃખ વચ્ચે તાદાત્મ્ય ભાવ પણ છે જ. કારણ કે સંસાર એ દુઃખરૂપ છે. આ વાત કાંઈ પોતાની બુદ્ધિથી જ નથી કહેવાતી.

**શંકા** - તો પછી શેના આધારે કહો છો ?

स्वमनीषिकयैवोच्यते, किं तर्हि ? उपनिबन्धनमप्यस्य पारमर्षम् भवे दुक्खरूवे - इति (पञ्चसूत्रे १) । सोऽयं भव एव **पदावर्त्तः** -पुनः पुनर्भवनशीलानामापदामास्पदम्, तस्मिन्, **पदिकेव**-अनतिदीर्घपदवीवत्, **यावद्** एका **विपद् अतिवाह्यते** - कृच्छ्रेण सहित्वा समाप्तिं नीयते, **तावत्पुनरन्याः** - अतिक्रान्तेतराः, **प्रचुराः**-गणयितुमधिसोढुं चाशक्याः, **विपदो भवन्ति**, किमेतद्वैशस्यबीजमिति चेत् ? तथाभवस्वभाव एवेति

---

**સમાધાન :** એમ કહેવાનું કારણ પરમર્ષિનું વચન પણ છે - સંસાર દુઃખરૂપ છે. (પંચસૂત્ર ૧)

તેવો આ સંસાર જ **પદાવર્ત્ત** છે = ફરી ફરી થવાના સ્વભાવવાળી આપત્તિઓનું સ્થાન છે. તેમાં **પદિકાની જેમ** બહુ લાંબા નહીં એવા રસ્તાની જેમ **જ્યાં સુધીમાં** એક **વિપત્તિને પસાર કરાય છે** = કષ્ટપૂર્વક સહન કરીને પૂરી કરાય છે, **ત્યાં સુધીમાં** તો **બીજી** = જેને પસાર કરી, તે સિવાયની **પુષ્કળ** = જેને ગણી ન શકાય અને સહી પણ ન શકાય એટલી **વિપત્તિઓ આવી પડે છે.**

**શંકા** - આવી ક્રૂરતાનું શું કારણ ?

**સમાધાન** - તેવા પ્રકારનો સંસારનો સ્વભાવ જ એમ સમજી લો.

**શંકા** - પણ એના પ્રતિકારનો ઉપાય શું ?

गृहाण । किञ्चास्यौषधमिति चेत् ? भवाभावापादनमन्तरेण न किञ्चित्, प्राणप्रकृत्योः सहगमनशीलत्वात्, उक्तं च – स्वभावो दुरतिक्रमः – इति । न हि विभावसुविध्यापनविधानादन्यत्र तच्छीतलीकरणाभियोगो युनक्ति साफल्येन, तथातत्स्वाभाव्यादिति प्रतीतम् ।

ननु च नैष एकान्त एकान्तकान्तः, विपद्विघटनविभोर्वित्तादेर्विद्यमानत्वादिति चेत् ? अत्राह –

---

**સમાધાન** - સંસારનો અંત કર્યા સિવાય બીજો કોઈ નહીં, કારણ કે પ્રાણ અને પ્રકૃતિનો એવો સ્વભાવ છે, કે તે બન્ને સાથે જ જાય છે. કહ્યું પણ છે કે - સ્વભાવને ઓળંગવો (ફેરવવો) એ ખૂબ મુશ્કેલ છે.

આગને બુઝાવી નાખવી, એ જ તેને ઠંડી કરવાનો ઉપાય છે, એ સિવાય તેને ઠંડી કરવાનો ઉપાય સફળ ન થઈ શકે. કારણ કે ઉષ્ણતા એ તેનો તેવા પ્રકારનો સ્વભાવ જ છે, એ બધા જાણે છે. એ જ રીતે પ્રસ્તુતમાં પણ સમજી શકાય.

**શંકા** - સંસારમાં દુઃખ જ હોય છે, એવો એકાંત રાખવો, એ એકાંતે સારો નથી. કારણ કે સંસારમાં જે વિપત્તિઓ આવે તેને દૂર કરવામાં સંપત્તિ વગેરે સમર્થ છે.

**दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना ।**
**स्वस्थम्मन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा ॥१३॥**

**दुरर्ज्येन** - देशान्तरगमनादिक्लेशसहस्रेणार्जयितुं शक्येन, **असुरक्ष्येण** - राजदायादाग्निचौरादिभ्यः सुखेन रक्षयितुमशक्येन, **नश्वरेण** - यथा तथाऽर्जितरक्षितत्वेऽपि विनाशशीलेन, तथा च पारमर्षम् - अग्गिसाहिए, चोरसाहिए, रायसाहिए,

---

**સમાધાન** - ગ્રંથકારશ્રી પોતે જ અહીં સમાધાન આપે છે -

**જેનું દુઃખપૂર્વક અર્જન કરાય છે, જેની રક્ષા કરવી સહેલી નથી, જે વિનશ્વર છે, એવા ધન વગેરેથી કોઈ જન પોતાને સ્વસ્થ માને છે. જેમ કોઈ તાવવાળી વ્યક્તિ ઘીથી પોતાને સ્વસ્થ માને. ॥૧૩॥**

ધન કમાવા માટે પરદેશગમન વગેરે હજાર ક્લેશોને સહન કરવા પડે છે. વળી ધન કમાયા પછી પણ રાજા, ભાગીદાર, આગ, ચોર વગેરેથી સહેલાઈથી તેનું રક્ષણ કરી શકાતું નથી. વળી ગમે તેમ કરીને ધનનું ઉપાર્જન અને રક્ષણ કરી લેવાય, તો ય તેનો નાશ પામવાનો સ્વભાવ જ છે.

પરમર્ષિએ પણ તે મુજબ કહ્યું છે, કે - ધન અગ્નિસાધ્ય છે (અગ્નિથી નષ્ટ થઈ શકે છે), ચોરસાધ્ય છે, રાજાસાધ્ય છે, મૃત્યુસાધ્ય છે, ભાગીદારસાધ્ય છે,

मच्चुसाहिए, दाइयसाहिए, अग्गिसामण्णे, चोरसामण्णे, रायसामण्णे, मच्चुसामण्णे, दाइयसामण्णे, अधुवे, अणितिए, असासए, पुव्विं वा पच्छा वा अवस्सविप्पजहियव्वे भविस्सइ - इति (व्याख्याप्रज्ञप्तौ श.-९ उ-३३)

इत्थञ्च-अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । आये दुःखं व्यये दुःखं, धिगर्थं दुःखभाजनम् - इत्यायातम् । तदेवंविधेन **धनादिना** - धनधान्यसुवर्णरूप्यकुप्यद्विपद-चतुष्पदादिना, **कोऽपि** ग्रहिलप्रायो **जनः**, आत्मानं स्वस्थं

---

અગ્નિસામાન્ય છે, ચોર સામાન્ય છે. રાજ સામાન્ય છે, મૃત્યુ સામાન્ય છે. અર્થાત્ જેમ મારે ભોગવવા યોગ્ય છે, તેમ સમાનરૂપે અગ્નિ આદિને પણ ભોગવવા યોગ્ય છે. વળી અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે, પહેલા કે પછી અવશ્ય છોડી દેવાનું છે. (ભગવતીસૂત્ર શતક-૯, ઉદ્દેશ-૩૩)

આ રીતે ધનના ઉપાર્જનમાં પણ દુઃખ અને ઉપાર્જિત કરેલ ધનના રક્ષણમાં પણ દુઃખ, લાભમાં ય દુઃખ અને નુકશાનમાં પણ દુઃખ, આવા દુઃખના ભાજનરૂપ ધનને ધિક્કાર થાઓ - એ સુભાષિત સિદ્ધ થાય છે. આવા **ધન વગેરેથી** = ધન-ધાન્ય-સુવર્ણ-રૂપું-તાંબુ વગેરે ધાતુઓ-દાસ-દાસી-ગાય-ભેંસ-હાથી વગેરેથી **કોઈ** ગાંડા જેવો **માણસ પોતાની જાતને સ્વસ્થ માને છે** = હું સંપત્તિથી

मन्यत इति **स्वस्थम्मन्यः** - को नु मम वित्ताढ्यस्य विपद-वकाश इत्यभिमानकदर्थितः, अत्रार्थ उदाहरणमुपन्यस्यति - **ज्वरवान् सर्पिषा** - घृतेन **इव** । अयमाशयः, घृतं हि ज्वरिणोऽत्यन्तमपथ्यम्, अथ च कश्चिन्मूढमना ज्वरग्रस्तस्ते-नैवात्मानं स्वस्थं मन्येत, तदा किं वक्तव्यम् ? एवमेवोक्त-नीत्या वित्तेनैव विपदेकनिबन्धनेन यदि कश्चिदात्मानं विपद-विषयत्वेन कल्पयेत्तदा किमतोऽपि परमसमञ्जसम् ? सोऽयम् - असृजा क्षाल्यमानं किमसृग्दिग्धं विशुध्यति ? - इति न्यायाऽऽपातः । किञ्च -

---

સમૃદ્ધ છું, મારે વળી આપત્તિ શી રીતે આવી શકે એવા અભિમાનથી, તે કદર્થિત છે. આ અર્થમાં ઉદાહરણ કહે છે - **તાવવાળી** વ્યક્તિ **જેમ ઘીથી**. આશય એ છે કે ઘી એ તાવવાળી વ્યક્તિ માટે અત્યંત અપથ્ય છે. પણ જો કોઈ મૂઢ મનવાળી વ્યક્તિ તેનાથી જ પોતાને સ્વસ્થ માને, તો શું કહેવું ?

એ જ રીતે પૂર્વે કહ્યું તે મુજબ જે આપત્તિઓનું જ કારણ છે, એવા ધનથી જો કોઈ એવી કલ્પના કરે કે 'મને તો આપત્તિ આવી જ ન શકે', તો એનાથી વધુ વિચિત્રતા બીજી કંઈ હોઈ શકે ? જે લોહીથી ખરડાયેલું હોય, તેને શું લોહીથી ધોવાથી શુદ્ધ કરી શકાય ખરું ?

**विपत्तिमात्मनो मूढः, परेषामिव नेक्षते ।**
**दह्यमानमृगाकीर्ण-वनान्तरतरुस्थवत् ॥१४॥**

**मूढः**- निबिडमोहतिमिरावृतज्ञानविलोचनः स **परेषामिव** - स्वातिरिक्तविपद्विषण्णलोकवत्, **आत्मनो विपत्तिं नेक्षते** - नात्मानं सुसम्भाव्यमानविपत्तयाऽवलोकयति, मूढत्वादेव । भवत्येव मोहः स्मृतिविभ्रमापादनेन हिताहितविमर्शविरहाय,

---

- આ ન્યાય અહીં લાગુ પડે છે. ધન તો પોતે જ આપત્તિઓનું કારણ છે. તો એ આપત્તિઓને દૂર શી રીતે કરી શકે ? વળી -

**બળતા એવા પ્રાણીઓથી ભરેલા જંગલની અંદર ઝાડ પર રહેલ વ્યક્તિની જેમ મૂઢ જીવ બીજાની જેમ પોતાની આપત્તિ જોતો નથી. ॥૧૪॥**

**મૂઢ** = ગાઢ મોહરૂપી અંધકારથી જેના જ્ઞાનચક્ષુ આવૃત છે તેવો જીવ, તે **બીજાની જેમ** = પોતાની સિવાયના આપત્તિથી વિષાદ પામતા લોકોની જેમ, **પોતાની આપત્તિને જોતો નથી** = મને પણ આપત્તિ આવે એ સુસંભવિત છે, આ વસ્તુ નજરમાં લાવતો નથી, કારણ કે એ મૂઢ છે. મોહનો એવો સ્વભાવ જ છે કે એ સ્મૃતિમાં વિભ્રમ કરાવવા દ્વારા હિત-અહિતનો વિચાર કરવા દેતો નથી. બીજાઓએ પણ તે મુજબ કહ્યું છે -

तथोक्तं परैरपि–सम्मोहात्स्मृतिविभ्रमः–इति (भगवद्गीतायाम्) अत एव रागादिमध्येऽयमेव दुष्टतमः, तद्वत एवेतरोदयाच्च, तदुक्तम् – तेषां मोहः पापीयान् नामूढस्येतरोत्पत्तेः – इति (न्यायसूत्रम्) । अत्रार्थ उदाहरणमाह–**दह्यमाने**त्यादि। सुगमम्। किञ्च –

**आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं कालस्य निर्गमम् ।**
**वाञ्छतां धनिनामिष्टं जीवितात् सुतरां धनम् ॥१५॥**

---

સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે. - (ભગવદ્ગીતા)

માટે જ રાગ વગેરેમાં મોહ જ સૌથી મોટો દુષ્ટ છે. તેનું બીજું કારણ એ પણ છે કે જેનામાં મોહ હોય, તેનામાં જ રાગ વગેરે બીજા દોષો ઉત્પન્ન થાય છે. તે કહ્યું પણ છે તેમનામાં મોહ વધુ પાપી છે. કારણ કે જે મોહગ્રસ્ત નથી, એનામાં રાગાદિ દોષો ઉત્પન્ન થતા નથી. (ન્યાયસૂત્ર)

આ વસ્તુનું ઉદાહરણ આપ્યું કે જેમ દાવાનળમાં ઝાડ પર ચડેલી વ્યક્તિ જંગલના પ્રાણીઓને બળતા જોવે, અને એમ માને કે હું તો બળવાનો જ નથી, તો આવી માન્યતા એ તેની મૂઢતા છે. વળી -

**આયુષ્યનો ક્ષય અને (બજારભાવની) વૃદ્ધિનો ઉત્કર્ષ આ બેના કારણરૂપ કાળનિર્ગમને જે શ્રીમંતો ઈચ્છે છે,**

एतावान् कालो गच्छतु, यतो मत्सङ्गृहीतं भाण्डं महार्घ्यतामुपेयात्, इत्यभिसन्धिना कालनिर्गममिच्छतां धनिनां जीवितादपि धनमधिकं प्रियम्, यतः कालनिर्गमेण स्वभाण्ड-महार्घ्यता पाक्षिका, असंशयस्त्वायुःक्षय इति । उक्त भावार्थः, शब्दार्थस्तु निगदसिद्धः ।

ननु न वयमुपभोगार्थमेव धनमभिलषामः, किं तर्हि ?

---

**તેમને આયુષ્ય કરતાં પણ ધન વધારે પ્રિય છે. ॥૧૫॥**

આટલો સમય પસાર થઈ જાઓ, કે જેથી મેં જે માલસામાનનો સંગ્રહ કર્યો છે, એ ઘણો મોંઘો થઈ જાય, આવા આશયથી શ્રીમંતો કાળ પસાર થઈ જાય એવું ઈચ્છે છે. તેમને જીવન કરતા પણ ધન વધારે વ્હાલું છે, કારણ કે કાળ પસાર થઈ જવાથી પોતાનો માલ-સામાન તો મોંઘો થાય કે ન પણ થાય, પણ કાળ પસાર થવાથી આયુષ્યનો ક્ષય તો નિશ્ચિતપણે થવાનો જ છે. આ પ્રમાણે ભાવાર્થ કહ્યો, શબ્દાર્થ તો શ્લોકથી જ સ્પષ્ટ થઈ જાય છે.

**શંકા** - અરે, પણ અમે કાંઈ અમારા ઉપભોગ માટે જ ધનને ઈચ્છીએ છીએ એવું નથી.

**પ્રશ્ન** - તો બીજા શેના માટે ઈચ્છો છો ?

धर्मार्थमपि, ततश्च तदर्जनाभियोगोऽपि युक्त एव, उपादेयो-पायस्याप्युपादेयत्वानपायात्, अन्यथाऽसम्भवदुपादानतया तन्मात्रोच्छेदप्रसङ्गादिति चेत् ? अत्राह -

**त्यागाय श्रेयसे वित्त-मवित्तः सञ्चिनोति यः ।**
**स्वशरीरं स पङ्केन स्नास्यामीति विलिम्पति ॥१६॥**

निगदसिद्धः, तथोक्तं परैरपि-धर्मार्थं यस्य वित्तेहा,

---

**ઉત્તર** - ધર્મ માટે પણ ઈચ્છીએ છીએ. માટે ધન કમાવાનો પ્રયત્ન પણ ઉચિત જ છે. ધર્મ એ ઉપાદેય છે. ધર્મ કરવાનો ઉપાય છે ધન, માટે આ અપેક્ષાએ ધન પણ ઉપાદેય બને જ છે. જો આમ ન માનો તો ધર્મની આરાધના નહીં સંભવે અને ધર્મમાત્રનો ઉચ્છેદ થઈ જશે.

**સમાધાન** - ગ્રંથકારશ્રી આ જ વિષયમાં પ્રકાશ પાડી રહ્યા છે -

**જે નિર્ધન ત્યાગરૂપી કલ્યાણ કરવા માટે ધનસંચય કરે છે, તે 'હું નાહી લઈશ' એમ વિચારીને પોતાના શરીર પર કાદવથી વિલેપન કરે છે. ॥૧૬॥**

આ શ્લોક તેના શબ્દોથી જ સ્પષ્ટ છે. બીજાઓએ પણ તે પ્રમાણે કહ્યું છે, કે જેને ધર્મ માટે ધનની સ્પૃહા છે, તે તો નિઃસ્પૃહતા રાખે એ જ વધુ મહાન વાત છે. કાદવથી ખરડાઈને પછી પ્રક્ષાલન કરવું એના કરતા તો

तस्यानीहा गरीयसी । प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्- इति (अष्टकप्रकरणे ३०) । अन्यथाऽसम्भवोऽपि धर्मस्य दुरुक्तः, न हि धनमुपार्ज्योत्सृज्यमिति धर्मानुशासनम्, अपि तु मूर्च्छोत्सर्गः कर्त्तव्य इति । स च सद्द्रव्यसक्त्यपगमेनैव शक्य इति त्याज्य एव त्यागार्थार्थसञ्चयाऽऽग्रहः । इत्थमेवाकिञ्चनस्यापि त्यागोपपत्तिरपि, भावतस्तत्सद्भावसम्भवात् । नन्वेवम् - साहीणे चयइ भोए, से हु चाई त्ति वुच्चइ-

---

સ્પર્શ કર્યા વિના દૂર રહેવું, એ જ વધુ સારું છે. (અષ્ટક પ્રકરણ ૩૦)

વળી ધન વિના ધર્મ કરવો સંભવિત નથી, એવું જે કહ્યું, તે પણ સાચું નથી. કારણ કે એવો ધર્મોપદેશ નથી કે ધન કમાઈને તેનો ત્યાગ કરવો. પણ એવો ધર્મોપદેશ છે કે મૂર્ચ્છાનો ત્યાગ કરવો અને તે તો પોતાની પાસે જે ધન હોય (ઉપલક્ષણથી ન પણ હોય) તેના પરની આસક્તિના ત્યાગથી જ શક્ય છે. માટે ત્યાગ માટે પણ ધનનો સંચય કરવાનો આગ્રહ છોડી દેવો જોઈએ. વળી આ જ રીતે જેની પાસે કશું જ નથી, તેનો પણ ત્યાગ ધર્મ ઘટી શકે છે, કારણ કે ભાવથી તેની પાસે ત્યાગધર્મ હોઈ શકે છે.

**શંકા** - પણ આવું માનતા આગમવચનનો વિરોધ

(दशवैकालिके २-२) इत्यागमविरोध इति चेत् ? न, आशयासंवेदनात्, न ह्येतत् पारमर्षं भोगस्वाधीनतां सम्पाद्य पश्चात्ते त्यक्तव्या इत्युपदिशति, अपि त्वनादिसंसारेऽनन्तशोऽप्यकामेन भोगवञ्चितताऽनुभूता, न चाप्तं किञ्चित् कल्याणमिति तदिच्छुना सकामेनैव स्वाधीनभोगास्त्यक्तव्या इति । एतच्च-वत्थ गंधमलंकारं इत्थीओ सयणाणि य । अच्छंदा

---

આવશે. એ વચન છે - જે સ્વાધીન ભોગોનો ત્યાગ કરે છે, તે જ 'ત્યાગી' એમ કહેવાય છે. (દશવૈકાલિક ૨-૨)

**સમાધાન** - ના, એ વચન પાછળનો આશય તમે સમજ્યા નથી. પરમર્ષિનું આ વચન કાંઈ એવો ઉપદેશ નથી આપતું કે પહેલા ભોગોને સ્વાધીન કરવા, અને પછી તેમનો ત્યાગ કરવો. પણ એવું જણાવે છે કે અનાદિકાલીન સંસારમાં અનંત વાર ઈચ્છા વિના ભોગથી વંચિતપણું અનુભવ્યું છે. અર્થાત્ ન છૂટકે ભોગોથી વંચિત રહ્યા છીએ. પણ એનાથી કાંઈ આત્માનું કલ્યાણ પ્રાપ્ત થયું નથી. માટે જે સ્વાધીન ભોગો છે, તેમને પોતાની ઈચ્છાથી જ છોડી દેવા જોઈએ. આ વાત તો - વસ્ત્ર, સુગંધી દ્રવ્ય, ઘરેણા, સ્ત્રીઓ અને સ્વજનો આ બધાનો

जे न भुंजंति न से चाई त्ति वुच्चइ - (दसवैकालिके २-१) इति पूर्ववक्तव्येनैव स्पष्टम् । न च मूर्च्छोत्सर्ग एवोपदेशतात्पर्यत्वे स्वाधीनभोगत्यागस्याप्यनुपादेयत्वसिद्धौ त्यागमात्रोच्छेदप्रसक्तिरिति वाच्यम्, पोष्यवर्गाविरोधाद्यौचित्य-सचिवत्यागाभावस्य मूर्च्छाफलत्वेन मूर्च्छात्यागविधानेनैव तस्यापि विहितत्वात्, इत्थञ्चाऽऽपाद्यमानप्रसक्त्यप्रसङ्ग एवेत्यलं

---

જેઓ અનિચ્છાએ ઉપભોગ કરતા નથી, તેઓ કાંઈ ત્યાગી કહેવાતા નથી -આ પૂર્વના વક્તવ્યથી જ સ્પષ્ટ છે.

**શંકા** - પણ જો ઉપદેશનું તાત્પર્ય મૂર્ચ્છાનો જ ત્યાગ કરવાનું હોય, તો સ્વાધીન ભોગનો ત્યાગ પણ અનુપાદેય તરીકે સિદ્ધ થઈ જશે. પછી તો ત્યાગમાત્રનો (કોઈપણ જાતના બાહ્ય ત્યાગનો) ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે.

**સમાધાન** - ના, જે ત્યાગ કરવામાં પોષણીય કુટુંબ વગેરે વર્ગને બાધા ન પહોંચતી હોય, એવા પ્રકારના ઔચિત્યથી જે ત્યાગ યુક્ત હોય, એવો ત્યાગ પણ ન કરવામાં આવે તો તેવો ત્યાગાભાવ મૂર્ચ્છાનું ફળ છે. અર્થાત્ મૂર્ચ્છાને કારણે જ ઉચિત ત્યાગ થતો નથી. માટે શાસ્ત્રકારોએ 'મૂર્ચ્છાને છોડવી જોઈએ' એવું કહેવા દ્વારા જ 'ત્યાગ કરવો જોઈએ' એવું પણ કહ્યું જ છે. આ રીતે

प्रसङ्गेन ।

अथ मा भूत् धर्मार्थार्थसञ्चयः, कामार्थस्तु स स्यात्, तन्मूलत्वात्तस्य, ततश्च प्राणिमात्रप्रियकामसाधनमवाप्य धनं कः खलु सचेतनस्त्यागेन तन् मोघतां नयेदिति चेत् ? अत्राह-

**आरम्भे तापकान् प्राप्तावतृप्तिप्रतिपादकान् ।**
**अन्ते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ? ॥१७॥**

---

જેની આપત્તિ તમે આપો છો, તેનો પ્રસંગ આવતો જ નથી.

**પૂર્વપક્ષ** - ધર્મ માટે ધનનો સંચય ભલે ન કરે, કામ માટે તો કરે ને ? કારણ કે કામનું મૂળ છે ધન. ધન હોય તો જ કામભોગ સંભવી શકે. કામ તો જીવમાત્રને પ્રિય હોય છે. તેના ઉપાયરૂપ ધનને ત્યાગ દ્વારા વેડફી નાખે, એવો કયો બુદ્ધિશાળી હોય ?

**ઉત્તરપક્ષ** - ગ્રંથકારશ્રી જ આ પ્રશ્નનો જવાબ આપે છે -

**જેઓ શરૂઆતમાં સંતાપ આપે છે, મળ્યા પછી અતૃપ્તિ આપે છે અને અંતે જેમનો ત્યાગ કરવો ખૂબ મુશ્કેલ થઈ પડે છે, એવા કામોનું કયો ડાહ્યો માણસ અત્યંત સેવન કરે ? ॥૧૭॥**

**आरम्भे** - सस्पृहभावाऽऽदिभावत आरभ्य, **तापकान्** - औत्सुक्यातिरेकप्रयुक्तसन्तापाऽऽपादकान्, **कामान् कः सुधीः कामं सेवते ?** इत्यग्रे योगः, तथा **प्राप्तौ** - येन केनोपायेनाभिमतकामाधिगतौ सत्याम्, **अतृप्तिप्रतिपादकान्** - तृष्णादुःखाभिवृद्धिविचक्षणान्, **अन्ते** - कामसंयोगावच्छिन्न-कालस्य पर्यन्तभागे, **सुदुस्त्यजान्** - सुखेन त्यक्तुमत्यन्तम-शक्यान्, एवंविधान् **कामान्** - मनोज्ञशब्दादिगोचरान्, **कः सुधीः** - अनन्तरोदितकामस्वरूपसंवेदनपरिपूतप्रेक्षाः, **कामम्**

---

**શરૂઆતમાં** = જ્યારથી કામોની સ્પૃહા જાગે ત્યારથી માંડીને, **તાપ આપનારા** = ઉત્સુકતાના અતિરેક દ્વારા સંતાપ ઉપજાવનારા, એવા **કામોને** કયો ડાહ્યો માણસ ખૂબ સેવે, એમ આગળ અન્વય જોડવાનો છે. તથા **પ્રાપ્તિ થતા** = જે તે ઉપાયથી પણ ઈષ્ટ કામભોગ મળતા, **અતૃપ્તિનું પ્રતિપાદન કરનારા** = તૃષ્ણારૂપી દુઃખને વધારવામાં નિપુણ એવા, **અંતે** = જેટલા કાળમાં કામભોગનો સંયોગ હોય, કાળના તે ગાળાના છેલ્લા ભાગમાં, **સુદુસ્ત્યજ** = જેમને સુખેથી છોડવા ખૂબ મુશ્કેલ છે, આવા **કામોને** = સુંદર શબ્દ વગેરે વિષયોને, **કયો ડાહ્યો માણસ** = હમણા કહેલા કામના સ્વરૂપના જ્ઞાનથી પવિત્ર થયેલી મતિવાળો = કામભોગો સર્વદા દુઃખી કરનારા છે, એવું બરાબર

-भूयस्तरं यथा स्यात्तथा, **सेवते**-स्वभोगोपभोगविषयीकुरुते ? न कश्चिदित्यभिप्रायः, अनर्थसंशयस्यापि प्रवृत्तिप्रतिबन्धकत्वेन तन्निश्चये तत्सेवागन्धस्याप्यभावात् ।

ननु च कथं मनोरमानामपि कामानामीदृशमसमञ्जसं स्वरूपमिति चेत् ? तथावामस्वभावत्वात्तेषामिति गृहाण, उक्तं चान्यत्रापि - चिन्ता गते भवति साध्वसमन्तिकस्थे, मुक्ते तु

---

જાણનારો, **ખૂબ સેવે ?** = પોતાના ભોગ- ઉપભોગનો વિષય કરે ? આશય એ છે કે કામનું બિહામણું સ્વરૂપ જાણનાર કોઈ કામને ન સેવે. ડાહ્યા માણસને જે કાર્યમાં અનર્થ થવાની શંકા પણ હોય, તો તે કાર્ય તે ન કરે. આ રીતે અનર્થનો સંશય પણ પ્રવૃત્તિનો પ્રતિબંધક બને છે. તો પછી જ્યારે અનર્થનો નિશ્ચય જ થઈ ગયો હોય, ત્યારની તો શું વાત કરવી? તેના નિશ્ચયની દશામાં તો કામસેવનનો કોઈ અવકાશ જ નથી.

**શંકા** - કામભોગો તો કેટલા મનોરમ હોય છે ! તો પછી તેમનું સ્વરૂપ આટલું વિચિત્ર કેમ છે ?

**સમાધાન** - કામભોગનો સ્વભાવ જ તેવો વાંકો છે માટે. અન્યત્ર પણ કહ્યું છે કે, પ્રિય વસ્તુ દૂર જાય, તો ચિંતા થાય છે, નજીક હોય તો જતી રહેવાનો ભય લાગે છે, તેને છોડી દો તો સંતાપ વધી જાય છે, તેનો ભોગવટો

तप्तिरधिका रमितेऽप्यतृप्तिः । द्वेषोऽन्यभाजि वशवर्त्तिनि दग्धमानः, प्राप्तिः सुखस्य दयिते न कथञ्चिदस्ति-इति (उद्धृतमाचाराङ्गवृत्तौ) । एवं कामसकामभावमपास्येदानीम-ङ्गानुरागमपाकुर्वन्नाह -

**भवन्ति प्राप्य यत्सङ्गमशुचीनि शुचीन्यपि ।**
**स कायः सन्ततापायस्तदर्थं प्रार्थना वृथा ॥१८॥**

**यत्सङ्गम्** - यस्य बाह्यान्तरान्यतरावच्छेदेनापि संयोगम्, **प्राप्य** - विभूषाक्षुधोपशमादिप्रयोजनेनाधिगम्य, **शुचीन्यपि** -

---

કરો, તો ય તૃપ્તિ થતી નથી, એ વસ્તુ બીજા પાસે જતી રહે તો દ્વેષ થાય છે; એ વસ્તુ પોતાને વશ હોય તો અભિમાનથી સળગી ઉઠે છે... રે, પ્રિય વસ્તુ હોય તેનાથી કોઈ રીતે સુખ મળી શકતું નથી. (આચારાંગ-વૃત્તિમાંથી ઉદ્ધૃત)

આ રીતે કામની તૃષ્ણાને દૂર કરીને, હવે શરીરના રાગનું નિરાકરણ કરતા કહે છે -

જેનો સંગ પામીને પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે, તે કાયા સતત અપાયવાળી છે. તેના માટે પ્રાર્થના કરવી ફોગટ છે. ॥૧૮॥

**સંગને** = બહારથી કે અંદરથી જેના સંયોગને, **પામીને** = વિભૂષા, ભૂખશમન વગેરે પ્રયોજનથી

चन्दनगोक्षीरादीनि पवित्राण्यपि वस्तुनि, आस्तामेध्यानीत्यपिशब्दार्थः, तथादेहप्रकृतिवशात् **अशुचीनि भवन्ति** - प्रस्वेदगन्धगन्धिततामूत्रभूयादिकमुपगम्यापवित्राणि भवन्ति, यथाभिहितम् - अशितमुपस्करसंस्कृतमन्नं, जगति जुगुप्सां जनयति हन्नम् । पुंसवनं धैनवमपि लीढं, भवति विगर्हितमति जनमीढम्-इति (शान्तसुधारसे ६-७) । **सः** - अनन्तरोदितजुगुप्सनीयस्वरूपः, **कायः**- देहः, **सन्ततापायः**- अविरलरोगादिविकारविसरगोचरः, तथा चार्षम् - आहार-गंध-

---

મેળવીને, **પવિત્રો પણ** = ચંદન, ગાયનું દૂધ વગેરે પુનિત વસ્તુઓ પણ, અપવિત્ર વસ્તુની વાત તો જવા જ દો એવો 'પણ' શબ્દનો અર્થ છે. તેવા પ્રકારના શરીરના સ્વભાવને કારણે એવી પવિત્ર વસ્તુઓ પણ અશુચિ બને છે = પરસેવાની દુર્ગંધથી દુર્ગંધપણું, મૂત્રપણું વગેરે પામીને અપવિત્ર બને છે. જેમ કે કહ્યું છે કે - સારી રીતે વઘારાદિ કરીને રાંધેલા અન્નને પણ શરીર જુગુપ્સા ઉપજાવે તેવું કરે છે, એ તેનું વિષ્ટામાં રૂપાંતર કરી દે છે. અરે ગાયનું સરસ દૂધ પીધું હોય તે, પણ અત્યંત નિંદિત એવું મૂત્ર થઈ જાય છે. (શાંતસુધારસ ૬-૭) **તે** = હમણા કહેલા જુગુપ્સનીય સ્વરૂપવાળું, **શરીર** = દેહ, **સતત અપાયવાળો** છે = નિરંતર રોગો વગેરે વિકારોના સમૂહનો વિષય બને છે. ઋષિનું વચન પણ છે કે - જે આહાર,

मल्लाइएहिं सुयलंकिओ सुपुट्ठोवि देहो न सुई न थिरो विहडइ सहसा कुमित्तु व्व - इति (पुष्पमालायाम् ३९४) । तथा चागमः - माणुस्सगं सरीरं दुक्खाययणं विविहवाहिसय-संनिकेतं, अट्ठियकट्ठुट्ठियं, छिराण्हारूजालओणद्धसंपिणद्धं, मट्टियभंडं व दुब्बलं, असुइसंकिलिट्ठं, अणिट्ठवियसव्वकाल-संठप्पयं जराकुणिमजज्जरघरं व सडण-पडणविद्धंसणधम्मं, पुव्विं वा पच्छा वा अवस्सविप्पजहियव्वं भविस्सइ - इति (व्याख्याप्रज्ञप्तौ श. ९ उ. ३३) अतस्**तदर्थम्** -

---

સુગંધી દ્રવ્યો, માલ્ય વગેરેથી સારી રીતે વિભૂષિત અને સારી રીતે પુષ્ટ કરાયો હોય તેવો પણ દેહ પવિત્ર પણ નથી અને સ્થિર પણ નથી. ખરાબ મિત્રની જેમ તે ક્ષણવારમાં વીફરી જાય છે. (પુષ્પમાળા ૩૯૪) આગમમાં પણ કહ્યું છે કે - મનુષ્યનું શરીર દુઃખોનું ઘર છે. અનેક પ્રકારના સેંકડો વ્યાધિઓનો નિવાસ છે. હાડકાનો માળો છે. શિરા-સ્નાયુઓની જાળથી બંધાયેલુ છે. માટીના વાસણ જેવું દુર્બળ છે, અશુચિથી સંક્લિષ્ટ છે તેને ટકાવી રાખવા હંમેશા તેની સંભાળ લેવી પડે છે. આ સડેલા મડદાની સમાન જીર્ણ ઘર જેવું છે. સડવું, પડવું, ગળવું એ તેનો સ્વભાવ છે, પહેલા કે પછી અવશ્ય તેને છોડવાનું છે.(ભગવતીસૂત્ર શતક-૯, ઉદ્દેશ-૩૩)

તેથી **તેના માટે** = શરીર સ્વસ્થ રહે એ માટે,

शरीरसौस्थ्याद्यर्थम्, **प्रार्थना** - शातगौरवानुगुणानुष्ठानप्रकटीभवत्यभीप्सा, **वृथा** - मुधा, उक्तनीत्या सुरक्षितस्यापि रक्षणासम्भवेन विफलत्वात् ।

ननु च - शरीरमाद्यं खलु धर्मसाधनम् - इत्युक्तेर्न्याय्यमेव तल्लालनमिति चेत् ? न, अभिप्रायापरिज्ञानात्, न ह्येतद्वचनं लालनीयत्वेन वपुः समर्थयति, अपि तु धनादिभ्योऽपि प्रथम एव विग्रहस्य धर्मनियोगः कर्तव्य इति, अन्यथा तु लालनानुभवनमात्रव्यग्रस्य कायस्य क्व धर्मसाधनावकाश

---

**प्रार्थना** = શાતાગારવને પોષનારી પ્રવૃત્તિથી પ્રગટ થતી અભિલાષા, **ફોગટ છે**, કારણ કે હમણા કહ્યું તે મુજબ શરીરનું ગમે તેટલું જતન કરવામાં આવે, તો ય તેનું રક્ષણ સંભવિત ન હોવાથી તે પ્રાર્થના નિષ્ફળ છે.

**પૂર્વપક્ષ** - શરીર એ ધર્મનું પહેલું સાધન છે. આવું વચન હોવાથી શરીરની સાર-સંભાળ રાખવી એ ઉચિત જ છે.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે તમે એ વચન પાછળનો આશય સમજ્યા નથી. આ વચન કાંઈ શરીરની સારસંભાળ રાખવાનું સમર્થન નથી કરતું, પણ એમ કહે છે કે ધન વગેરેની પહેલાં જ શરીરને ધર્મમાં જોડી દેવું. અન્યથા જો શરીર માત્ર લાલન-પાલનને માણવામાં જ વ્યસ્ત બની જશે, તો ધર્મને સાધવાનો અવકાશ જ તેને

इति चिन्त्यम् । किञ्चोत्सर्गधर्मस्त्वात्मदेहसङ्ग्रामात्मक इति कथञ्चिदधर्मरूपमपि शरीरलालनमिति निपुणं निभालनीयम्, तथा चागमः - इमेण चेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ? - इति (आचाराङ्गे १-५-३/१५३) न च नैष दृश्यते य एवं कुरुतेऽन्यत्रोन्मत्तादिति वाच्यम्, उग्रतपः प्रभृतिरतमहात्मनां दृश्यमानत्वात्, उक्तं च - शरीरेणैव युध्यन्ते, दीक्षापरिणतौ बुधाः-इति (द्वात्रिंशद् द्वात्रिंशिकायाम् २८-१७)

---

ક્યાં રહેશે ? એ પણ વિચારણીય છે.

વળી ઉત્સર્ગ ધર્મ તો આત્મા અને શરીરના સંગ્રામરૂપ છે, માટે એ અપેક્ષાએ તો શરીરનું લાલન-પાલન અધર્મરૂપ પણ છે, એ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવું જોઈએ. આગમમાં પણ કહ્યું છે - આ (શરીર) સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાનું તને શું કામ છે ?

(આચારાંગ ૧-૫-૩/૧૫૩)

**પૂર્વપક્ષ** - અરે, પણ કોઈ આવું કરતો દેખાય છે ખરો ? સિવાય કે પાગલ.

**ઉત્તરપક્ષ** - એમ કહેવું ઉચિત નથી, કારણ કે ઉગ્ર તપસ્યા વગેરેમાં તત્પર એવા મહાત્માઓ દેખાય જ છે. કહ્યું પણ છે કે - જ્યારે દીક્ષાની પરિણતિ થાય, ત્યારે પ્રબુદ્ધ જનો શરીર સાથે જ યુદ્ધ કરે છે. (દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ૨૮-૧૭)

ननु च ध्यानमेव क्षपकश्रेण्यादिश्रेयःसाधकत्वेनोपादेय-मिति किं क्लेशफलेन शरीरयुद्धेनेति चेत् ? न, शरीरसमर-व्यक्तीभवदपगतदेहाध्यासभावमन्तरेण शुद्धध्यानस्यैवासम्भवात्। निश्चयलिप्सूनामपि व्यवहारस्यापरिहार्यमेवाऽऽसेवनमिति हृदयम्। किञ्च क्लेशैकफलताऽपि वपुःसङ्ग्रामस्यासिद्धा, महाफलत्वेनास्य पारमर्षप्रमाणितत्वात्, तदुक्तम् - खुहं पिवासं

---

**પૂર્વપક્ષ** - ધ્યાન જ ક્ષપકશ્રેણિ વગેરે કલ્યાણને સાધે છે, માટે ક્લેશરૂપી ફળ આપનારા એવા શરીર સાથેના યુદ્ધથી શું ?

**ઉત્તરપક્ષ** - આવું માનવું ઉચિત નથી. કારણ કે શરીર સાથેના યુદ્ધથી દેહાધ્યાસના ભાવથી વિદાય વ્યક્ત થાય છે. અર્થાત્ જેને દેહાધ્યાસ ન હોય એ પ્રાયઃ શરીર સાથે યુદ્ધ કરે છે અને જો દેહાધ્યાસ ન ગયો હોય તો શુદ્ધ ધ્યાન જ સંભવતું નથી. આશય એ છે કે જેમને ધ્યાનથી શુદ્ધતા વગેરે રૂપ નિશ્ચયનો ખપ હોય, તેમણે પણ યથાશક્તિ તપસ્યા વગેરે કરવા દ્વારા વ્યવહાર માર્ગની આરાધના કરવી પણ આવશ્યક છે.

વળી શરીર સાથે યુદ્ધ કરવાથી માત્ર ક્લેશ જ મળે છે એવું પણ નથી. કારણ કે એનાથી મહાન ફળ મળે છે, એમ પરમર્ષિના વચનથી પ્રમાણિત કરાયું છે. આ

दुस्सिज्जं, सी उण्हं अरइं **भयं** । अहियासे अव्वहिओ, देहदुक्खं महाफलं - इति (दशवैकालिके ३६१) ।

वस्तुतस्तु धृतिसंहननान्यतरेणाप्यहीनस्योत्सर्गचर्यात्मकः शरीरसमरः श्रेयः, इतरस्य तु दुर्ध्यानादिप्रत्यपायपरिहारप्रवणो मध्यममार्ग एव गीतार्थनिर्दिष्टो हितः, तथा चार्षम् - बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो । खित्तं कालं च विन्नाय, तहप्पाणं निजुंजए - इति (दशवैकालिके - ३६९) ।

---

રહ્યું તે વચન - ભૂખ, તરસ, કષ્ટદાયક રહેઠાણ, ઠંડી, ગરમી, અરતિ, ભય આ બધું અવ્યથિતપણે સહન કરવું જોઈએ, કારણ કે શરીરને દુઃખ આપવાથી મહાન ફળ મળે છે. (દશવૈકાલિક ૩૬૧)

વાસ્તવમાં તો જે ધૃતિ અને સંહનન એ બન્નેથી યુક્ત છે, તેના માટે ઉત્સર્ગચર્યારૂપ શરીર સાથેનું યુદ્ધ કલ્યાણકારક છે, બીજાને તો જેમાં દુર્ધ્યાન ન થાય એવો, ગીતાર્થ ગુરુએ જેનો નિર્દેશ કર્યો છે એવો મધ્યમમાર્ગ જ હિતકારક છે. તેવું ઋષિવચન પણ છે કે - પોતાનું બળ, વીર્ય, શ્રદ્ધા અને આરોગ્ય જોઈને, ક્ષેત્ર તથા કાળને પણ જાણીને, તે રીતે પોતાના આત્માને સાધનામાં જોડી દેવો જોઈએ. (દશવૈકાલિક ૩૬૯)

स्वमतिविकल्पितो लालनाद्येकान्तस्तु प्रतिक्रुष्ट एव, तस्य जिनशासनबहिर्भूतत्वादित्यवधेयम्, उक्तं च - कायो न केवलमयं परितापनीयो, मृष्टै रसैर्बहुविधैर्न च लालनीयः । चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेषु, वश्यानि येन च तथा चरितं जिनानाम् । इति (उद्धृतं पञ्चवस्तुकवृत्तौ) ।

अथानादिसंसारस्वभ्यस्तोऽयं देहाध्यासः, सुदुर्मोक्षं च तनुलालनमिति किमालम्बनीकृत्य कायरणे शूरतयोपस्था-

---

પણ પોતાની બુદ્ધિથી વિકલ્પિત એવો લાલન વગેરેનો એકાંત તો નિષિદ્ધ જ છે. કારણ કે તેવો એકાંત જિનશાસનની બહિર્ભૂત છે. કહ્યું પણ છે કે - **આ શરીરને માત્ર સંતાપ જ નથી આપવાનો અને અનેક પ્રકારના (મધુરાદિ) રસો આપીને તેનું લાલન પણ નથી કરવાનું. જેવું કરવાથી મન અને ઈન્દ્રિયો ઉન્માર્ગે ન જાય અને આત્માને વશ થઈને રહે, તે પ્રમાણે કરવું જોઈએ. જિનેશ્વરનું ચરિત્ર પણ એવું જ છે.** (જુઓ વીતરાગસ્તોત્ર પ્રકાશ-૧૪) (આ વૃત્ત પંચવસ્તુક પ્રકરણની વૃત્તિમાં ઉદ્ધૃત કરાયું છે.)

**શંકા** - આ દેહાધ્યાસનો તો અનાદિકાલીન સંસારમાં સારો એવો અભ્યાસ થયો છે. અને શરીરના લાલનનો ત્યાગ કરવો તો ખૂબ જ મુશ્કેલ છે, તો પછી શેના

तव्यमिति चेत् ? एतदेव प्रस्तौति प्रकरणकारः –

**यज्जीवस्योपकाराय, तद्देहस्यापकारकम् ।**
**यद्देहस्योपकाराय, तज्जीवस्यापकारकम् ॥१९॥**

सुगमम् । येन सह योद्धव्यं भवति, नासावमित्रान्यः, एतन्नीत्या वपुरेव रिपुः । इत्थञ्च तदुपकारकं स्वापकारकृदिति किमत्र चित्रम् ? । नन्वेवं स्थितेऽपि देहोपकारः प्रेयान्

---

આલંબને શૂરપણે શરીર સાથેના યુદ્ધમાં ઝુકાવી દેવું ?

**સમાધાન** - પ્રકરણકાર આ જ પ્રશ્નનો જવાબ રજુ કરે છે –

**જે જીવના ઉપકાર માટે થાય છે, તે શરીરને અપકારક થાય છે અને જે શરીરના ઉપકાર માટે થાય છે, એ જીવને અપકારક થાય છે. ॥૧૯॥**

સુગમ છે. જેની સાથે યુદ્ધ કરવાનું હોય, તે દુશ્મન સિવાય બીજો કોઈ ન હોય = દુશ્મન જ હોય. આ નીતિથી શરીર જ શત્રુ છે. આ રીતે જે શરીર પર ઉપકાર કરનારું હોય, તે આત્મા પર અપકાર કરે, એમાં શું આશ્ચર્ય છે ?

**શંકા** - આમ હોવા છતાં પણ બધાને શરીર પરનો ઉપકાર પ્રિય હોય છે. માટે તેનો અનાદર-ઉપેક્ષા શી રીતે કરી શકાય ?

सर्वस्येति कथङ्कारं तदनादरः कर्तुं शक्य इति चेत् ? अत्राह-

**इतश्चिन्तामणिर्दिव्य, इतः पिण्याकखण्डकम् ।**
**ध्यानेन चेदुभे लभ्ये, क्वाद्रियन्तां विवेकिनः ? ॥२०॥**

**इतः** - एकस्मिन् पक्षे, **दिव्यः** - देवताधिष्ठितः, **चिन्तामणिः** - चिन्तितार्थप्रदो रत्नविशेषः, आत्मोपकारमुद्दिश्य विहितमिदम् । **इतश्च** - अपरस्मिन् पक्षे **पिण्याकखण्डनम्** - कुत्सितत्वेन जुगुप्सनीयश्चर्मभागः, विहितमिदं वपुरुपकार-मुद्दिश्येति विज्ञेयम् । तदेते **उभे** - अनन्तरनिर्दिष्टं द्वयमपि,

---

**સમાધાન** - ગ્રંથકારશ્રી પોતે જ આનું સમાધાન આપી રહ્યા છે -

**એક બાજુ દિવ્ય ચિંતામણી છે અને એક બાજુ ગંદો ચામડાનો ટુકડો છે. જો ધ્યાનથી આ બન્નેની પ્રાપ્તિ શક્ય હોય, તો વિવેકીઓ શેના પ્રત્યે આદરવાળા થાય ? ॥૨૦॥**

એક પક્ષે **દિવ્ય** = દેવતાથી અધિષ્ઠિત એવો **ચિન્તામણિ** = ચિંતિત વસ્તુ આપનાર રત્નવિશેષ છે. આ વિધાન આત્મા પરના ઉપકારને ઉદ્દેશીને કર્યું છે. અને બીજા પક્ષે ખરાબ હોવાથી જુગુપ્સનીય એવો ચામડાનો ટુકડો છે. આ વિધાન શરીર પરના ઉપકારને ઉદ્દેશીને કર્યું છે. એમ સમજવું જોઈએ. તે આ **બન્ને** = હમણા કહેલ ચિંતામણિ અને ખરાબ ચામડાનો ટુકડો,

**चेत्** - यदि, **ध्यानेन** - धर्मध्यानानुभावेन, **लभ्ये** - प्राप्तुं शक्ये, तदा **विवेकिनः** - सारेतरविवेचनविचक्षण-प्रेक्षा-पवित्रितात्मानः **क्वाद्रियन्ताम्** - कुत्र बद्धोपादेयमतय आदरं कुर्वन्तु ?

अयमत्राशयः । धर्मध्यानेनोपलक्षणेनान्यतरेणापि धर्मानुष्ठानेन भावप्रकर्षप्रयुक्तेनात्मोपकारप्रकर्षात्मको मोक्षः पञ्चेन्द्रियप्रह्लादप्रयोजकविषयावियोगलक्षणः शरीरोपकारप्रकर्षश्च प्राप्य एव, धर्मस्याप्राप्याभावात्, यदाह **श्रुतकेवली** - जोगे

---

**જો ધ્યાનથી** = ધર્મધ્યાનના પ્રભાવથી, **લભ્ય** = મેળવવા શક્ય હોય, તો **વિવેકીઓ** = આ સાર છે અને આ અસાર છે, એવું વિવેચન કરવામાં નિપુણ બુદ્ધિથી જેમનો આત્મા પવિત્ર થયો છે તેવા, **ક્યાં આદર કરે ?** = આ જ ઉપાદેય છે, એમ સમજીને કઈ વસ્તુમાં આદર કરે ?

અહીં આશય એ છે કે ધર્મધ્યાનથી અને તેના ઉપલક્ષણથી બીજા પણ ઉંચા ભાવથી કરેલ ધાર્મિક અનુષ્ઠાનથી આત્મા પરના ઉપકારના પ્રકર્ષરૂપ મોક્ષ પણ મળી શકે છે અને પાંચે ઈન્દ્રિયોને આનંદ આપે તેવા વિષયોના સંયોગરૂપ શરીર પરના ઉપકારનો પ્રકર્ષ પણ મળી જ શકે છે. કારણ કે એવું કાંઈ નથી, કે જે ધર્મથી પ્રાપ્ત ન થાય. કારણ કે શ્રુતકેવળી શ્રી **ભદ્રબાહુસ્વામિ**એ

जोगे जिणसासणम्मि दुक्खक्खया पउंजंते । एक्केक्कम्मि अणंता वट्टंता केवली जाया - इति (ओघनिर्युक्तौ २७८) । तथा- प्राज्यं राज्यं, सुभगदयिता, नन्दना नन्दनानां, रम्यं रूपं, सरसकविता-चातुरी सुस्वरत्वम् । नीरोगत्वं, गुणपरिचयः, सज्जनत्वं सुबुद्धिः, किं नु ब्रूमः, फलपरिणतिं, धर्मकल्पद्रुमस्य - इति (शान्तसुधारसे १०-७) ।

तदत्रात्मोपकारश्चिन्तामणिस्थानीयः, नित्यस्वाधीन-

---

કહ્યું છે - જિનશાસનમાં પ્રત્યેક યોગોનો પ્રયોગ દુઃખોનો ક્ષય કરે છે. તે એકેક યોગમાં વર્તતા અનંત આત્માઓ કેવળી થયા છે. (ઓઘનિર્યુક્તિ ૨૭૮) તથા - મોટું રાજ્ય, સૌભાગ્યવાળી પત્ની, પુત્રો, સંબંધી, આનંદ, રમણીય રૂપ, સરસ કવિતા બનાવવામાં નિપુણતા, સારા સ્વરવાળાપણું, નીરોગીપણું, ગુણોનો પરિચય, સજ્જનતા, સદ્‌બુદ્ધિ... ખરેખર ધર્મરૂપી કલ્પવૃક્ષની પરિણતિની અમે શું વાત કરીએ ? અર્થાત્ ધર્મનું ફળ અનલ્પ અને અચિંત્ય હોય છે. (શાંતસુધારસ ૧૦-૭)

તે અહીં આત્મા પરનો ઉપકાર ચિંતામણિ જેવો છે. કારણ કે તે નિત્ય, સ્વાધીન, સુખરૂપ હોવાથી એકાન્તિક અને આત્યંતિક છે. આત્યન્તિક એટલે કાયમ રહેનાર, એકાન્તિક એટલે વિપક્ષ (પ્રસ્તુતમાં દુઃખ) થી મિશ્રિત

सौख्यरूपतयैकान्तिकात्यन्तिकत्वात् देहोपकारस्तु पिण्याक-खण्डप्रायः, अनित्यत्वात्, पराधीनत्वात्, अन्यतरशारीरमानस-पीडाप्रसरकलङ्कितत्वात्, अत एवानैकान्तिकात्यन्तिकत्वात्, एवं स्थिते विवेकिनां चिन्तामणावेवादर उचितः, नान्यत्र, तदादरस्यैव विवेकफलत्वात्, अन्यथा तु निष्फलस्यास-त्प्रायताप्रसक्तेर्विवेकितैव तेषां दुर्घटा स्यादिति निपुणं निभालनीयम् ॥२०॥

न हि तत्स्वरूपानभिज्ञास्तत्रादृताः स्युरिति स्वरूपमेवात्मनो

---

નહીં તેવો. શરીર પરનો ઉપકાર તો ગંદા ચામડાના ટુકડા જેવો છે, કારણ કે તે અનિત્ય છે, પરાધીન છે, શરીર અને મનની કોઈ એકાદ પીડાના પણ પ્રસારથી કલંકિત છે. માટે જ એ ઉપકાર એકાંતિક પણ નથી અને આત્યંતિક પણ નથી. આ સ્થિતિમાં વિવેકીઓ ચિંતામણિ પ્રત્યે આદરવાળા થાય એ જ ઉચિત છે. બીજે આદર કરે એ ઉચિત નથી, કારણ કે ચિંતામણિ પ્રત્યેનો આદર એ જ વિવેકનું ફળ છે. જો એ ફળ ન મળે તો વિવેક નિષ્ફળ ગયો કહેવાય. જે નિષ્ફળ જાય એ તો ન હોવા બરાબર જ છે અને તેથી તે જીવોની વિવેકિતા જ ન ઘટે, આ રીતે સૂક્ષ્મતાથી વિચાર કરવો જોઈએ. ॥૨૦॥

જેઓ તેના સ્વરૂપને જાણતા ન હોય, તેઓ તે

ज्ञापयन्नाह-

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।**
**अत्यन्तसौख्यवानात्मा, लोकालोकविलोकनः ॥२१॥**

**स्वसंवेदनम्** - अन्तःस्फुरायमाणाऽहमित्याकाराऽभ्रान्ताऽऽत्मप्रतीतिः, तेन **सुव्यक्तः** - सुतरां प्रत्यक्षः, अपलपितुमशक्य इति यावत्, देहालम्बनेनैतत्संवेदनं मुख्यत्वेन यथा

---

વસ્તુમાં આદર વાળા ન થાય. માટે આત્માનું સ્વરૂપ જ જણાવે છે -

**આત્મા સ્વસંવેદનથી સારી રીતે વ્યક્ત છે, શરીરપ્રમાણ છે, અવિનાશી છે, અત્યંત સુખવાળો અને લોકાલોકનો દૃષ્ટા છે. ॥૨૧॥**

**સ્વસંવેદન** = અંતરમાં સ્ફુરાયમાન થતી 'હું' એવા આકારવાળી અભ્રાન્ત-ભ્રાન્તિ વગરની આત્મપ્રતિતી. તેનાથી **સુવ્યક્ત** = સારી રીતે પ્રત્યક્ષ, એટલે કે જેનો અપલાપ ન થઈ શકે તેવો.

**શંકા** - 'હું' આવી પ્રતીતિ તો શરીરને આશ્રીને પણ થઈ શકે છે. જેમ કે, હું ગોરો છું, જાડો છું, વગેરે. તો એ પ્રતીતિથી આત્માની સિદ્ધિ શી રીતે થઈ શકે ?

**સમાધાન** - એ સંવેદન ગૌણ છે. શરીરને આશ્રીને 'હું' એવું સંવેદન મુખ્યરૂપે ઘટી શકે એમ નથી. આ

नोपपद्यते तथा विवेचितं न्यायविशारदे महता प्रबन्धेनेति नात्र प्रतन्यते । तमेव विशेषयति - **तनुमात्रः** - शरीरप्रमाणः, सर्वगताद्यात्मकल्पनायां संसाराभावाद्यनेकदोषानुषङ्गात्, तमेव विशेषयति-**निरत्ययः** - अविनश्वरः, स्वभावाव्ययसम्पन्नत्वात्, तमेव विशेषयति - **अत्यन्तसौख्यवान्** - अप्रत्याहतपरमानन्द-प्रसरः, तमेव विशेषयति - **लोकालोकविलोकनः** - विश्वविश्वदर्शनः सर्वदर्शीति यावत्, क एवम्भूतः ? को

---

વસ્તુનું ન્યાયવિશારદ નામના વાર્તિકમાં વિસ્તૃત પ્રબંધથી વિવરણ કર્યું છે. માટે અહીં તેનો વિસ્તાર કરતા નથી.

એનું જ બીજું વિશેષણ કહે છે - **શરીરમાત્ર** = શરીરના પ્રમાણનો, કારણ કે જો આત્માને સર્વગત માનીએ તો એક ગતિમાંથી બીજી ગતિમાં જવારૂપ સંસાર જ ન રહે વગેરે અનેક દોષો ઊભા થાય. એનું જ ત્રીજું વિશેષણ કહે છે- **અવિનાશી** = કદી નાશ નહીં પામનાર. કારણ કે આત્મા કદી પણ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થતો નથી. એ જ આત્માનું ચોથું વિશેષણ કહે છે - **અત્યંત સુખવાળો** = જેના પરમાનંદનો પ્રસાર ક્યાંય પ્રત્યાઘાત નથી પામતો તેવો. તેનું જ પાંચમું વિશેષણ કહે છે - **લોકાલોકદર્શન** = સમગ્ર જગતને જોનારો. કોણ આવા પ્રકારનો છે ? અથવા તો એ કોણ છે ? એ કહે છે-

वाऽसावित्याह - **आत्मा** - अतति गच्छति तान् तान् ज्ञानादिपर्यायानितिव्युत्पत्तिव्युत्पन्नं जीवलक्षणं तत्त्वम् । तदेनं विज्ञाय यत् कर्तव्यं तदाह -

**संयम्य करणग्राम-मेकाग्रत्वेन चेतसः ।**
**आत्मानमात्मवान् ध्याये-दात्मनैवात्मनि स्थितम् ॥२२॥**

**करणग्रामम्** - शब्दादिविषयानुधावनानुवृत्तश्रोत्रादीन्द्रिय-व्यूहम्, **संयम्य** - प्रत्याहारप्रभावेन दमनगोचरीकृत्य, एतदपि कथमित्याह - **एक** एव सर्वेन्द्रियातीत आत्माऽ**ग्रम्** - ध्याना-

---

**આત્મા** = તે તે જ્ઞાનાદિ પર્યાયોને પામે એવી વ્યુત્પત્તિથી યુક્ત જીવસ્વરૂપી તત્ત્વ. એને જાણીને જે કરવું જોઈએ એ કહે છે-

**ઈન્દ્રિયસમૂહનો નિરોધ કરીને, ચિત્તની એકાગ્રતાથી આત્માવાળો આત્માથી આત્મામાં રહેલા આત્માનું ધ્યાન કરે. ॥૨૨॥**

**કરણગ્રામનો** = શબ્દ વગેરે વિષયોની પાછળ દોડવામાં સતત પ્રવૃત્ત એવા શ્રોત્ર વગેરે ઈન્દ્રિયોના સમૂહનો, **નિરોધ કરીને** = પ્રત્યાહાર (ઈન્દ્રિયોને વિષયો પ્રત્યેથી પાછી ખેંચવી)ના પ્રભાવથી તેમનું દમન કરીને, એ પણ શી રીતે ? એ કહે છે - **એક** જ સર્વ ઈન્દ્રિયોથી અતીત એવો આત્મા **અગ્ર** = ધ્યાનનું આલંબન છે જેનું

लम्बनं यस्य तत् **एकाग्रम्, तत्त्वेन** - तद्भावेन **चेतसः** - चित्तस्य, एतेन व्यग्रस्यात्मध्यानासम्भव आवेदितः । ततः किं कुर्यादित्याह - **आत्मवान्** - शुद्धात्मस्वरूपानुभूतिशाली, **आत्मनि स्थितम्** - स्वरूपैकप्रतिष्ठितम् **आत्मानम्** - पूर्ववृत्तप्रतिपादितविशेषणविशिष्टं जीवम्, **आत्मनैव** - ध्यानपरिणामपरिणतस्वपरिणामेनैव, तदितरस्यानैकान्तिकत्वेन

---

તે **એકાગ્ર, મનના** તેવા ભાવથી = એકાગ્રભાવથી, આમ કહેવા દ્વારા સૂચિત કર્યું છે કે વ્યગ્ર = ડામાડોળ - ભટકતું મન આત્મધ્યાન કરી શકે, એ સંભવિત નથી.

આ રીતે ઈન્દ્રિયોનો નિરોધ કરીને શું કરે ? એ કહે છે. **આત્મવાન્** = શુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિથી શોભતો, **આત્મામાં રહેલા** = માત્ર પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એવા **આત્માને** = પૂર્વના શ્લોકમાં કહેલા વિશેષણોથી વિશિષ્ટ જીવને, **આત્માથી જ** = ધ્યાનના પરિણામથી પરિણત પોતાના પરિણામથી જ.

**શંકા** - ધ્યાનનું સાધન તો બાહ્ય વસ્તુ પણ બને છે, તો ‘આત્માથી જ’ આવું કેમ કહ્યું ?

**સમાધાન** - આત્મા સિવાયની બાહ્ય વસ્તુ અનેકાન્તિક છે. અર્થાત્ તે હોય તો ધ્યાન થાય જ એવો કોઈ નિયમ નથી. માટે વાસ્તવમાં તેને ધ્યાનનું સાધન

ध्यानसाधनत्वायोगात्, **ध्यायेत्** - ज्ञानादितत्तत्पर्यायप्रधान-भावार्पणेन भावयेत् । यतः -

**अज्ञानोपास्तिरज्ञानं, ज्ञानं ज्ञानिसमाश्रयः ।**
**ददाति यत्तु यस्यास्ति, सुप्रसिद्धमिदं वचः ॥२३॥**

**अज्ञानम्** - ज्ञानभिन्नं चेतनातिरिक्तं पुद्गल इति यावत्; तच्चात्र धन-स्त्रीशरीरादिरूपमभिसम्बन्ध्यते, तस्यो**पास्तिः** - तदेकोपादेयबुद्धितया यथासम्भवं तदासेवनम्, **अज्ञानम्** - कुत्सितज्ञानमापादयति, मदिरावत् । यथोक्तम् - गौडी माध्वी

---

ન કહી શકાય.

**ધ્યાવે** - આત્માના જ્ઞાન વગેરે તે તે પર્યાયોને પ્રધાનતા આપવા દ્વારા તેનું વિભાવન કરે. કારણ કે -

**અજ્ઞાનની ઉપાસના અજ્ઞાન આપે છે અને જ્ઞાનીનું શરણ જ્ઞાન આપે છે. જેની પાસે જે હોય એ આપે, એ વચન સુપ્રસિદ્ધ છે. ॥૨૩॥**

**અજ્ઞાન** = જ્ઞાનથી અન્ય - ચેતનથી અતિરિક્ત - પુદ્ગલ. પ્રસ્તુતમાં તે ધન, સ્ત્રીનું શરીર વગેરે રૂપ સમજવાનું છે. તેની **ઉપાસના** = માત્ર તેને જ ઉપાદેય માનીને શક્ય હોય એટલું તેનું આસેવન કરવું તે, **અજ્ઞાનને** = મિથ્યાજ્ઞાનને ઉત્પન્ન કરે છે, મદિરાની જેમ. જેમ કે કહ્યું છે - ગોળની, મધની અને લોટની એમ ત્રણ પ્રકારની

तथा पैष्टी विज्ञेया त्रिविधा सुरा । चतुर्थी स्त्री सुरा ज्ञेया ययेदं मोहितं जगत् - इति (अवधूतगीतायाम् ८-२५) । तथा **ज्ञानिसमाश्रयः** - शुद्धज्ञानपर्यायपरिणतस्वात्मशरणम्, **ज्ञानं** दत्ते, यतः **यत्तु**-यदेव वस्तु, **यस्य** - यत्सम्बन्धि, **अस्ति** - विद्यते, तदेव स **ददाति,** अविद्यमानदानासम्भवात्, **इदम्** - अनन्तरोदितम् **वचः सुप्रसिद्धम्,** यथोक्तम् - ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो, वयमपि तदभावाद् गालिदा-तुमशक्ताः । जगति विदितमेतद् दीयते विद्यमानं, न हि शशकविषाणं कोऽपि कस्मै प्रदाति - इति (भर्तृहरिकृतशतके)।

---

મદિરા જાણવી. ચોથી 'સ્ત્રી મદિરા' જાણવી કે જેનાથી આ જગત મોહિત થયું છે. (અવધૂતગીતા ૮-૨૫)

તથા જ્ઞાનીનો સમાશ્રય = શુદ્ધ જ્ઞાનપર્યાયમાં પરિણત એવા પોતાના આત્માનું શરણ, **જ્ઞાન** આપે છે. કારણ કે **'જે** વસ્તુ **જેની પાસે હોય** તે જ વસ્તુ તે **આપે છે' આ** = હમણા કહેલું **વચન** સારી રીતે **પ્રસિદ્ધ છે.** કારણ કે જે હોય નહીં તે આપવું શક્ય નથી. જેમ કે કહ્યું છે - ઓ તમે ગાળોવાળા ! તમે અમને ગાળો આપો, ખૂબ આપો, અમે તો અમારી પાસે ગાળો ન હોવાથી તે આપવા માટે સમર્થ નથી. જગતમાં એ જાણીતું છે કે જે હોય એ અપાય. સસલાનું શિંગડું હોતું જ નથી,

अतो ज्ञानानन्दार्थिना ज्ञान्येव शरणीकार्यः, परिहार्या च पुद्गलप्रीतिरित्यत्र तात्पर्यम् । तच्छरणयोगे च यदन्यत् संयुज्यते तत् स्फुटयति -

**परीषहाद्यविज्ञाना-दाश्रवस्य निरोधिनी ।**
**जायतेऽध्यात्मयोगेन, कर्मणामाशु निर्जरा ॥२४॥**

**अध्यात्मयोगेन** - आलंबनं च मे आया अवसेसं च वोसिरे ( नियमसारे ) - इति प्रतिज्ञाप्रतिपालनप्रभव-प्रभावस्वयम्भूप्रादुर्भूतपरिणतिविशेषेण, **परीषहाद्यविज्ञानात्** -

---

તેથી તે કોઈ કોઈને દેતું નથી. (ભર્તૃહરિકૃત શતક) માટે જેને જ્ઞાનના આનંદનો ખપ હોય, તેણે જ્ઞાનીનું જ શરણ લેવું જોઈએ અને પુદ્ગલનો રાગ છોડી દેવો જોઈએ એવું અહીં તાત્પર્ય છે. તેનું શરણ લેવાથી બીજી જે વસ્તુનો સંયોગ થાય છે, તેને સ્પષ્ટ કરતા કહે છે -

**પરીષહો વગેરેનું જ્ઞાન ન થવાથી આશ્રવનો નિરોધ કરનારી કર્મનિર્જરા અધ્યાત્મયોગથી શીઘ્રતાથી થાય છે. ॥૨૪॥**

**અધ્યાત્મયોગથી** = 'મને મારો આત્મા જ આલંબનભૂત છે. બીજા બધાનો હું ત્યાગ કરું છું.' આવી પ્રતિજ્ઞાના પરિપાલનથી થયેલા પ્રભાવથી સ્વતઃ પ્રગટ થયેલી વિશિષ્ટ પરિણતિથી, **પરીષહ વગેરેના અવિજ્ઞાનથી**

क्षुधापिपासाप्रभृतेरुपसर्गाणां च दिव्यादीनामसंवेदनात्, तदुपयोगविरहात्, भवति ह्युन्मीलितनयनस्याप्युपयोगाभावे पुरःस्थितहस्तिनोऽप्यदर्शनम्, एवमध्यात्मानुस्यूतान्तःकरणस्य तदितरावेदनमप्युपपद्यत एव, अत एव पारमर्षम् - न मे देहे परीसहा - इति (आचाराङ्गे) तद्वेदने तु योगत्वस्यैवायोगः, प्रायस्तस्यार्त्तध्यानानुपातित्वात्, अत एवाहुर्योगलक्षणं परेऽपि - अवेदनं विदुर्योगम् - इति (महोपनिषदि) ।

---

- ભૂખ, તરસ વગેરેનું તથા દિવ્ય વગેરે ઉપસર્ગોનું સંવેદન ન થવાથી, કારણ કે તેના પ્રત્યે ઉપયોગ નથી. કોઈની આંખ ખુલ્લી હોય, પણ જો તેને ઉપયોગ ન હોય તો સામે રહેલો હાથી પણ દેખાતો નથી. એ રીતે જેનું મન અધ્યાત્મયોગમાં પરોવાયેલું છે, તેને બીજી વસ્તુનું સંવેદન ન થાય, એ વાત ઘટે જ છે. માટે જ પરમર્ષિનું વચન છે કે, 'મારા શરીરમાં પરીષહો નથી.' (આચારાંગસૂત્ર)

જો પરીષહ વગેરેનું સંવેદન થતું હોય, તો એ દશામાં અધ્યાત્મયોગ જ ગેરહાજર છે, એમ માનવું પડે, કારણ કે એ સંવેદન પ્રાયઃ આર્ત્તધ્યાનમાં અંતર્ભૂત હોય છે. માટે જ અન્યોએ પણ યોગનું લક્ષણ આવું કહ્યું છે - જ્ઞાનીઓએ સંવેદનના અભાવને યોગ તરીકે જાણ્યો છે.

ननु च मा भूदन्यचित्तस्य पुरःस्थितस्तम्बेरमादिवेदनम्, तीक्ष्णदुःखोत्पादकपरीषहाद्यवेदनं तु दुरुपपन्नमेवेति चेत् ? न, ज्वरितव्यवहारिनिदर्शनेन तादृशावेदनस्यापि प्रत्यक्षसिद्धत्वात्, यथा हि चण्डज्वरगृहीतोऽपि कश्चिद् वणिग् विक्रयव्याक्षिप्त-चेतस्तया ज्वरपीडाया लवमपि न वेत्ति, तथा द्रष्टव्यं प्रकृतेऽपि। वस्तुतस्त्वरत्यादिविकल्पैरपि शून्यस्य न पौद्गलिक-विकल्पगन्धोऽपीति किमत्रानुपपन्नम् ? तदुक्तम्- का अरई आणंदे के व त्ति वियप्पणं ण जत्थुत्तं । अण्णे तत्थ वियप्पा

---

**શંકા** - જેનું મન બીજે પરોવાયેલું છે અને સામે રહેલા હાથી વગેરેનું સંવેદન ભલે ન થાય. પણ જે તીક્ષ્ણ દુઃખ ઉત્પન્ન કરે છે, એવા પરીષહ વગેરેનું સંવેદન ન થાય, એ વાતની સંગતિ તો ખૂબ મુશ્કેલ જ છે.

**સમાધાન** - ના, તાવવાળા વેપારીના દૃષ્ટાંતથી તેવા પ્રકારનું અસંવેદન પણ પ્રત્યક્ષસિદ્ધ છે. જેમ કે તીવ્ર તાવવાળો પણ કોઈ વેપારી વેચાણમાં વ્યસ્ત મનવાળો હોય, તો તાવની થોડી પણ પીડાને તે અનુભવતો નથી. એ રીતે પ્રસ્તુતમાં પણ સમજવું જોઈએ. વાસ્તવમાં તો જે અરતિ વગેરેના વિકલ્પોથી પણ રહિત છે, તેને પૌદ્ગલિક વિકલ્પનો કોઈ અવકાશ જ નથી, તેથી અહીં શું અસંગત છે ? મહોપાધ્યાયજીએ તે કહ્યું પણ છે કે -

पुग्गलसंजोगजा कत्तो ?–इति (धर्मपरीक्षायाम् ९८) ।

ततश्चा**श्रवस्य निरोधिनी** - मिथ्यात्वाद्यात्मकहेतु-प्रतिपक्षरूपतया तत्फलभूतकर्मबन्धप्रतिबन्धिका, केत्याह- **कर्मणाम्** - ज्ञानावरणादीनाम्, **निर्जरा** - आत्मप्रदेशेभ्यः परिशाटः, **आशु जायते** - सद्य एव स्वरूपलाभमासादयति, तत्फलत्वादध्यात्मयोगस्य, समर्थस्य सहकारिसमवहितस्य स्वजन्यजनने कालक्षेपायोगाच्च । सोऽयं सर्वोपाधिसमती-

---

અરતિ શું ? કે આનંદ શું ? આવો વિકલ્પ પણ જે દશામાં કહ્યો નથી (જ્ઞાનીઓના કહેવા મુજબ હોતો નથી) તો એ દશામાં પુદ્ગલના સંયોગથી થતા એવા બીજા વિકલ્પો તો ક્યાંથી હોય ? (ધર્મપરીક્ષા ૯૮)

પછી **આશ્રવની નિરોધિની** = મિથ્યાત્વ વગેરે રૂપ હેતુની પ્રતિપક્ષરૂપ હોવાથી તેના ફળભૂત એવા કર્મબંધની પ્રતિબંધક, કોણ ? એ કહે છે - **કર્મોની** = જ્ઞાનાવરણીય વગેરેની, **નિર્જરા** = આત્મપ્રદેશો પરથી ખરી પડવું, **શીઘ્ર થાય છે** = તરત જ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે, કારણ કે અધ્યાત્મયોગનું ફળ છે નિર્જરા. અને જે સમર્થ હોય + જેને સહકારીઓનો યોગ થયો હોય, તો પછી પોતાના ફળને ઉત્પન્ન કરવામાં તેને વિલંબ ન ઘટે. તે

ताध्यात्मयोगानुभावः समतिक्रान्तसंयोगादिसम्बन्धभावसम्भव इति तमेव समर्थयति-

**कटस्य कर्त्ताऽहमिति, सम्बन्धः स्याद् द्वयोर्द्वयोः ।**
**ध्यानं ध्येयं यदात्मैव, सम्बन्धः कीदृशस्तदा ? ॥२५॥**

भेदैकाधारः सम्बन्धस्तदभावे न व्यवतिष्ठत इत्याशयं वृत्तं सुगमम् । उक्तं च - ध्यायते येन तद्ध्यानं, यो ध्यायति स एव वा । यत्र वा ध्यायते यद्वा, ध्यातिर्वा ध्यानमिष्यते

---

આ સર્વ ઉપાધિઓથી અતીત એવા અધ્યાત્મયોગનો પ્રભાવ છે, કે જેમાં કોઈ સંયોગ વગેરે સંબંધની હાજરીની શક્યતા જ નથી, માટે આ જ પ્રભાવનું સમર્થન કરતા કહે છે -

**'હું ચટ્ટાઈનો કર્તા છું' આ રીતે બે-બે નો સંબંધ થાય. પણ જ્યારે ધ્યાન અને ધ્યેય આત્મા જ છે, ત્યારે વળી સંબંધ કેવો ? ॥૨૫॥**

સંબંધનો મુખ્ય આધાર ભેદ છે. માટે ભેદ ન હોય, તો સંબંધ ઊભો રહેતો નથી, એવા આશયવાળો શ્લોક સુગમ છે. કહ્યું પણ છે કે - જેનાથી ધ્યાન કરે છે, તે ધ્યાન છે, અથવા તો જે ધ્યાતા છે તે જ ધ્યાન છે. અથવા તો જેમાં ધ્યાન કરે છે તે ધ્યાન છે. અથવા તો ધ્યાન કરવાની ક્રિયા એ ધ્યાન તરીકે ઈષ્ટ છે.

– इति (तत्त्वानुशासने ६७) । स च ध्यानरूप आत्मा यदाऽऽत्मानमेव ध्यायति, तदा ध्यानध्येयभेदः परमार्थवृत्त्या नास्त्येवेति ।

अथ यद्युक्तन्यायेन सम्बन्धसम्भवाभावस्तदा कथम्बन्ध-मोक्षभेदः सङ्गतिमङ्गति ? अन्यथा त्वाकाशस्यापि बन्धादिर्दुर्निवार इत्यत्राह –

**बध्यते मुच्यते जन्तुः सममो निर्ममः क्रमात् ।**
**तस्मात्सर्वप्रयत्नेन निर्ममत्वं विचिन्तयेत् ॥२६॥**

---

(તત્ત્વાનુશાસન-૬૭) અને તે ધ્યાનરૂપ આત્મા જ્યારે જ્યારે આત્માનું જ ધ્યાન કરે છે, ત્યારે ધ્યાન અને ધ્યેયનો ભેદ પરમાર્થવૃત્તિથી નથી જ.

**શંકા** - જો હમણા કહેલી નીતિથી સંબંધના સંભવનો અભાવ જ હોય = સંબંધ શક્ય જ ન હોય, તો પછી બંધ અને મોક્ષનો ભેદ શી રીતે ઘટે. જો કોઈ સંબંધ વગર પણ બંધ-મોક્ષ થતા હોય, તો પછી આકાશના ય બંધ વગેરે માનવા પડશે.

**સમાધાન** - અહીં ગ્રંથકારશ્રી જ પ્રત્યુત્તર આપે છે -

**ક્રમશઃ મમતાવાળો અને નિર્મમ જીવ બંધ અને મોક્ષ પામે છે. માટે સર્વ પ્રયત્નથી નિર્મમત્વનું વિભાવન કરવું જોઈએ. ॥૨૬॥**

**क्रमात्** - यथासङ्ख्यम्, **सममः** - शरीरादौ ममकार-सहितः, **जन्तुः** - जीवः, **बध्यते** - कर्मक्लेशैः परामृश्यते, निर्गतो ममेतिशब्दो यस्मात्स **निर्ममः** - वपुरादौ ममकार-विरहितः, स तु **मुच्यते** - कर्मक्लेशविश्लेषास्पदीभवति, हेतुवियोगे फलवियोगस्याऽऽवश्यकत्वात्, अपरथा निर्हेतुक-त्वापत्तेः, न चेष्टापत्तिः नित्यसत्त्वादिप्रसक्तेः, यदाह - नित्यं

---

**ક્રમશઃ** = યથાસંખ્ય, **સમમ** = શરીર વગેરેમાં મમત્વભાવથી યુક્ત, એવો **જંતુ** = જીવ **બંધાય છે** = કર્મના ક્લેશોથી પરામૃષ્ટ થાય છે = કર્મબંધ પામે છે. જેનામાંથી 'મારું' એવો શબ્દ નીકળી ગયો છે, તે **નિર્મમ** = શરીર વગેરેમાં મમત્વભાવથી રહિત, તે તો **મુક્તિ પામે છે** = કર્મક્લેશનો વિયોગ પામે છે. કારણ કે મમતારૂપી હેતુના વિયોગમાં બંધરૂપી ફળનો વિયોગ નિશ્ચિતરૂપે થાય છે. જો હેતુ ગેરહાજર હોવા છતાં પણ ફળ ઉત્પન્ન થઈ જાય, તો એ ફળ 'નિર્હેતુક' માનવું પડે.

**શંકા** - ભલે ને માનવું પડે, શું વાંધો છે ?

**સમાધાન** - વાંધો એ જ કે પછી એ બંધરૂપી ફળ કાં તો હંમેશા હાજર જ રહે અને કાં તો નિત્ય ગેરહાજર રહે. બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિએ કહ્યું છે - જે નિર્હેતુક છે,

सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् । अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः - इति (प्रमाणवार्त्तिके) ।

**तस्मात्** - ममत्वभावाभावयोर्बन्धमुक्तिप्रयोजकत्वात्, **सर्वप्रयत्नेन** - मुमुक्षुत्वज्ञापकाखिलोद्यमेन, **निर्ममत्वम्** - स्वमात्रानुभूत्येकप्रसाध्यं स्वसम्बन्धिसंवेदनशून्यमात्मपरिणामम्, **विचिन्तयेत्** - भावनाज्ञानानुभावेनात्मनि परिणमयेत् ।

अथैतत्परिणामप्रादुर्भावे सति 'न मम धनादि' इत्यादिवत्

---

તેને બીજાની અપેક્ષા નથી. માટે યા તો તેની નિત્ય વિદ્યમાનતા હશે અને યા તો નિત્ય અવિદ્યમાનતા હશે. કારણ કે પદાર્થોની કાદાચિત્કતા = અમુક કાળ જ રહેવાપણું એ બીજાની (હેતુની) અપેક્ષાથી જ શક્ય બને છે. (પ્રમાણવાર્ત્તિક)

**તેથી** = મમત્વની હાજરી તથા ગેરહાજરી બંધ અને મુક્તિની પ્રયોજક હોવાથી, **સર્વપ્રયત્નથી** = મુમુક્ષુપણાના સૂચક એવા સર્વ ઉદ્યમથી, **નિર્મમપણાને** = માત્ર આત્માની જ અનુભૂતિથી સાધી શકાય એવાં, પોતાના સંબંધીના સંવેદનથી શૂન્ય એવા આત્મપરિણામને, **વિચિંતવે** = ભાવનાજ્ઞાનના પ્રભાવથી આત્મામાં પરિણમાવે.

**પૂર્વપક્ષ** - આવો પરિણામ પ્રગટ થતાં જેમ 'ધન

'न मम ज्ञानादि' इत्यप्यापतेत्, तथा च लाभमिच्छतो मूलक्षतिः, न च धनादिगोचरस्यैव ममकारस्य निषेधः क्रियत इति वाच्यम्, एवमपि सर्वथानिर्ममत्वक्षतेः, न च प्रशस्तगोचरत्वेनादोष इति वाच्यम्, उक्तहेतोः । एवञ्च ममत्वभावाभावयोरुभयोरपि दोषतादवस्थ्याद्विसंस्थुलत्वेन व्यवस्थितमिदं वृत्तमिति ।

---

વગેરે મારું નથી' આવું સંવેદન થશે, તેમ 'જ્ઞાન વગેરે મારું નથી' એવું પણ સંવેદન થશે, અને તે રીતે તો કમાણી કરવા જતાં મૂડી પણ જતી રહેશે.

'અમે તો ધન વગેરેના વિષયની મમતાનો જ નિષેધ કરીએ છીએ' એવું તમારે ન કહેવું. કારણ કે એ રીતે પણ સર્વથા નિર્ભમત્વ ટકી શકતું નથી.

એવું પણ ન કહેવું કે, 'પ્રશસ્તવિષયક મમતા હોવાથી તેમાં દોષ નથી.' કારણ કે તો ય સર્વથા નિર્ભમત્વ ન ઘટે એ દોષ તો ઊભો જ રહે છે. માટે મમત્વની હાજરીમાં તમે કહેલ દોષ આવે, અને મમત્વની ગેરહાજરીમાં અમે કહેલો દોષ આવે, માટે આ શ્લોક કઢંગી દશામાં છે.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે અમે સર્વથા નિર્ભમત્વ જ માન્યું છે.

मैवम्, सर्वथैव निर्ममत्वाङ्गीकारात्, ननु चोक्त एव तत्र ज्ञानाद्यभावप्रसङ्ग इति चेत् ? सत्यमुक्तोऽसमीक्ष्य तूक्तः, निश्चयनये तद्विरहात्, तदभिप्रायेण ज्ञानादेरात्मनोऽभिन्नत्वात्, भेदस्य प्रतिभासमानस्य विकल्पयोनित्वेन वास्तवस्याभावात्, घटरूपवत्, तदुक्तम् - घटस्य रूपमित्यत्र यथा भेदो विकल्पजः । आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः - इति (अध्यात्मसारे १८-९) । अवश्यमेवमेवैतदङ्गी-कर्तव्यम्, अन्यथाऽऽत्माभावज्ञानादिजडत्वापत्तेः, उक्तं च -

---

**પૂર્વપક્ષ** - અરે, પણ એ માન્યતામાં જ્ઞાન વગેરેના અભાવની આપત્તિ કહી જ છે ને ? કહી, એ વાત સાચી, પણ વિચાર્યા વિના કહી છે, કારણ કે નિશ્ચયનયમાં એ આપત્તિ છે જ નહીં. કારણ કે નિશ્ચયનયના અભિપ્રાયથી જ્ઞાન વગેરે આત્માથી અભિન્ન છે. 'મારું જ્ઞાન' એવો જે ભેદ ભાસે છે, તે વિકલ્પજનિત હોવાથી વાસ્તવિક નથી. 'ઘટનું રૂપ' એવા પ્રતિભાસની જેમ.

મહોપાધ્યાયજીએ કહ્યું છે - 'ઘટનું રૂપ' અહીં જેમ ભેદ વિકલ્પજનિત છે, તેમ આત્માનો અને ગુણોનો ભેદ તાત્ત્વિક નથી. (અધ્યાત્મસાર ૧૮-૯) આ વસ્તુ અવશ્યપણે આ જ રીતે સ્વીકારવી જોઈએ, અન્યથા

वस्तुतस्तु गुणानां तद्रूपं न स्वात्मनः पृथक् । आत्मा स्यादन्यथाऽनात्मा ज्ञानाद्यपि जडं भवेत् - इति (अध्यात्मसारे १८-११) । तथा चावोचाम - ज्ञानदर्शनचारित्राण्यहं तानि पुनर्न मे । नानेकान्तोऽत्र तेन स्या-देकोऽहं नास्ति कोऽपि मे - इति (शमोपनिषदि ४-५) । इत्थञ्चाध्यारूढं सिद्धिसौधं निर्दोषतया निर्ममत्वमिति यतितव्यमत्र, तदभावे मुक्तिमार्गस्यापि

---

આત્માનો અભાવ થઈ જવાની તથા જ્ઞાન વગેરે જડ થઈ જવાની આપત્તિ આવે, કહ્યું પણ છે - વાસ્તવમાં ગુણોનું તે સ્વરૂપ પોતાના આત્માથી ભિન્ન નથી. અન્યથા જીવ અજીવ બની જાય અને જ્ઞાન વગેરે પણ જડ બની જાય. (અધ્યાત્મસાર ૧૮-૧૧) (સમ્મતિતર્ક આદિ ગ્રંથોમાં સમવાયનો નિષેધ કરતા વાદસ્થળમાં આ પદાર્થ વિસ્તૃત રૂપે સમજાવ્યો છે.) તે પ્રમાણે અમે પણ કહ્યું છે કે - જ્ઞાન, દર્શન, ચારિત્ર એ હું છું. પણ એ મારા નથી. માટે 'હું એકલો છું મારું કોઈ નથી' આ વાક્યમાં અનેકાંત શેષ નહીં આવે. (શમોપનિષદ્ ૪-૫) આ રીતે નિર્મમત્વ એ નિર્દોષ તરીકે સિદ્ધિમહેલમાં આરૂઢ થઈ ગયું = સિદ્ધ થઈ ગયું. માટે નિર્મમત્વ માટે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે જો નિર્મમત્વ ન હોય તો મુક્તિમાર્ગ પણ દેખાઈ શકતો નથી, તો તેની પ્રાપ્તિની તો વાત જ ક્યાં

दर्शनातीततया तदवाप्तिगन्धस्याप्यभावाच्च, तथा च पारमार्षम् – से हु दिट्ठपहे मुणी, जस्स नत्थि ममाइअं – इति (आचाराङ्गे १-२-६/९८) । निर्ममतामेवानुभावयन्नाह –

**एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।**
**बाह्याः संयोगजा भावा, मत्तः सर्वेऽपि सर्वथा ॥२७॥**

**अहम्** – वक्ष्यमाणविशेषणविसरविशेष्यः सर्वोपाधिशून्य आत्मा, **निर्ममः** – विश्वविश्ववस्तुविनिवृत्तस्वत्वाऽऽग्रहः, अत **एवैकः**, सम्बन्धविरहेण द्वितीयाभावात्, अत एव **शुद्धः**,

---

રહી ? તેવું પરમર્ષિનું વચન પણ કહે છે કે – તે જ મુનિએ માર્ગને જોયો છે, કે જેને મમતા નથી. (આચારાંગ ૧-૨-૬/૯૮). નિર્મમત્વનું જ વિભાવન કરાવતા કહે છે –

**હું એક, નિર્મમ, શુદ્ધ, જ્ઞાની અને યોગીન્દ્રવિષય છું. સંયોગજનિત સર્વ ભાવો મારાથી સર્વથા બાહ્ય છે. ॥૨૭॥**

**હું** = હવે કહેવાશે તે વિશેષણોનો વિશેષ્ય એવો, સર્વ ઉપાધિઓથી રહિત એવો આત્મા, **નિર્મમ** = સમગ્ર વિશ્વની વસ્તુઓ પરથી જેનો મારાપણાનો આગ્રહ જતો રહ્યો છે તેવો, માટે જ **એક**, કારણ કે સંબંધ જ ન હોવાથી બીજું કોઈ મારી સાથે નથી. માટે જ **શુદ્ધ**,

विजातीयव्यामिश्रताऽभावात्, अत एव **ज्ञानी**, विजातीयस्यैव ज्ञानावारकत्वेन तदभावे ज्ञानस्य विधुवारिधरनीत्या स्वयम्भूतयाऽऽविर्भावात्, अत एव **योगीन्द्रगोचरः**, ज्ञानैकविग्रहतया परेषामदृश्यत्वात् ।

ननु प्रत्यक्षमीक्ष्यमाणसंयोगापलापेन न युक्तमेकत्वाद्यापादयितुमिति चेत् ? अत्राह - **बाह्ये**त्यादि । उपरागस्थानीया

---

કારણ કે વિજાતીય = પુદ્ગલ સાથે મારું મિશ્રણ થયું નથી, માટે જ **જ્ઞાની**, વિજાતીય જ જ્ઞાનનું આવારક છે, તેથી તે ન હોવાથી મારું જ્ઞાન પોતાની મેળે જ પ્રગટ થાય છે. જેમ કે વાદળાના અભાવમાં ચંદ્ર પોતાની મેળે પ્રગટ થાય છે. માટે જ **યોગીન્દ્રવિષય** = યોગીન્દ્ર જ જોઈ/જાણી શકે તેવો, કારણ કે જ્ઞાન એ જ મારી કાયા છે. તેથી બીજાઓ માટે હું અદશ્ય છું.

**શંકા** - પણ સંયોગો તો પ્રત્યક્ષ દેખાય છે, તેથી તેમનો અપલાપ કરીને એકત્વની સિદ્ધિ કરવી ઉચિત નથી.

**સમાધાન** - આનો જ જવાબ આપતા કહ્યું છે - **બાહ્ય** ઈત્યાદિ. આશય એ છે કે જેમ સ્ફટિકમાં લાલ-પીળા રંગનું પ્રતિબિંબ પડે, તેમાં સ્ફટિકને કોઈ ફરક પડતો નથી, તેમ દેખાતા સંયોગોથી પણ મને કોઈ ફરક

एते न परमार्थतो मां स्पृशन्त्यपीत्याशयः, यथा चात्यन्तभिन्नता संयोगानां तथा व्युत्पादितमस्माभिर्ज्ञानोपनिषदीति नात्र प्रतन्यते।

अथ भवतु संयोगानां बाह्यत्वम्, तथाप्युपास्या एवैते, सुखसन्दोहसाधनत्वात्, एकत्वाद्यनुचिन्तायां दैन्यादिदोषानुषङ्गाच्चेति चेत् ? न, वस्तुस्थितेर्विपर्यस्तत्वात्, एतदेवाचष्टे-

**दुःखसन्दोहभागित्वं संयोगादिह देहिनाम् ।**
**त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः ॥२८॥**

---

પડતો નથી. વાસ્તવમાં તેઓ મને સ્પર્શ પણ કરતા નથી. સંયોગો આત્માથી તદ્દન ભિન્ન છે, એ અમે જ્ઞાનોપનિષદ્‌માં સમજાવ્યું છે. માટે અહીં તે નથી કહેતા.

**શંકા** - સંયોગો ભલે બાહ્ય હોય, તો પણ તેમની ઉપાસના કરવી જ જોઈએ. કારણ કે તેઓ સુખોના સમૂહના સાધન છે. વળી એકત્વના ચિંતનમાં તો 'હાય, હું એકલો છું' એમ દીનતા વગેરે દોષોનો પણ સંસર્ગ થાય. માટે પણ એકત્વની ભાવના ઉચિત નથી.

**સમાધાન** - ના, વાસ્તવિકતા એનાથી ઉલ્ટી છે. ગ્રંથકારશ્રી એ જ જણાવી રહ્યા છે-

**જીવો સંયોગથી દુઃખોના સમૂહના ભાગી થાય છે. માટે એ સર્વનો હું મન-વચન-કાયાથી ત્યાગ કરું છું. ॥૨૮॥**

**दुःखे**त्यादि । प्रयोगश्चात्र–देहिनां दुःखसन्दोहः संयोग-हेतुकः, तथा संयोगस्वाभाव्यात्, कण्टकसंयोगवत्, व्यतिरेक-निदर्शनं सिद्धजीवाः । न चेष्टसंयोगेनानेकान्त इति वाच्यम्, तत्रापि दुःखसन्दोहहेतुताऽनतिवृत्तेः, उक्तं च – सम्बन्धान् कुरुते जन्तुर्यावन्त आत्मनः प्रियान् । तावन्तस्तस्य जायन्ते हृदये शोकशङ्कवः– इति । ननु च कोऽत्रापि हेतुरिति चेत् ? इष्टस्य गतागतादिनिखिलावस्थानां दुःखैकनिबन्धनत्वादिति

---

**દુઃખ** ઈત્યાદિ. અહીં આ રીતે અનુમાન પ્રયોગ થશે - જીવોના દુઃખોના સમૂહનું કારણ સંયોગ છે, કારણ કે સંયોગનો તથાવિધ = દુઃખ આપવાનો સ્વભાવ છે, જેમ કે કંટકનો સંયોગ, તેમાં વ્યતિરેક દૃષ્ટાંત છે સિદ્ધના જીવો, તેમને સંયોગ નથી, તેથી દુઃખ પણ નથી.

**પૂર્વપક્ષ** - ઈષ્ટસંયોગને લઈને તમારો હેતુ અનેકાંતિક બને છે. ઈષ્ટસંયોગ એ સંયોગ તો છે, પણ તે દુઃખના બદલે સુખનો હેતુ બને છે.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે ઈષ્ટસંયોગ પણ દુઃખનું કારણ બને જ છે. કહ્યું પણ છે કે - જીવ પોતાના જેટલા પ્રિય સંબંધો કરે છે, એટલા તેના હૃદયમાં શોકશંકુઓ (શંકુ = શસ્ત્રવિશેષ) થાય છે.

**શંકા** - પણ એનું ય શું કારણ ?

गृहाण, तथा च प्रागुक्तमेव (पृ. ५१) - चिन्ता गते भवति साध्वसमन्ति-कस्थे, मुक्ते तु तप्तिरधिका रमितेऽप्यतृप्तिः । द्वेषोऽन्यभाजि वशवर्त्तिनि दग्धमानः, प्राप्तिः सुखस्य दयिते न कथञ्चिदस्ति - इति । यदीष्टसंयोगस्यापि दुःखफलत्वं तदेतरस्य तु का कथेति सिद्धं संयोगमात्रस्य दुःखहेतुत्वम् ।

**ततः** - अनन्तरोक्तहेतोः, **मनोवाक्कायकर्मभिः सर्व-मेनम्** - संयोगम् **त्यजामि**, संयुक्तत्वाभिमानमुत्सृजा-

---

**સમાધાન** - કારણ એ જ કે ઈષ્ટ વસ્તુ જાય કે રહે, એની બધી અવસ્થાઓ દુઃખનું જ કારણ થાય છે. પૂર્વે (પૃ. ૬૫) કહ્યું પણ છે - પ્રિય વસ્તુ જતી રહે તો ચિંતા થાય છે. પાસે હોય તો ડર લાગે છે. તેને છોડી દો તો વધુ સંતાપ થાય છે. તેનો ભોગવટો કરો તો ય તૃપ્તિ થતી નથી, બીજાની પાસે હોય, તો દ્વેષ થાય છે અને પોતાને વશ હોય તો દગ્ધમાન (અભિમાનથી સળગવાપણું ?) થાય છે. ખરેખર દયિત (પતિ કે પ્રિયવસ્તુ)થી કોઈ રીતે સુખની પ્રાપ્તિ થતી નથી. આ રીતે જો ઈષ્ટ સંયોગનું ફળ પણ દુઃખ જ હોય, તો બીજાની તો શું વાત કરવી ? માટે સિદ્ધ થયું કે સંયોગમાત્ર દુઃખનું કારણ છે.

**તેથી** = હમણા કહેલા કારણથી, **મન-વચન-કાયાથી એ સર્વ** સંયોગનો **ત્યાગ કરું છું.** આશય એ છે કે હું

मीत्याशयः । पर्यवसितमाह –

**न मे मृत्युः कुतो भीति-र्न मे व्याधिः कुतो व्यथा ? ।**
**नाहं बालो न वृद्धोऽहं, न युवैतानि पुद्गले ॥२९॥**

**मे मृत्युर्न** सम्भवति, असंयुक्तत्वेन शुद्धस्वरूपस्य मम सदातनत्वात्, अतः **कुतो** मम **भीतिः** – मरणभयम् ? न हि तदगोचरस्य मम ततो भयं सम्भवतीत्याशयः । तथा **मे व्याधिरपि न** सम्भवति, असम्भवद्विकारत्वेन तदनवकाशात्, अतः **कुतो** मे **व्यथा ?** हेतुविरहेण न कुतश्चिदिति हृदयम् ।

---

સંયોગવાળો છું એવી માન્યતાને હું છોડી દઉં છું. તેનાથી જે ફલિત થયું, તે કહે છે -

**મારું મૃત્યુ નથી, ડર શાનો ? મને રોગ નથી, વ્યથા શાની ? હું બાળ, વૃદ્ધ કે યુવાન નથી, એ તો પુદ્‌ગલમાં હોય છે. ॥૨૯॥**

**મારું મૃત્યુ** સંભવતું **નથી.** કારણ કે હું સંયોગરહિત હોવાથી શુદ્ધસ્વરૂપી છું, તેથી સનાતન-નિત્ય છું. તેથી મને **ભય** = મરણનો ડર **ક્યાંથી ?** હું મૃત્યુનો વિષય જ નથી, માટે મને મૃત્યુથી ભય સંભવતો નથી, એવો અહીં આશય છે. તથા **મને રોગ** પણ સંભવતો **નથી.** કારણ કે મારામાં કોઈ વિકાર = ફેરફારનો સંભવ ન હોવાથી મને રોગનો અવકાશ જ નથી. માટે મને **વ્યથા**

किञ्च **नाहं बाल** इत्यादि । अत्र हेतुमाह - **पुद्गल एवैतानि** मरणादीनि यतो भवन्ति । न च त्वमपि पुद्गलान्तर्भूतत्वेन तद्गोचर इति वाच्यम्, भिन्नद्रव्यत्वात्, एतदपि गुणवैधर्म्यात् । नन्वस्तु गुणवैधर्म्यं माऽस्तु द्रव्यभेदः, को दोष इति चेत् ? वसुन्धराव्योमाभेदप्रसङ्ग इति गृहाण, तयोरपि

---

**શાથી ?** અર્થાત્ વ્યથાનું કારણ જ ન હોવાથી મને કોઈ રીતે વ્યથા નથી.

વળી **હું બાળ નથી** ઈત્યાદિ. એનું કારણ કહે છે કે જેથી આ મરણ વગેરે **પુદ્ગલમાં** જ થાય છે.

**શંકા** - પણ તમે ય પુદ્ગલમાં જ અંતર્ભૂત છો. તેથી મરણ વગેરેના વિષય છો જ ને ?

**સમાધાન** - ના, હું પુદ્ગલથી જુદો છું. કારણ કે પુદ્ગલદ્રવ્યથી મારું આત્મદ્રવ્ય ભિન્ન છે. એનું કારણ પણ એ છે કે પુદ્ગલના ગુણો અને મારા આત્માના ગુણોમાં વિસદૃશતા છે.

**શંકા** - ગુણોની વિસદૃશતા ભલે હોય, પણ દ્રવ્યમાં ભિન્નતા ન હોય, તો શું વાંધો છો ?

**સમાધાન** - વાંધો એ કે તો પછી ધરતી અને આકાશ એ બન્ને વચ્ચે ય ભેદ ન રહેવાની આપત્તિ આવે. કારણ કે ધરતી અને આકાશ પણ એ જ કારણથી જુદા છે કે

गुणवैधर्म्यस्यैव भेदनिबन्धनत्वात् । अथ तत्र गुणवैधर्म्यं प्रत्यक्षमीक्ष्यते, न तु प्रकृत इति हेतुरेवासिद्धः । मैवम्, ज्ञाज्ञत्ववैधर्म्यस्यात्रापि स्पष्टत्वात्, तदवदाम-वैधर्म्यं यत्र तद् भिन्नं, पृथिव्या गगनं यथा । ज्ञस्वभावोऽज्ञकादस्माद्, भिन्नोऽस्मि पुद्गलादहम् - इति (शमोपनिषदि ५-४) ।

तथा च पुद्गलस्यैव मरणाद्या अपाया बालाद्यवस्थाविशेषाश्च सम्भवन्ति, न तु ततोऽत्यन्तं भिन्नस्य

---

ते બે વચ્ચે ગુણવિસદૃશતા છે.

**શંકા** - ધરતી મૂર્ત્ત છે, વર્ણાદિ યુક્ત છે. આકાશ અમૂર્ત્ત છે, વર્ણાદિ રહિત છે, એવું ગુણવૈધર્મ્ય તે બેમાં સ્પષ્ટ દેખાય છે. પણ પ્રસ્તુતમાં = જીવ અને પુદ્ગલની બાબતમાં તેવું દેખાતું નથી. માટે તમારો હેતુ જ અસિદ્ધ છે.

**સમાધાન** - ના, કારણ કે જ્ઞાનીપણું અને અજ્ઞાનીપણું એવું ગુણવૈધર્મ્ય અહીં પણ સ્પષ્ટ જ છે. પૂર્વે (પૃ. ૨૧) કહ્યું જ છે - જ્યાં વૈધર્મ્ય છે, તે ભિન્ન છે. જેમ કે પૃથ્વીથી આકાશ. માટે જ્ઞાનસ્વભાવી એવો હું અજ્ઞાની એવા પુદ્ગલથી ભિન્ન છું. (શમોપનિષદ્ ૫-૪)

તેથી પુદ્ગલને જ મરણ વગેરે અપાયો અને બાળ વગેરે અવસ્થાવિશેષો સંભવે છે. તેનાથી અત્યંત ભિન્ન

ममात्मनः, इति को नु मे मरणादितस्तद्धेतुतो वा साध्वसम् ? उक्तं च परैरपि– नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः – इति ।

ननु भवतु भवति पुद्गलभेदः, तथापि मनोज्ञाहारेष्ट–कान्ताकायादिपुद्गला अत्यन्तं स्पृहणीया भवन्तीति तदवाप्ति–यत्न एव क्रियताम्, अलं तद्भेदडिण्डिमेनेति चेत्? अत्राह–

---

એવા મારા આત્માને નહીં. માટે મરણ વગેરેથી કે તેના કારણથી–(શસ્ત્રાદિથી) મને ભય શાનો ?

અન્યોએ પણ કહ્યું છે કે આત્માને શસ્ત્રો છેદતા નથી, આત્માને અગ્નિ બાળતો નથી. વળી એને પાણી ભીંજવતો નથી, પવન તેને શોષવી નાખતો નથી.

**પૂર્વપક્ષ** - તમે પુદ્ગલથી ભિન્ન ભલે હો, તો પણ મનોહર આહાર, પ્રિય પત્નીની કાયા વગેરે પુદ્ગલો ખૂબ જ સ્પૃહણીય હોય છે. તેથી તેની પ્રાપ્તિ માટે યત્ન જ કરવા માંડો, હું પુદ્ગલથી જુદો છું, એવો ઢંઢેરો પીટવાનો કોઈ અર્થ નથી.

**ઉત્તરપક્ષ** - ગ્રંથકારશ્રી જાણે આ જ દલીલનો પ્રતિભાવ આપી રહ્યા છે -

**भुक्तोज्झिता मुहुर्मोहा-न्मया सर्वेऽपि पुद्गलाः ।**
**उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा ? ॥३०॥**

**भुक्ते**त्यादि । एतच्च द्रव्यपुद्गलपरावर्त्तनीत्या स्पष्टमेव, तथा चार्षम्-संसारचक्कवाले सव्वेवि अ पुग्गला मए बहुसो । आहरिया य परिणामिया य न य तेसु तित्तोऽहं - इति (इन्द्रियपराजयशतके १७) तद**द्योच्छिष्टेष्विव तेषु** वान्तविष्टाद्युपमेषु पुद्गलेषु **विज्ञस्य** - श्रुतप्रज्ञाप्रभावावगततत्तज्जुगुप्सि-

---

**મોહથી મેં અનેકવાર સર્વ પુદ્ગલો ભોગવીને છોડી દીધા, તો આજે જાણે એંઠા હોય એવા તેઓમાં વિજ્ઞ એવા મને શી સ્પૃહા હોય ? ॥૩૦॥**

**ભુક્ત** ઈત્યાદિ. આ વાત દ્રવ્યપુદ્ગલપરાવર્તની નીતિથી સ્પષ્ટ જ છે. (દ્રવ્ય પુદ્ગલપરાવર્ત ત્યારે થાય છે જ્યારે આત્મા ઔદારિકાદિ વર્ગણા રૂપે રહેલા સર્વ પુદ્ગલોનો તે તે રૂપે ભોગવટો કરી લે.) ઋષિનું વચન પણ છે કે - સંસારના ભ્રમણમાં મેં સર્વ પુદ્ગલોને ઘણી વાર ખાધા અને (ખલ-રસ રૂપે) પરિણામાવ્યા, પણ હું તેનાથી તૃપ્ત ન થયો. (ઈન્દ્રિયપરાજયશતક ૧૭) તો **આજે જાણે એઠા હોય** એવા ઉલ્ટી, વિષ્ટા વગેરે સમાન **તે** પુદ્ગલોમાં **વિજ્ઞ** = જેણે શ્રુતજ્ઞાનથી પરિકર્મિત મતિના પ્રભાવથી તે તે જુગુપ્સિત પર્યાયોને જાણ્યા છે એવા **મને શી સ્પૃહા હોય ?**

तपर्यायस्य **मम का स्पृहा ?** न हि कस्यचिदनुन्मत्तस्य वान्तादावभिलाषोऽभिजायते कदाचिदिति यत्किञ्चिद्भवदीरितमित्यभिप्रायः ।

अतः सर्वतो व्यावृत्त्यात्महितायैव यतितव्यम्, जडेष्वपि स्वहितप्रवृत्तिदर्शनादिति निदर्शयति –

**कर्म कर्महिताबन्धि, जीवो जीवहितस्पृहः ।**
**स्वस्वप्रभावभूयस्त्वे, स्वार्थं को वा न वाञ्छति?॥३१॥**

**कर्म** – उदयप्राप्तं ज्ञानावरणाद्याख्यपुद्गलम्, **कर्महिता-**

---

ખરેખર, જે ગાંડો ન હોય, તેને કદી ઉલ્ટી વગેરેની સ્પૃહા થતી નથી. માટે તમે જે પ્રેરણા કરી એ નિઃસાર છે. એવો અહીં અભિપ્રાય છે.

માટે બધેથી વ્યાવૃત્ત થઈને આત્માના હિત માટે જ પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે જડ વસ્તુઓમાં પણ પોતાના હિતની પ્રવૃત્તિ દેખાય છે. માટે તેનું ઉદાહરણ આપવા સાથે આત્મહિત માટે પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે છે-

**કર્મ કર્મનું હિત કરે છે. જીવ જીવના હિતની સ્પૃહા કરે છે. અથવા તો જ્યારે પોતપોતાના પ્રભાવની બહુલતા હોય, ત્યારે કોણ સ્વાર્થને ન ઈચ્છે ? ॥૩૧॥**

**કર્મ** = ઉદયમાં આવેલ જ્ઞાનાવરણીય વગેરે પુદ્ગલ,

**बन्धि** - स्वजातीयोपचयानुगुणचेष्टाकम्, अयं भावः, उदयप्राप्तं ज्ञानावरणादि कर्म स्वोदयानुभावेन तथा मनोवाक्कायप्रवृत्तिं कारयति, यथाऽज्ञानादिप्रयुक्तकर्मबन्धेनाधिकतरं बध्यत आत्मा। न चैवं संसारानुपरमप्रसक्तिरिति वाच्यम्, अचरमा-वर्त्तमाश्रित्यैतदभिधानात्, प्रसिद्धं चोपदेशपदादौ पल्यज्ञातेन

---

તે **કર્મહિતાનુબંધી** છે = પોતાની જાતિની વ્યક્તિની પુષ્ટિ કરે તેવી ચેષ્ટા કરનારું છે. આશય એ છે કે ઉદયમાં આવેલા જ્ઞાનાવરણીય વગેરે કર્મો પોતાના ઉદયના પ્રભાવે એવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરાવે છે કે જેનાથી આત્મા અજ્ઞાન વગેરેથી થયેલા કર્મબંધથી વધારે બંધાય છે.

**શંકા** - તો આ રીતે તો કદી સંસારનો અંત જ નહીં આવે.

**સમાધાન** - ના, આ વચન અચરમાવર્ત્ત કાળની અપેક્ષાએ કહ્યું છે. કારણ કે એ કાળમાં આ રીતે કર્મોદય-કર્મબંધનું ચક્ર ચાલ્યા જ કરે છે. ઉપદેશપદ વગેરે ગ્રંથોમાં 'પલ્ય'ના દૃષ્ટાંતથી ઘણા પ્રક્ષેપ અને અલ્પ નિકાલ વગેરેના ક્રમથી આ પદાર્થ સ્પષ્ટ કરેલ છે. એ જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી શકાય.

વળી અન્ય કાળે પણ મોહનીય કર્મને આશ્રીને

बहुप्रक्षेपाल्पनिष्क्रमादिक्रमेणेदम् । अन्यदाऽपि मोहनीयमाश्रित्य स्वोदयोपचय उपपन्न एव, यदुक्तम् - जे वेयइ ते बंधइ - इति । न च विशेषापेक्षमिदं शेषेष्वसिद्धमिति वाच्यम्, मोह-नीयस्य कर्मराजत्वेन राज्ञि राज्यव्यपदेशस्य न्यायानपेतत्वात् । इत्थञ्च कर्मणि स्वहिताबन्धिता सिद्धैव ।

किञ्च **जीवो**ऽपि व्यपगतानादिभवभावनोऽवगतविविक्ता-

---

પોતાના ઉદયમાં પોતાનો ઉપચય ઘટે જ છે. તેથી જ કહ્યું છે કે જેને વેદે છે, તે (હાસ્યમોહનીયાદિ કર્મ) બાંધે છે.

**શંકા** - પણ એ વિધાન તો વિશેષની અપેક્ષાએ કર્યું છે. માટે બાકીના કર્મોની અપેક્ષાએ તો એ વાત (પોતાના ઉદયમાં પોતાનો ઉપચય કરવાની વાત) અસિદ્ધ જ રહી ને ?

**સમાધાન** - ના, કારણ કે મોહનીય એ કર્મોનો રાજા છે. રાજામાં રાજ્યનો વ્યપદેશ કરવો એ ન્યાયસંગત છે. માટે મોહનીયમાં ઘટે એ વાત પણ સામાન્ય કર્મના વ્યપદેશથી કહેવાય તેમાં દોષ નથી. આ રીતે કર્મમાં પોતાનું હિત કરવાની પ્રવૃત્તિ સિદ્ધ જ છે.

વળી **જીવ** પણ, જેને અનાદિ કાળની સંસારભાવના (સંસાર જ ઉપાદેય લાગે તેવો ભાવ) જતી રહી છે, જેણે

त्मस्वरूपः कश्चिद् गजसुकुमालादिः, **जीवहितस्पृहः** - स्वविजातीयात्मकविपक्षक्षपणप्रयुक्तात्मकल्याणकामी भवति । अत्र सामान्यत एव हेतुमाह-**स्वस्वप्रभावभूयस्त्वे** - अचरमावर्त्तादिकालादिसामग्रीसमवधानवशादात्मीयात्मीयानुभावबाहुल्ये-सञ्जाते सति, **को वा स्वार्थं न वाञ्छति ?** मन्दोऽप्य-

---

આત્માનું વિવિક્ત (શુદ્ધ) સ્વરૂપ જાણી લીધું છે એવા કોઈ ગજસુકુમાલ વગેરે **જીવના હિતની સ્પૃહા કરે છે** = પોતાના વિજાતીય (પુદ્ગલ) રૂપ શત્રુને ક્ષીણ કરવા દ્વારા પોતાનું કલ્યાણ ઈચ્છે છે. એમાં સામાન્યથી જ હેતુ કહે છે - **પોતપોતાનો પ્રભાવ ઘણો હોય** = અચરમાવર્ત્ત વગેરે કાળ ઈત્યાદિ સામગ્રીની પ્રાપ્તિને કારણે પોતપોતાના પ્રભાવની બહુલતા થઈ હોય ત્યારે. આશય એ છે કે અચરમાવર્ત્ત કાળ, ભવિતવ્યતાનું પ્રતિકૂળપણું એવા સંયોગો હોય, તેમાં પુદ્ગલનો - કર્મનો પ્રભાવ વધારે હોય છે, જીવ દુર્બળ હોય છે. જ્યારે ચરમાવર્ત્ત કાળ વગેરે સામગ્રી પ્રાપ્ત થાય ત્યારે કર્મ નિર્બળ બને છે, અને જીવ પ્રબળ બને છે.

આ સ્થિતિમાં **સ્વાર્થ કોણ ન ઈચ્છે ?** મંદબુદ્ધિ હોય તે પણ ઈચ્છે જ એવો આશય છે.

અહીં **અથવા તો** એમ કહ્યું છે, તેનો ભાવાર્થ એ છે

भिलषत्येवेत्याशयः । अतः स्वार्थे यतितव्यम्, अन्यथा मौर्ख्यानुषङ्गाच्च, तदाहुः - स्वार्थभ्रंशो हि मूर्खता - इति (त्रिषष्टि० चरित्रे) । अन्यत्रापि - स्निह्यन्ति तावद्धि निजा निजेषु, पश्यन्ति यावन्निजमर्थमेभ्यः । इमां भवेऽत्रापि समीक्ष्य रीतिं, स्वार्थे न कः प्रेत्यहिते यतेत ? - इति (अध्यात्म-कल्पद्रुमे १-२६) । अतः -

---

કે શ્લોકના પૂર્વાર્ધમાં કહેલી વાત આશ્ચર્યકારક નથી પણ સ્વાભાવિક જ છે. પોતાનું બળ વધારે હોય, ત્યારે બધા સ્વાર્થ સાધી લેવા માટે ઈચ્છે જ ને ?

માટે સ્વાર્થ સાધવા યત્ન કરવો જોઈએ, અન્યથા મૂર્ખતાનો અનુસંગ (સંયોગ) થાય, ત્રિષષ્ટિ૦ ચરિત્રમાં કહ્યું પણ છે - સ્વાર્થથી ભ્રષ્ટ થવું, એ મૂર્ખતા છે.

અન્યત્ર પણ કહ્યું છે કે પોતાના માનેલા સ્વજનો પોતાનાઓને ત્યાં સુધી જ સ્નેહ કરે છે, કે જ્યાં સુધી તેમને સ્વજનો પાસેથી પોતાનો સ્વાર્થ સધાતો દેખાય છે. અહીં આ ભવમાં પણ આ રીત જોઈને, એવો કયો ડાહ્યો માણસ હોય, કે જે પરલોકમાં પોતાના આત્માનું હિત થાય, એવો પ્રયત્ન ન કરે ? (અધ્યાત્મકલ્પદ્રુમ ૧-૨૬) માટે -

**परोपकृतिमुत्सृज्य, स्वोपकारपरो भव ।**
**उपकुर्वन् परस्याज्ञो, दृश्यमानस्य लोकवत् ॥३२॥**

**परे**त्यादि । पुद्गलप्रीतिं कर्मबन्धानुगुणतां च विहायात्मकल्याणैकपरायणः स्या इति हृदयम् । एतेन परोपकारसारतया धर्मोपदेशानामधर्मवचोऽन्तर्भूतमिदमिति निरस्तम्, प्रेरकाभिप्रेत-

---

**પરોપકાર છોડીને સ્વોપકારમાં તત્પર થા. જે દેખાતા પર ઉપર ઉપકાર કરે છે, તે લોકની જેમ અજ્ઞાની છે.** ॥૩૨॥

**પર** ઈત્યાદિ. આ શ્લોકનો આશય એ છે કે તું પર = પુદ્ગલ પ્રત્યેની પ્રીતિ અને કર્મબંધ કરાવે તેવી વૃત્તિને છોડીને આત્મકલ્યાણમાં જ તત્પર બની જા.

**શંકા** - ધર્મનો ઉપદેશ તો પરોપકારની પ્રધાનતાવાળો હોય છે. માટે આ શ્લોક અધર્મવચન છે, એવું નથી લાગતું ?

**સમાધાન** - ના, આ શ્લોકનું અહીં જે રીતે અર્થઘટન કર્યું છે તે રીતે તમે કહેલી શંકાનો નિરાસ થાય છે. કારણ કે અહીં પર = પુદ્ગલ/કર્મ અભિપ્રેત છે. વળી શંકાકારને જે પરોપકાર અભિપ્રેત છે, તે પણ આત્મોપકારની અંતર્ભૂત જ છે.

આશય એ છે કે શંકાકાર શાસ્ત્રવિહિત પરોપકારને

परोपकारस्याप्यात्मकल्याणानतिवृत्तेश्च। इतरस्तु परोपकारः स्वार्थ-भ्रंशात्मक एवेति त्याज्यः सः । एनमेवार्थं काक्वा प्रदर्शयति-

**दृश्यमानस्य परस्य** शरीरादेः श्रुतदृशा वा दृश्यमानस्य कर्मणः, **उपकुर्वन्** - तदुपचयाद्यनुगुणं विचेष्टयन्, **अज्ञः** -

---

આશ્રીને શંકા કરે છે. એ પરોપકાર ત્યારે જ વાસ્તવિક કહેવાય કે જ્યારે એનાથી સ્વોપકાર પણ થતો હોય, અર્થાત્, પોતાના આત્માનું પણ અહિત નહીં, પણ હિત જ થતું હોય. આ રીતે સ્વોપકારમાં પરાયણ થવા માટે ગ્રંથકારશ્રીએ જે પ્રેરણા કરી છે, તેમાં પરોપકારની પ્રેરણા પણ આવી જ ગઈ છે.

**શંકા** - પણ જે પરોપકાર કરવા જતાં સ્વોપકાર ન થતો હોય તેનું શું ? શું એ પરોપકાર છોડી દેવાનો ?

**સમાધાન** - હાસ્તો, જેનાથી આત્માનું અહિત થતું હોય એવો પરોપકાર તો સ્વાર્થથી ભ્રષ્ટ થવા બરાબર જ છે. માટે તેને છોડી દેવો જોઈએ.

આ જ પદાર્થને વ્યંગોક્તિથી પ્રદર્શિત કરે છે - **દેખાતા** એવા જે **પર** = શરીર વગેરે, અથવા તો શ્રુતદષ્ટિથી દેખાતા એવા કર્મ પર **ઉપકાર કરતો** = તેનો ઉપચય થાય=પુષ્ટિ થાય તેવી ચેષ્ટા કરતો, **અજ્ઞ છે** = પુદ્ગલ પરનો ઉપકાર એ જ મારા પરનો અપકાર એવા

पुद्गलोपकार एव मदपकार इतिरहस्यानभिज्ञः । अत्रैव प्रसिद्धं निदर्शनमुपन्यस्यति-**लोकव**दिति । एतदुक्तं भवति, यथा हि लोके कश्चिद् वणिक् विक्रयात्मकं स्वव्यवहारं विस्मृत्य मुधैव भाण्डदानेन धूर्त्तादिषूपकुर्वन् स्वकीयामज्ञतां प्रकटीकुर्वन्नुप-हास्यतां याति, तथा जीवोऽपि पुद्गलोपकारं वितन्वन्निति ।

तदत्र परोपकारे स्वपरविवेकसंवेदनविरह एव हेतुस्तद-विरहे च सञ्जाते स्वोपकृतिफलरूपा करस्थैव मुक्तिरित्य-विरहमेव हेतुप्रतिपादनपुरस्सरमभिदधन्नाह –

---

રહસ્યને જાણતો નથી. આ જ વિષયમાં પ્રસિદ્ધ ઉદાહરણ કહે છે - **લોકની જેમ.**

આશય એ છે કે જેમ લોકમાં કોઈ વેપારી વેચાણરૂપ પોતાના વ્યવહારને ભૂલીને ફોગટમાં જ માલ-સામાન આપવા દ્વારા ધૂતારા વગેરે પર ઉપકાર કરે, તો તે આ રીતે પોતાનું અજ્ઞાન પ્રગટ કરવા દ્વારા ઉપહાસ્ય = હાંસીપાત્ર બને છે. તેમ પુદ્ગલ પર ઉપકાર કરતો જીવ પણ હાસ્યાસ્પદ બને છે.

તો આવા પરોપકાર(!)માં સ્વ-પરના વિવેકના જ્ઞાનનો અભાવ જ કારણ છે. જ્યારે એ વિવેકજ્ઞાનનો ઉદય થઈ જાય, ત્યારે સ્વોપકારના ફળરૂપ મોક્ષ હાથવેંતમાં જ થઈ જાય માટે વિવેકજ્ઞાનના સદ્ભાવ (ઉદય)ને જ હેતુનું પ્રતિપાદન કરવાપૂર્વક કહે છે -

**गुरूपदेशादभ्यासात्, संवित्तेः स्वपरान्तरम् ।**
**जानाति यः स जानाति मोक्षसौख्यं निरन्तरम् ॥३३॥**

**गुरूपदेशात्** - धर्माचार्यानुशास्तिसकाशात्, **अभ्यासात्** - अनुशास्तिविषयस्य पुनः पुनरासेवनात्, **संवित्तेः** - तादृशाऽऽसेवनानुभावप्रभवक्षयोपशमविशेषप्रयुक्तपरिकर्मविशिष्टमतेश्च, **यः** - विवेकोदयवान्, **स्वपरान्तरम्** - आत्मानात्मपृथग्भावम्, **जानाति**-भावनाज्ञानदर्पणे प्रतिबिम्बीविधत्ते, **सः** - उक्तविज्ञाता, **निरन्तरम्** - अन्तरनिमित्तविरहादविरलम्,

---

**ગુરુના ઉપદેશથી, અભ્યાસથી અને સ્વસંવેદનથી જે પોતાનું અને બીજાનું અંતર જાણે છે, તે નિરંતર મોક્ષસુખને જાણે છે. ॥૩૩॥**

**ગુરુના ઉપદેશથી** = ધર્માચાર્યે કરેલા અનુશાસનથી, **અભ્યાસથી** = તે અનુશાસનના વિષયનું ફરી ફરી આસેવન કરવાથી અને **સંવેદનથી** = તેવા આસેવનના પ્રભાવે થયેલા ક્ષયોપશમવિશેષથી પરિકર્મિત મતિથી, જે વિવેકજ્ઞાનના ઉદયથી યુક્ત વ્યક્તિ, **સ્વ-પરના અંતરને** = આત્મા અને અનાત્મા (અજીવ) એ બન્નેના ભિન્નપણાને, **જાણે છે** = ભાવનાજ્ઞાનરૂપી દર્પણમાં પ્રતિબિંબિત કરે છે. **તે** = હમણા કહેલ વિજ્ઞાતા (જાણનાર), **નિરંતર** = અંતરનું ('ગેપ'નું) કારણ ન

**मोक्षसौख्यम्** - अनन्तवर्गवर्गितसर्वसुरसुखेनाप्युपमातुमशक्यतया निरूपमं सिद्धिसौधाध्यारूढात्मनां सुखम्, **जानाति** - वर्तमाननयापेक्षया याथार्थ्येन वेत्ति, अनागतनयापेक्षयात्मनि परिणमनेनानुभवति, यद्वा जीवन्मुक्तिन्यायेन साम्प्रतसमयेऽप्यनुभवत्येव । न च कथं विवेकमात्रेण तादृशसुखसंवेदनमिति वाच्यम्, तस्यैव मदमदनादिविजयद्वारेण जीवन्मुक्तिबीज-

---

હોવાથી સતત, **મોક્ષસુખને** = બધા દેવોના સુખનો અનંત વર્ગ કરવા છતાં પણ તેનાથી જેની ઉપમા ન આપી શકાય, તેથી જ જે નિરુપમ છે, એવું સિદ્ધિરૂપી મહેલમાં આરૂઢ થયેલા આત્માઓના સુખને, **જાણે છે** = વર્તમાન નયની અપેક્ષાએ યથાર્થપણે જાણે છે, અને અનાગતનયની અપેક્ષાએ આત્મામાં પરિણમાવવા દ્વારા અનુભવે છે. અથવા તો જીવન્મુક્તિના ન્યાયથી વર્તમાન સમયમાં પણ અનુભવે જ છે.

**શંકા** - ફક્ત વિવેકથી તેવા સુખનો અનુભવ શી રીતે શક્ય છે ?

**સમાધાન** - એવી શંકા કરવી ઉચિત નથી. કારણ કે વિવેક જ મદ-મદન વગેરે પર વિજય અપાવવા દ્વારા જીવન્મુક્તિનું કારણ બને છે. તે કહ્યું પણ છે - જેમણે મદ અને મદનને જીતી લીધા છે, જેઓ વચન, કાયા

त्वात्, तदाह - निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम्। विनिवृत्तपराशाना-मिहैव मोक्षः सुविहितानाम् - इति (प्रशमरतौ २३८)।

अत्र गुरुर्धर्माचार्य इत्युक्तं तद्व्यवहाराभिप्रायेण, निश्चयतस्तु-

**स्वस्मिन् सदभिलाषित्वा-दभीष्टज्ञापकत्वतः ।**
**स्वयं हितप्रयोक्तृत्वा-दात्मैव गुरुरात्मनः ॥३४॥**

**स्वस्मिन् सदभिलाषित्वात्** - निजशुभेच्छकत्वात्, **अभीष्टज्ञापकत्वतः** - साध्यसाधनप्रतिपादयितृत्वात्, **स्वयं हितप्रयोक्तृत्वात्** - परोपरोधमन्तरेणैव कल्याणप्रयोजकत्वात्,

---

અને મનના વિકારોથી રહિત છે, જેમણે પરસ્પૃહા નથી, એવા સદાચારી શ્રમણોને અહીં જ મોક્ષ છે. (પ્રશમરતિ ૨૩૮)

અહીં ગુરુ = ધર્માચાર્ય એવું જે કહ્યું છે, તે વ્યવહારનયના અભિપ્રાયથી છે. નિશ્ચયથી તો -

**પોતાના વિષે પ્રશસ્ત અભિલાષી હોવાથી, ઈષ્ટનો જ્ઞાપક હોવાથી અને સ્વયં પોતાનું હિત કરનાર હોવાથી, આત્મા જ આત્માનો ગુરુ છે. ॥૩૪॥**

**સ્વમાં પ્રશસ્ત અભિલાષી હોવાથી** = પોતાનો શુભેચ્છક હોવાથી, **અભીષ્ટનો જ્ઞાપક હોવાથી** = સાધ્ય અને સાધનનો પ્રતિપાદક હોવાથી, **સ્વયં હિતપ્રયોજક**

इति हेतुत्रितयात् **आत्मैवात्मनो गुरुः** । इदमुक्तं भवति – व्यवहाराभिप्रायेणापि स एव गुरुतयेष्यते यः शिष्यशुभेच्छकः स्यात्, तद्धितानुशास्ता स्यात्, सारणादिना च श्रेयोऽनुष्ठाने तन्नियोजकस्स्यात्, तदेतल्लक्षणं यदाऽऽत्मन्येव युज्यते तदाऽऽत्मैवात्मनो गुरुत्वेन सिध्यति । न चावधारणमयुक्तमिति वाच्यम्, व्यवहाराभिमतस्य गुरोः प्रकृतनयाभिप्रायेणान्यथा–

---

**હોવાથી**=બીજાના ઉપરોધ વગર જ કલ્યાણકારક હોવાથી, આ ત્રણ કારણોથી **આત્મા જ આત્માનો ગુરુ છે.**

આશય એ છે કે વ્યવહારનયના અભિપ્રાયથી પણ તે જ ગુરુરૂપે ઈષ્ટ છે, કે જે શિષ્યનો શુભેચ્છક હોય, તેના હિતનો અનુશાસક હોય અને સારણા વગેરે કરવા દ્વારા હિતકારક કાર્યમાં તેને જોડતા હોય. તો આ લક્ષણ જ્યારે આત્મામાં જ સિદ્ધ થાય છે, ત્યારે આત્મા જ આત્માનો ગુરુ છે, એવું સિદ્ધ થાય છે.

**શંકા** - અહીં અવધારણ અનુચિત છે, અર્થાત્ આત્મા જ આત્માનો ગુરુ છે, એવું નથી, બીજી વ્યક્તિ પણ આત્માનો ગુરુ બની શકે છે.

**સમાધાન** - ના, અવધારણ (જકાર) ઉચિત છે, કારણ કે વ્યવહારનયમાન્ય ગુરુ તો પ્રસ્તુત (નિશ્ચય) નયના અભિપ્રાયથી અન્યથા સિદ્ધ છે. જો એવું ન હોય

सिद्धत्वात्, नो चेदेवं तदा समानगुरुशिष्यासमानफलानुपपत्तिः, दृश्यते चागमादौ धन्यानगारजमालि प्रभृतेः फलविसदृशतैक-गुरुत्वेऽपीत्यभ्युपेयमात्ममात्रे गुरुत्वम्, उक्तं च - नयत्यात्मान-मात्मैव जन्म निर्वाणमेव च । गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः - इति (समाधितन्त्रे ७५) प्रमाणं चात्र पारमर्षम्-

---

તો એક જ ગુરુના શિષ્યોને અલગ-અલગ ફળ મળે છે, એની સંગતિ નહીં થાય. આગમ વગેરેમાં ધન્ના અણગાર, જમાલિ વગેરેના ગુરુ એક જ (પ્રભુ વીર) હોવા છતાં પણ તેમને મળેલા ફળની ભિન્નતા દેખાય છે, માટે માત્ર આત્મામાં જ ગુરુપણું છે, એમ સ્વીકારવું જોઈએ. આશય એ છે કે જો બાહ્ય ગુરુથી જ ફળ મળતું હોય, તો ધન્ના અણગાર, જમાલિ વગેરેને એક સરખું ફળ મળવું જોઈએ. પણ તેમને જુદું જુદું ફળ મળ્યું, એ જ બતાવે છે કે આત્મા જ પારમાર્થિક ગુરુ છે.

કહ્યું પણ છે કે - આત્મા જ આત્માને સંસારમાં અને મોક્ષમાં લઈ જાય છે. પરમાર્થથી આત્મા જ આત્માનો ગુરુ છે, તેનાથી અન્ય આત્માનો કોઈ ગુરુ નથી. (સમાધિતંત્ર ૭૫) આ વિષયમાં પરમર્ષિનું વચન પણ પ્રમાણ છે કે - શીલંગરથમાં આરૂઢ જ્ઞાન-દર્શનરૂપી

सीलंगरहमारूढो नाणदंसणसारथी । अप्पणा चेव अप्पाणं चोइत्ता वहए रह - इति (ऋषिभाषिते), यथा चैतत्तत्त्वं तथा व्युत्पादितमस्माभिर्नयवादविवेचनेनाऽऽर्षोपनिषदीति विलोक्या सा ।

ननु चैवं लोकप्रसिद्धव्यवहारापलाप इति चेत् ? सत्यम्, तथापि नापूर्वः, इतरनयापलापस्य सर्वनयेषु तुल्यत्वात् । ननु तथापि गुरुशिक्षित एव शिष्योऽवाप्ततत्तत्संस्कारः सुशिक्षित-तामुपैतीति प्रत्यक्षमीक्ष्यमाणं कथमपह्नोतुं शक्यत इति चेत् ?

---

સારથિવાળો એવો આત્મા પોતે જ પોતાને પ્રેરણા કરીને રથનું વહન કરે છે. (ઋષિભાષિત) જે રીતે આ તત્ત્વ રહેલું છે, તે રીતે અમે નયવાદના વિવેચનપૂર્વક આર્ષોપનિષદ્માં વ્યુત્પાદિત કર્યું છે, માટે તેનું અવલોકન કરી શકાય.

**શંકા** - પણ આ રીતે તો લોકપ્રસિદ્ધ વ્યવહારનો અપલાપ થશે ને ?

**સમાધાન** - હાસ્તો, પણ એમાં કોઈ નવી વાત નથી. કારણ કે બીજા નયોનો અપલાપ તો સર્વ નયોમાં તુલ્ય જ છે.

**શંકા** - તો ય ગુરુથી શિક્ષણ પામેલો શિષ્ય જ તે તે સંસ્કારને પ્રાપ્ત કરીન સુશિક્ષિત બને છે, એવું પ્રત્યક્ષ દેખાય છે. તો એનો અપહ્નવ શી રીતે કરી શકાય ?

न, निमित्तमात्रत्वात्, एतदेव स्पष्टमाचष्टे-

**नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति ।**
**निमित्तमात्रमन्यत्तु, गतेर्धर्मास्तिकायवत् ॥३५॥**

**नाज्ञ** इत्यादि । न हि स्वरूपयोग्यताविरहे निमित्तसहस्रमपि कार्यं साधयितुमलं भवति, व्यापारसहस्रेणापि शुकवद् बकपाठनस्याशक्यत्वात् । **अन्यत्तु** स्वरूपयोग्यताऽऽलिङ्गितातिरिक्तं **निमित्तमात्रम्**, अत्र निदर्शनमाह-

---

**સમાધાન** - અહીં અપહ્નવ નથી. કારણ કે બાહ્ય વ્યક્તિ નિમિત્તમાત્ર છે. આ જ વાતને ગ્રંથકારશ્રી સ્પષ્ટરૂપે કહે છે -

**અજ્ઞાની વિદ્વાનપણું પામતો નથી અને વિદ્વાન અજ્ઞાનીપણું પામતો નથી. બીજું તો નિમિત્તમાત્ર છે. જેમ કે ગતિનું ધર્માસ્તિકાય. ॥૩૫॥**

**અજ્ઞ નહીં** ઈત્યાદિ । આવું કહેવા પાછળનો આશય એ છે કે જો સ્વરૂપયોગ્યતા જ ન હોય, તો હજાર નિમિત્તો ભેગા થઈને પણ કાર્યને સિદ્ધ કરવા સમર્થ નથી. જેમ કે હજાર વાર મહેનત કરો, તો ય પોપટની જેમ બગલાને ભણાવવું શક્ય નથી. **બીજું તો** = જેનામાં સ્વરૂપયોગ્યતા છે, તે સિવાયનું તો **નિમિત્તમાત્ર** છે. અહીં દૃષ્ટાંત કહે છે

**गतेर्धर्मास्तिकायवत्**, तथाहि जीवाः पुद्गलाश्च स्वत एव स्वरूपयोग्यतानुभावेन गमनप्रवृत्ता भवन्ति, न हि धर्मास्तिकायस्तान् बलात् प्रवर्तयति, किन्तु गमनपरिणतौ निमित्तमात्रतामुपयाति, तथा प्रकृतेऽपि द्रष्टव्यम् । अत एवोदितं - क्वः शिष्यः क्व च वा गुरुः - इति (अष्टावक्रगीतायाम् २०-१३) । उपयुज्यतेऽयमपि शुद्धनयो दशाविशेषे निष्पन्नयोगिनाम्, तदितरैस्तु कुलयोगिप्रभृतिभिर्गुरुचरणशरणमेवावलम्बनीयमिति ध्येयम् ।

---

- જેમ કે **ગતિનું** નિમિત્ત **ધર્માસ્તિકાય** છે. તે આ રીતે - જીવો અને પુદ્ગલો પોતે જ સ્વરૂપ યોગ્યતાના પ્રભાવે ગમનપ્રવૃત્ત થાય છે. ધર્માસ્તિકાય કાંઈ તેમને પરાણે ગમન કરાવતું નથી. પણ ગમનક્રિયાની પરિણતિમાં નિમિત્તમાત્ર બને છે, એ રીતે પ્રસ્તુતમાં પણ જોવું જોઈએ. માટે જ અન્યોએ પણ કહ્યું છે કે - ક્યાં શિષ્ય ? ને ક્યાં ગુરુ ?... (અષ્ટાવક્રગીતા ૨૦-૧૩) આ એક શુદ્ધનય છે. જે વિશિષ્ટ દશામાં નિષ્પન્નયોગીઓને ઉપયોગી થાય છે. માટે તેમની સિવાયના જે કુલયોગી વગેરે હોય, તેમણે તો (વ્યવહારમાન્ય) ગુરુના ચરણનું શરણ જ લેવું જોઈએ, એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

तदत्रनिश्चयगुरुभूतमात्मतत्त्वमेवाभ्यसितुमुपदेष्टि –

**अभवच्चित्तविक्षेप, एकान्ते तत्त्वसंस्थितः ।**
**अभ्यसेदभियोगेन, योगी तत्त्वं निजात्मनः ॥३६॥**

**चित्तविक्षेपः** – सनिमित्तमन्यथा वोपजायमानश्चेतः-सङ्क्षोभः, स न भवति यस्मिन् वक्ष्यमाणहेतुवशात्सः **अभवच्चित्तविक्षेपः**, यतः **एक** एवाद्वितीयो विजातीय-कलङ्कनिर्मुक्तः शुद्ध आत्माऽहमिति **अन्तः** – निश्चयः **एकान्तः**, तस्मिन् सति **तत्त्वसंस्थितः** – सद्भूतवस्तुस्वभावं

---

તો–હવે નિશ્ચયગુરુરૂપ આત્મતત્ત્વનો જ અભ્યાસ કરવા માટે ઉપદેશ આપે છે -

**જેને ચિત્તવિક્ષેપ થતો નથી તેવો, એકાંતમાં તત્ત્વસંસ્થિત એવો યોગી પ્રયત્નપૂર્વક પોતાના આત્મતત્ત્વનો અભ્યાસ કરે. ॥૩૬॥**

**ચિત્તવિક્ષેપ** = નિમિત્તથી કે અન્યથા = નિમિત્ત વગર થતો મનનો સંક્ષોભ. તે હવે કહેવાતા કારણથી જેનામાં થતો નથી, તેવો = **અભવત્ચિત્તવિક્ષેપ**. આવી અવસ્થાનું કારણ કહે છે કે જેથી 'હું **એક** જ અદ્વિતીય વિજાતીય કલંકથી અત્યંત મુક્ત એવો શુદ્ધ આત્મા છું', એવો **અંત** = નિશ્ચય - **એકાન્ત**, તે હોતે છતે **તત્ત્વસંસ્થિત** = વિદ્યમાન એવા વસ્તુસ્વભાવને સ્વીકારનાર = તેને જ

प्रतिपन्नः, तदेकाभ्युपगन्तेति यावत्, क्षेपा हि तदैवोत्तिष्ठन्ति यदा वस्तुस्वभावानुचिन्तनमतिक्रम्य चित्तं प्रवर्तते, यदा हि तत् तन्मुद्रानतिभेद्येव तदा कः क्षेपावकाश इति । इत्थम्भूतो **योगी** - सुसन्धितस्वरूपानुसन्धानः, **निजात्मनस्तत्त्वं** - पूर्वाभिहितनिर्ममत्वादिविशिष्टं स्वलक्षणम्, **अभियोगेन** - प्रयत्नपुरस्सरम्, अन्यथा सिषाधयिषितसिद्ध्यसम्भवात्, **अभ्यसेत्** - पुनः पुनस्तदानुगुण्यं विदधन् तदाविर्भावमापादयेत् । पुनरपीदमेव फलोपदर्शनद्वारेणोपदेष्टि -

---

માનનાર. વિક્ષેપો તો ત્યારે જ ઉઠે છે, કે જ્યારે મન વસ્તુસ્વભાવને અનુસરતા ચિંતનનું ઉલ્લંઘન કરીને પ્રવૃત્તિ કરે છે. જ્યારે મન વસ્તુસ્વભાવને અનુરૂપ ચિંતનની મર્યાદાને ઓળંગે જ નહીં, ત્યારે ક્ષેપનો અવકાશ જ ક્યાં રહે છે ?

આવા પ્રકારનો **યોગી** = જેણે સ્વરૂપના અનુસંધાન સાથે સારી રીતે જોડાણ કર્યું છે તે. **પોતાના આત્માનું તત્ત્વ** = પૂર્વે કહેલ નિર્મમત્વ વગેરેથી વિશિષ્ટ પોતાનું સ્વરૂપ **અભિયોગથી**=પ્રયત્નપૂર્વક. કારણ કે પ્રયત્ન વિના જે સિદ્ધ કરવું છે, તેની સિદ્ધિ થવી શક્ય નથી. **અભ્યાસ કરે**=ફરી ફરી તેને અનુકૂળ ચેષ્ટા કરતો, તેને પ્રગટ કરે. ફરીથી ફળ દેખાડવા દ્વારા એનો જ ઉપદેશ આપે છે-

**यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।**
**तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि ॥३७॥**

यथेत्यादि । मोक्षफलस्तत्त्वसंवेदनाविर्भाव इति हृदयम्, यत उक्तम् – जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं । तह तह विन्नायव्वं आसन्नं से य परमपयं – इति (इन्द्रियपराजयशतके ९६), अन्यत्रापि-आसन्न-कालभवसिद्धियस्स जीवस्स लक्खणं इणमो । विसयसुहेसु न रज्जइ सव्वथामेसु उज्जमइ – इति (उपदेशमालायाम् २९०) । न च कथं तत्त्वसंवित्तिमात्रेण विषय-वैराग्योदय

---

**જેમ જેમ સંવેદનમાં ઉત્તમ તત્ત્વ આવે, તેમ તેમ સુલભ વિષયો પણ રુચતા નથી. ॥૩૭॥**

**જેમ** ઈત્યાદિ. તાત્પર્ય એ છે કે તત્ત્વસંવેદનના પ્રાકટ્યનું ફળ મોક્ષ છે. કારણ કે કહ્યું છે કે - જેમ જેમ દોષો વિરામ પામે અને જેમ જેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય થાય, તેમ તેમ તેનો મોક્ષ નજીક છે, એમ સમજવું. (ઈન્દ્રિયપરાજયશતક ૯૬)

અન્યત્ર પણ કહ્યું છે કે - જે જીવો નજીકના કાળમાં મોક્ષે જવાના હોય, તેમનું આ લક્ષણ જાણવું, કે તે આત્મા વિષયસુખમાં રાગ ન કરે અને સર્વશક્તિથી સાધનામાં ઉદ્યમ કરે. (ઉપદેશમાલા ૨૯૦)

**શંકા** - પણ તત્ત્વસંવેદનમાત્રથી વૈરાગ્ય શી રીતે

इति वाच्यम्, स्वास्थ्यसुखजननद्वारेण तस्य तज्जनकत्वात्, तदुक्तम् - तावत् सुखेच्छा विषयार्थभोगे, यावन्मनः स्वास्थ्यसुखं न वेत्ति । लब्धे मनःस्वास्थ्यसुखै-कलेशे, त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा - इति (हृदयप्रदीपे ३३)। न हि दृष्टामृतः कश्चित् सचेतनो विषे न विरज्यतीति, तथाऽऽहुः परेऽपि - ब्रह्मानन्दे निमग्नस्य विषयाऽऽशा न तद् भवेत् । विषं दृष्ट्वाऽमृतं दृष्ट्वा विषं त्यजति बुद्धिमान्

---

જાગી શકે ?

**સમાધાન** - તત્ત્વસંવેદનથી સ્વસ્થતાનું સુખ ઉત્પન્ન થાય છે અને તેનાથી વિષયો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કહ્યું પણ છે કે - વિષયાર્થના ભોગથી થતા સુખની ઈચ્છા ત્યાં સુધી જ હોય છે, કે જ્યાં સુધી મનની સ્વસ્થતાનું સુખ જાણતો નથી. મનની સ્વસ્થતાના સુખનો તો અંશ પણ મેળવ્યા પછી તેને ત્રણ લોકના રાજ્ય માટે પણ કોઈ સ્પૃહા થતી નથી. (હૃદયપ્રદીપ ૩૩)

એવો કોઈ બુદ્ધિશાળી ન હોય કે જેને અમૃતને જોયા પછી ઝેર પ્રત્યે અણગમો ન થઈ જાય. તે મુજબ અન્યોએ પણ કહ્યું છે કે - જે બ્રહ્માનંદમાં નિમગ્ન છે, તેમને વિષયની આશા થતી નથી. બુદ્ધિમાન વ્યક્તિ વિષ અને અમૃતને જોયા પછી વિષને છોડી દે છે.

– इति (आत्मबोधोपनिषदि) । सोऽयं विषयविराग एव बीजाङ्कुरन्यायेन स्वजनकजातीयजनकतां प्रतिपद्यत इत्याह–

**यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।**
**तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ॥३८॥**

**यथे**त्यादि व्यक्तम् । प्रमाणं चात्र पारमर्षम् – जे अणन्नारामे से अणन्नदंसी – इति (आचाराङ्गे १–२–६/१००) । ततश्च यां लोकातिगामवस्थामसावुपयाति तामाह –

---

(આત્મબોધોપનિષદ્) તેવો આ વિષયવિરાગ જ બીજાંકુર ન્યાયથી પોતાના જનકની જાતિનું જનક બને છે. અર્થાત્ પોતાને ઉત્પન્ન કરનાર જે તત્ત્વસંવેદન છે, તથાવિધ અન્ય તત્ત્વસંવેદનનું કારણ બને છે, એ વાત કહે છે -

**જેમ જેમ સુલભ વિષયો પણ ગમતા નથી, તેમ તેમ સંવેદનમાં ઉત્તમ તત્ત્વ આવે છે. ॥૩૮॥**

**જેમ** ઈત્યાદિ સ્પષ્ટ છે. આ વિષયમાં પરમર્ષિનું વચન પ્રમાણભૂત છે-જે અનન્યરમણકારી છે તે અનન્યદર્શી છે. (આચારાંગ ૧-૨-૬/૧૦૦) અર્થાત્ જેનું મન તત્ત્વ સિવાય બીજે (વિષયોમાં) રમણ કરતું નથી, તેને તત્ત્વનું દર્શન થાય છે. (વૃત્તિમાં અન્ય અર્થ છે, પણ સૂત્રના અનંત અર્થ હોય છે. માટે આ અર્થ પણ સંગત છે), પછી તો એ સાધક જે લોકોત્તર દશાને પામે છે, તે કહે છે -

**निशामयति निःशेष-मिन्द्रजालोपमं जगत् ।**
**स्पृहयत्यात्मलाभाय गत्वान्यत्रानुतप्यते ॥३९॥**

**निःशेषम्** - सचराचरतया सकलम्, **जगत्** - विश्वम्, **इन्द्रजालोपमम्** - अतत्तद्दर्शननिबन्धनतया मायाप्रयोगप्रायम्, **निशामयति** - तत्त्वसंवित्त्यञ्जनपरिपूतप्रेक्षाचक्षुषा पश्यति । तथाहि गन्धर्वनगर-स्वप्नेन्द्रजालादौ पश्चादविद्यमानतैवालीक-

---

**તે સર્વ જગતને ઈન્દ્રજાળ સમાન જુએ છે, આત્મલાભની સ્પૃહા કરે છે, અન્યત્ર જઈને અનુતાપ પામે છે. ॥૩૯॥**

**સર્વ** = જંગમ-સ્થાવર સહિત હોવાથી સમગ્ર, **જગતને** = વિશ્વને, **ઈન્દ્રજાળ જેવું** = તે જેવું નથી, તેવું દેખાડે છે, માટે માયાપ્રયોગ જેવું, **દેખે છે** = તત્ત્વસંવેદનરૂપી અંજનથી પવિત્ર એવા બુદ્ધિરૂપી નેત્રથી જુએ છે.

જગત ઈન્દ્રજાળ જેવું છે. તે આ રીતે-ગંધર્વનગર = વાદળામાં દેખાતા નગર જેવા આકારો, સ્વપ્ન, ઈન્દ્રજાળ વગેરે ખોટા હોય છે, તેનું કારણ એ જ છે કે તે તે વસ્તુઓ પાછળથી હોતી નથી. આ - પાછળથી ન હોવાપણું જ્યારે સમગ્ર જગતમાં સમાન જ છે, ત્યારે એવું શું છે, કે જે ઈન્દ્રજાળ વગેરે જેવું નથી. અર્થાત્

ताबीजम्, सा च विश्वेऽपि विश्वे यदा समानैव, तदा किमनीदृशं स्यादिति निपुणं निभालनीयम् । अत एवाहुः कृततत्त्वदर्शनाः - माइंदजालचवला विसया जीवाण विज्जुतेअसमा । खणदिट्ठा खणनट्ठा ता तेसु को हु पडिबंधो ? - इति (इन्द्रियपराजयशतके ८५), अन्यत्रापि - आयुर्वायुतर-त्तरङ्गतरलं लग्नापदः सम्पदः, सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् । मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्र-जालोपमं, तत् किं वस्तु भवे भवेदिह मुदा - मालम्बनं यत्

---

આખી દુનિયા ઈન્દ્રજાળ જેવી જ છે, એમ સૂક્ષ્મદૃષ્ટિથી જોવું જોઈએ. માટે જ તત્ત્વદૃષ્ટાઓએ કહ્યું છે કે જીવોના વિષયો માયા ઈન્દ્રજાળની જેમ ચપળ છે, વીજળીના ચમકારા જેવા છે, ક્ષણવારમાં જોયા ને ક્ષણવારમાં નાશ પામ્યા - એવા છે, તો તેમાં વળી શો રાગ કરવો ? (ઈન્દ્રિયપરાજયશતક ૮૫)

અન્યત્ર પણ કહ્યું છે કે - આયુષ્ય પવનની ચપળ લહેર જેવું ચંચળ છે, સંપત્તિઓની પાછળ આપત્તિઓ જોડાયેલી જ છે. સર્વ ઈન્દ્રિયોના વિષયો સંધ્યાના વાદળોના રંગની જેવા ચંચળ છે. મિત્ર-પત્ની-સ્વજનો વગેરેના સંગમનું સુખ સ્વપ્ન અને ઈન્દ્રજાળ સમાન છે. તો પછી આ સંસારમાં એવી કઈ વસ્તુ હોઈ શકે, કે જે

सताम् - इति (शान्तसुधारसे १-२) । तदेतद्दृष्ट्वा सर्वतो व्यावृत्त्य स **आत्मलाभाय** - स्वरूपाविर्भावमात्राय, **स्पृहयति** - अनन्यचित्ततयाऽभिलषति, सैषा स्पृहा नामान्तरं निःस्पृहतायाः, अभिहितं च - स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते । इत्यात्मैश्वर्यसम्पन्नौ, निःस्पृहो जायते मुनिः - इति (ज्ञानसारे १२-१) । कदाचित् कर्मोदयादिवशत आत्मलाभात्मकं लक्ष्यं विस्मृतिं व्रजति, तदाऽपि **अन्यत्र** - आत्मपरिणत्यतिरिक्तास्पदे परपरिणताविति यावत्, **गत्वा** -

---

સજ્જનોને માટે આનંદનું આલંબન થઈ શકે ? (શાંત સુધારસ ૧-૨) તે સાધક આ બધું જોઈને બધેથી પાછો ફરીને **આત્મલાભ માટે** = માત્ર સ્વરૂપના પ્રાકટ્ય માટે, **સ્પૃહા કરે છે** = અન્ય કોઈ વિકલ્પ વિના ઈચ્છે છે. આ સ્પૃહા એ જ નિઃસ્પૃહતાનું બીજું નામ છે. કહ્યું પણ છે કે - સ્વભાવના લાભ સિવાય બીજું કાંઈ મેળવવા યોગ્ય નથી. આ રીતે આત્માના ઐશ્વર્યથી યુક્ત મુનિ નિઃસ્પૃહ બને છે. (જ્ઞાનસાર ૧૨-૧) ક્યારેક કર્મના ઉદય વગેરે કારણથી આત્મલાભરૂપ લક્ષ્ય ભૂલાઈ જાય છે. ત્યારે પણ **અન્યત્ર** = આત્મપરિણતિ સિવાયના સ્થાનમાં = પરપરિણતિમાં **જઈને** = ઉપરોક્ત કારણથી ક્ષણ માટે

उक्तहेतुवशात् क्षणमुपगम्य, **अनुतप्यते** - हन्त ! कथं सुधारससागरसादृश्यशालिन्यामात्मपरिणतौ परिमज्जनं कृत्वाऽप्यहं शूकरवत्परपरिणतिपूतिपल्वलप्रतिबद्धोऽभवमित्यनुशयवान् भवति । किञ्चासौ -

**इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः ।**
**निजकार्यवशात् किञ्चि-दुक्त्वा विस्मरति द्रुतम् ॥४०॥**

**जनितादरः** - उक्तानुतापानुभावेनाऽऽदृढतरसञ्जात-बहुमानः सन् **एकान्तसंवासम्** - परपरिणतिनिमित्तस्त्र्याद्य-

---

જઈને **અનુતાપ પામે છે** - હાય, સુધારસના સાગર જેવી આત્મપરિણતિમાં મગ્ન થયા પછી પણ હું ભૂંડની જેમ પરપરિણતિરૂપી ગંધાતા ખાબોચિયામાં કેમ આસક્ત બન્યો ? - એમ પશ્ચાત્તાપ પામે છે. વળી તે -

**જેમ નિર્જનપણું થાય તેમ આદર સાથે એકાંતસંવાસને ઈચ્છે છે. પોતાના કાર્યને કારણે કાંઈક કહીને તરત ભૂલી જાય છે. ॥૪૦॥**

**જેને આદર થયો છે તેવો** = પૂર્વના શ્લોકમાં જે પશ્ચાત્તાપ કહ્યો, તેના પ્રભાવે જેને આત્મપરિણતિ પ્રત્યે અત્યંત બહુમાન થયું છે, તેવો, **એકાંતસંવાસને** = જેનાથી પરપરિણતિ થવાની શક્યતા છે એવા નિમિત્ત - સ્ત્રી વગેરેથી રહિત એવા નિવાસને, **નિર્જનપણાપૂર્વક** = તેવા

संसक्तां वसतिम्, **निर्जनम्**-तत्रापि पूर्वपश्चात्संस्तुतलोकाभावो यथा स्यात्तथा, **इच्छति** - आसन्नसिद्धित्वादिप्रभवप्रभावेन परोपरोधमन्तरेण प्रकृत्यैवाभिलषति । यथा हि भवाभिनन्दिनां निसर्गत एव भवहेतुपक्षपातो भवति, अरुचिश्चेतरे, सञ्जाता-साध्यव्याधेः पथ्यारुचिवत्, तथैवासन्नसिद्धिकानां पुण्यात्मनां मुक्तितद्धेतुपक्षपातस्तदितरेऽरतिश्च प्रकृत्यैव भवति ।

यदाऽप्यस्य वचनोच्चारकारणमुपतिष्ठते तदाप्यसौ **निज**-

---

નિવાસમાં પણ જે રીતે દીક્ષાની પૂર્વે અને પછી જેમનો પરિચય થયો છે, તેવા લોકોનો અભાવ થાય તેમ **ઈચ્છે છે** = નિકટ મોક્ષગામીપણું વગેરે વિશિષ્ટતાઓથી થયેલા પ્રભાવથી બીજાના આગ્રહ વિના નૈસર્ગિક રીતે જ વાંછે છે.

જેમ ભવાભિનંદી જીવોને સ્વભાવથી જ સંસારના કારણોનો પક્ષપાત હોય છે, અને અન્ય પ્રત્યે અરૂચિ હોય છે. જેમ કે જેને અસાધ્ય વ્યાધિ થયો છે, તેને પથ્ય પ્રત્યે અરૂચિ હોય છે. તે જ રીતે જેઓ નજીકના કાળમાં મોક્ષે જવાના છે, તેવા પુણ્યપુરુષોને મોક્ષ અને તેના કારણો પ્રત્યે પક્ષપાત તથા સંસાર અને તેના કારણો પ્રત્યે અરતિ પણ સ્વભાવથી જ હોય છે.

જ્યારે તેને બોલવાનું કોઈ કારણ આવી પડે છે,

**कार्यवशात्**, एतेन तद्भणितौ स्वरसः परिहृतः, **किञ्चित्**, एतेन प्रपञ्चपरिहारेण कार्यनिर्वाहप्रत्यलं स्वल्पमात्रमेवास्य वचनमित्यावेदितम्, **उक्त्वा द्रुतं विस्मरति**, स्वरूपानुसन्धानमत्रुटितवदनुसन्धत्त इत्याशयः ।

ननु कथमेतदेवं सम्भवतीति चेत् ? परमार्थतोऽत्रुटितत्वादेवेति गृहाण, एतदेव कण्ठतः कथयति -

---

ત્યારે પણ તે - **પોતાના કાર્યને વશ થઈને**, આમ કહેવા દ્વારા તેને પોતાને બોલવામાં રુચિ નથી એવું દર્શાવ્યું છે, **કંઈક**, આમ કહેવા દ્વારા જણાવ્યું છે કે તે લાંબી લાંબી વાતો નથી કરતો, પણ જેનાથી કાર્યનો નિર્વાહ થઈ શકે તેટલું - થોડું જ એ બોલે છે અને **કહીને તરત ભૂલી જાય છે.** આશય એ છે કે તે પોતાના સ્વરૂપના અનુસંધાનની સાધના સાથે એવી રીતે જોડાણ કરે છે, જાણે એ અનુસંધાન તૂટ્યું જ ન હતું.

**શંકા** - એવું શી રીતે સંભવે ?

**સમાધાન** - કારણ કે વાસ્તવમાં તેનું સ્વરૂપ સાથેનું અનુસંધાન તૂટ્યું જ ન હતું. આ જ વાતને શબ્દશઃ જણાવે છે -

**ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति ।**
**स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति ॥४१॥**

**हि:** - यतः, **ब्रुवन्नपि** - निजकार्यवशात्प्रमितमूचानोऽपि, न च निजकार्यग्रहणेन देशनाद्यग्रहणमिति सम्प्रधार्यम्, तस्या अपि तत्त्वानतिक्रमात् । तदतिक्रमे तु विकथान्तर्भूतत्वाद्देशनात्वमेवानुपपन्नं स्यात् । तत्तदन्तर्भावोऽप्यात्मकल्याण-

---

**જેણે આત્મતત્ત્વનું સ્થિરીકરણ કર્યું છે, તે બોલતો હોવા છતાં ય નથી બોલતો, તે જતો હોવા છતાં ય નથી જતો અને દેખતો હોવા છતાં પણ નથી દેખતો. ॥૪૧॥**

**કારણ કે તે બોલતો હોવા છતાં** = પોતાના કાર્યને વશ થઈને માપસર કહેતો હોવા છતાં પણ,

**શંકા** - પોતાનું કાર્ય એવું પૂર્વ શ્લોકમાં અને આ વ્યાખ્યામાં કહ્યું છે. માટે એનાથી દેશના વગેરેનું ગ્રહણ નહીં થાય ને ?

**સમાધાન** - દેશના વગેરે પણ આત્માના કાર્યની અંતર્ભૂત જ છે, માટે તેનું પણ ગ્રહણ થઈ ગયું છે. જો દેશના વગેરેથી આત્માનું કાર્ય (કલ્યાણ) ન થતું હોય તો એ દેશના વગેરે પણ વિકથામાં અંતર્ભૂત થઈ જાય, તેથી એમાં વાસ્તવમાં દેશનાપણું જ ન રહે. તેનો વિકથામાં અંતર્ભાવ થવાનું કારણ એ છે કે - 'આત્મકલ્યાણની

विरुद्धा कथा विकथेति लक्षणसमन्वयादिति सूक्ष्ममीक्षणीयम्, **न ब्रूते** - परमार्थतो मौन्येव सः, वचनोच्चारभावेऽपि तदात्मपरिणतेरविकृतत्वात् ।

इदमुक्तं भवति - वाक्प्रयोगो हि स्पन्दजननद्वारेण चित्तविभ्रममुत्पादयन् कलुषयत्यात्मद्रव्यं प्राकृतात्मनाम्, तदुक्तम्-जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः । भवन्ति तस्मात् सम्पर्कं जनैर्योगी ततस्त्यजेत्-इति (समाधितन्त्रे

---

**વિરુદ્ધ કથા** = વિકથા' એવું લક્ષણ તેમાં સમન્વય પામે છે, આ વિષયમાં સૂક્ષ્મદષ્ટિથી નિરીક્ષણ કરવું જોઈએ.

આ રીતે તે સાધક બોલતો હોવા છતાં ય **નથી બોલતો** = વાસ્તવમાં તે મૌનધારક જ છે. કારણ કે વચનોચ્ચાર થતો હોવા છતાં પણ તેની આત્મપરિણતિ અવિકૃત છે.

આશય એ છે કે વાણીનો પ્રયોગ સ્પંદન ઉત્પન્ન કરે છે, તેના દ્વારા તે ચિત્તના વિભ્રમને ઉત્પન્ન કરે છે. અને તેના દ્વારા સામાન્ય જીવોના આત્મદ્રવ્યને કલુષિત કરે છે. જેમ કે કહ્યું પણ છે કે - લોકસંપર્કથી વાણીનો પ્રયોગ થાય છે. તેનાથી સ્પંદન થાય છે, તેનાથી ચિત્તવિભ્રમ ઉત્પન્ન થાય છે. માટે યોગીએ લોકસંપર્કનો ત્યાગ કરવો જોઈએ. (સમાધિતંત્ર ૭૨)

૭૨) । एवं सत्यपि निष्पन्नयोगिनस्तु वचनक्रियापरिणतस्य ताल्वाद्यभिघातात्मकस्पन्दभावेऽपि चित्तक्षोभ-विरहात्तमधि-कृत्याफलत्वमसत्त्वं च तद्वचनोच्चारस्य प्रत्येयम्, स्वजन्य-मजनयतः शुद्धनयाभिप्रायेणासत्त्वात् । एवञ्च सूक्तम् - **ब्रुवन्नि**त्यादि । इत्थमेव गमनादिभावेऽपि तदभाव ऊह्यः, एषु हेतुगर्भितं कर्तृनिर्देशमाह - **स्थिरीकृतात्मतत्त्वस्तु,**

---

આવું હોવા છતાં પણ જે નિષ્પન્ન યોગી છે, તે બોલે ત્યારે તાળવા વગેરે અવયવોમાં વાયુના અભિઘાતરૂપ સ્પંદન થવા છતાં પણ ચિત્તક્ષોભ થતો નથી, માટે ચિત્તક્ષોભની અપેક્ષાએ તેમનું વચન નિષ્ફળ અને અવિદ્યમાન સમજવું. કારણ કે શુદ્ધ નયનો એવો અભિપ્રાય છે, કે જે પોતાના ફળને ઉત્પન્ન ન કરે તે વસ્તુ છે જ નહીં. (આ આપેક્ષિક વાત છે, નિર્જરાદિ ફળની અપેક્ષાએ તો તેનું વચન સફળ પણ છે.) માટે **બોલતો** ઈત્યાદિ જે કહ્યું, તે બરાબર જ કહ્યું છે.

આ જ રીતે ગમન વગેરે હોવા છતાં પણ નથી - એ સ્વયં સમજી લેવું.

આ ત્રણે ક્રિયાઓમાં હેતુગર્ભિત કર્તાનો નિર્દેશ કરે છે - **જેણે આત્મતત્ત્વને સ્થિર કર્યું છે, તે તો,** અર્થાત્ આત્મતત્ત્વનું સ્થિરીકરણ કરવાથી જ. એનો જે ભાવાર્થ

आत्मतत्त्वस्थिरीकरणादेवेत्यर्थः, एतद्भावार्थस्तु भावित एव । तत्स्थैर्यमेव स्पष्टयति –

**किमिदं कीदृशं कस्य, कस्मात् क्वत्यविशेषयन् ।**
**स्वदेहमपि नावैति, योगी योगपरायणः ॥४२॥**

**किमिदम्** ? इति नामप्रश्नः, **कीदृशम्** ? इति स्वरूपप्रश्नः, **कस्य** ? इति स्वामिप्रश्नः, **कस्मात्** ? इति हेतुप्रश्नः, **क्व** ? इत्याश्रयप्रश्नः, **इति** एभिः प्रश्नैस्तदुत्थानान्तरसञ्जातैरुत्तरैश्चा**विशेषयन्** – स्वेन्द्रियगोचरीभूतं वस्तु

---

છે, એ તો કહ્યો જ છે. આત્મતત્ત્વની સ્થિરતાને જ સ્પષ્ટ કરે છે -

**આ શું છે ? કેવું છે ? કોનું છે ? શાથી છે ? ક્યાં છે ? આ રીતે વિશેષિત નહીં કરતો, એવો યોગપરાયણ યોગી પોતાના શરીરને પણ જાણતો નથી. ॥૪૨॥**

**આ શું છે ?**, એમ નામસંબંધી પ્રશ્ન છે. અર્થાત્ એનું નામ શું છે ? **કેવું છે ?** એમ તેના સ્વરૂપસંબંધી પ્રશ્ન છે. **કોનું છે ?** એમ તેના માલિકસંબંધી પ્રશ્ન છે. **સાથી ?** એમ તેના કારણનો પ્રશ્ન છે, **ક્યાં ?** એમ તેના આશ્રય-અધિકરણનો પ્રશ્ન છે. **એમ** આ બધા પ્રશ્નોથી અને એ પ્રશ્નો થયા બાદ થતાં ઉત્તરોથી **વિશેષિત ન કરતો** = પોતાની ઈન્દ્રિયની વિષયભૂત વસ્તુને નામ

नामादिविशिष्टतयाऽवेदयन्, क इत्याह **योगपरायणः** - अध्यात्मयोगतत्परः, **योगी** कृतज्ञानादियोगः, **स्वदेहमपि** - आत्मीयमङ्गमपि, आस्तामन्यद्वस्तु इत्यपिशब्दार्थः, **नावैति** - योगैकाध्यवसितत्वेन न स्वसंवेदनविषयीविधत्ते । एतदेव लोकप्रसिद्धरीत्या गमयन्नाह -

**यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिम् ।**
**यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति ॥४३॥**
**अगच्छन् तद्विशेषाणा-मनभिज्ञश्च जायते ।**
**अज्ञाततद्विशेषस्तु, बध्यते न विमुच्यते ॥४४॥**

---

વગેરેથી વિશિષ્ટરૂપે નહીં સંવેદતો, કોણ એ કહે છે - **યોગમાં પરાયણ** = અધ્યાત્મયોગમાં તત્પર, **યોગી** = જેણે જ્ઞાન-દર્શન-ચારિત્ર સાથે જોડાણ કર્યું છે તે, **સ્વદેહને પણ** = પોતાના શરીરને પણ, બીજી વસ્તુની વાત તો જવા જ દો, એવો 'પણ' શબ્દનો અર્થ છે. **નથી જાણતો** = માત્ર યોગમાં જ તન્મય બની ગયો હોવાથી પોતાના સંવેદનનો વિષય નથી બનાવતો. આ જ વાતને લોકપ્રસિદ્ધ રીતે સમજાવતા કહે છે -

**જે જેમાં નિવાસ કરે છે, તે તેમાં રતિ કરે છે. જે જેમાં રમણ કરે છે, તે તેનાથી અન્ય સ્થાને નથી જતો. ॥૪૩॥ તેના વિશેષો પ્રત્યે ન જતો હોવાથી (નામાદિ**

**य** इत्यादि व्यक्तं व्याख्यातप्रायं च । **अज्ञाते**त्यादि । न च कथमज्ञानान्मोक्ष इति वाच्यम्, क्षपकश्रेणिप्रभृतिमहा-समाधिकृतयोगस्य स्वदेहाद्युपयोगे सति तद्योगनिर्वाहस्यैवा-सम्भवात् । ननु तथापि सर्वज्ञस्य मोक्षाभावप्रसङ्गः, उक्ताज्ञानवञ्चितत्वात्तस्येति चेत् ? न, सर्वसाक्षात्कारे सत्यपि

---

**વિશિષ્ટતાઓનું સંવેદન ન કરતો હોવાથી) અનભિજ્ઞ (અજાણ) બને છે અને તેના વિશેષોને નહીં જાણનાર તે બંધાતો નથી, (પણ) મુક્તિ પામે છે. ॥૪૪॥**

જે વગેરે સ્પષ્ટ છે. અને તેની વ્યાખ્યા લગભગ પૂર્વે આવી ગઈ છે. **અજ્ઞાત** ઈત્યાદિ.

**શંકા** - અજ્ઞાનથી વળી મોક્ષ શી રીતે મળે ?

**સમાધાન** - આવી શંકા કરવી ઉચિત નથી. કારણ કે જેમણે ક્ષપકશ્રેણિ વગેરે મહાસમાધિ સાથે જોડાણ કર્યું છે, તેમને જો તે દશામાં પોતાના શરીર વગેરે પ્રત્યે ઉપયોગ હોય, તો તેઓ પોતાના તે જોડાણનો જ નિર્વાહ ન કરી શકે.

**શંકા** - પણ તો ય સર્વજ્ઞનો મોક્ષ ન થવાની આપત્તિ આવશે ને ? કારણ કે સર્વજ્ઞમાં તો તમે કહેલું અજ્ઞાન છે જ નહીં.

**સમાધાન** - ના, સર્વજ્ઞને સર્વ વસ્તુનો સાક્ષાત્કાર

प्रियत्वादिना तेन तदवेदनात्, किञ्चानुभवांशे तु तत्सर्वस्यापि वस्तुनोऽवेदनमेव तस्येति तदपेक्षमज्ञानमप्यनाहतमेव, अत एवानेकान्तवादे सर्वज्ञापलापकारिणामशुच्यास्वादप्रसङ्गादि-कुतर्कपुरस्कृतां विफलीभवन्ति मनोरथा इति सर्वमवदातम् ।

प्रकृते तु युगपदनेकोपयोगाभावाद् रागादिप्रयुक्तप्रिय-त्वादिवेदनाभावाद्वाऽज्ञानं योगिनां सङ्गतिमङ्गतीति ध्येयम् ।

---

થતો હોવા છતાં પણ તેઓ **વિશેષપણે** = પ્રિય કે અપ્રિય રૂપે તેનું સંવેદન કરતા નથી. વળી અનુભવના અંશે તો તેમને તે બધી વસ્તુના સંવેદનનો અભાવ જ હોય છે. માટે તે અપેક્ષાએ તો સર્વજ્ઞને પણ અજ્ઞાન (=અનનુભવ) હોય છે. જેઓ સર્વજ્ઞનો અપલાપ કરે છે, 'સર્વજ્ઞ છે જ નહીં' એવું સિદ્ધ કરવા માટે તેઓ એવી દલીલ કરે છે કે 'જે બધું જાણે તેને તો અશુચિનો આસ્વાદ પણ સતત થયા કરશે.' આવા કુતર્કો કરનારના મનોરથો અનેકાંત-વાદમાં નિષ્ફળ થાય છે. કારણ કે અનેકાંતવાદમાં જ્ઞાનાંશે સંવેદન અને અનુભવાંશે અસંવેદન માન્ય છે. આ રીતે કોઈ દોષ નથી.

પ્રસ્તુતમાં તો એક સમયે અનેક ઉપયોગ ન હોવાથી, અથવા તો રાગ વગેરેથી થતા પ્રિયપણા વગેરેના સંવેદનના અભાવથી યોગીઓને 'અજ્ઞાન' હોય છે, એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. આ આખો ય યોગમાર્ગ

सर्वोऽप्येष योगमार्ग आत्मनिष्ठामन्तरेण दुर्लभ इति तामेव व्युत्पादयन्नाह -

**परः परस्ततो दुःख-मात्मैवात्मा ततः सुखम् ।**
**अत एव महात्मान-स्तन्निमित्तं कृतोद्यमाः ॥४५॥**

**परः** - स्वव्यतिरिक्तं पुद्गलद्रव्यम्, स **पर** एव, न कल्पान्तेऽपि स स्वतया परिणमेत्, यद्वा पर इति शत्रुः, स्वानुरक्तप्रतीपवर्त्तित्वात्, अतः **ततः** - परतः, **दुःखम्** - शारीरमानसक्लेशसङ्क्लेशानुभूतिरेव, तथा च लोकप्रवादः-

---

આત્મનિષ્ઠા વિના દુર્લભ છે, માટે આત્મનિષ્ઠાનું જ વ્યુત્પાદન કરાવતા કહે છે -

**પર પર છે, તેનાથી દુઃખ (મળે છે.) આત્મા જ આત્મા છે, તેનાથી સુખ (મળે છે.) માટે જ મહાત્માઓએ તેના (આત્મા) માટે ઉદ્યમ કર્યો છે. ॥૪૫॥**

**પર** = પોતાનાથી અલગ = પુદ્ગલદ્રવ્ય, એ **પર** જ છે, એ કલ્પાંતે પણ સ્વરૂપે પરિણમવાનું નથી. અથવા તો **પર** = શત્રુ. પુદ્ગલદ્રવ્ય એ શત્રુ છે, કારણ કે એ જે પોતાનું અનુરાગી હોય, તેની સાથે પ્રતિકૂળ-વિરુદ્ધ વર્તન કરે છે. માટે **તેનાથી** = પરથી, **દુઃખ** = શારીરિક ક્લેશ અને માનસિક સંક્લેશની અનુભૂતિ જ થાય છે. તેવી લોકવાયકા પણ છે કે - ઘરમાં પેસેલી પારકી વ્યક્તિ

परः प्रविष्टः कुरुते विनाशम्-इति (शान्तसुधारसे ५-१) । कस्तर्हि स्व इत्याह-**आत्मैवात्मा**, कालत्रयेऽपि तद्भावाव्ययोपेततया तत्स्वत्वानतिवृत्तेः, **ततः**-आत्मसकाशात्, तच्छुद्धस्वलक्षणा-राधनाप्रभावादिति यावत्, **सुखम्** - उत्तरोत्तरविशुद्धतरानन्दसंवेदनम्, भवतीति गम्यते, **अत एव** - आत्माराधनस्य सर्वोत्तमसुखफलत्वादेव, **महात्मानः** - अध्यात्मसुखस्पृहा-विलीनविश्वविश्ववस्तूत्सुकत्वाः पुण्यपुरुषाः, **तन्निमित्तम्** - आत्माराधनार्थम्, **कृतोद्यमाः**- सर्वात्मनाऽभियुक्ताभियोगाः ।

---

વિનાશ નોતરે છે. (શાંતસુધારસ ૫-૧) તો પછી સ્વ કોણ છે ? એ કહે છે - **આત્મા જ આત્મા છે,** કારણ કે આત્મા ત્રણે કાળમાં પણ પોતાના સ્વરૂપથી ચલિત થતો નથી, તેથી તેનું 'સ્વપણું' અકબંધ જ રહે છે. **તેથી** = આત્મા થકી = તેના શુદ્ધસ્વરૂપની આરાધનાના પ્રભાવે, **સુખ** = ઉત્તરોત્તર વિશુદ્ધતર આનંદનું સંવેદન થાય છે,

**માટે જ** = આત્માની આરાધનાથી સર્વશ્રેષ્ઠ સુખરૂપી ફળ મળતું હોવાથી જ, **મહાત્માઓએ** = જેમની સમગ્ર જગતની વસ્તુઓ પ્રત્યેનું ઔત્સુક્ય અધ્યાત્મસુખની સ્પૃહાથી ઓગળી ગયું છે, તેવા પુણ્યપુરુષોએ, **તેના માટે** = આત્માની આરાધના માટે, **ઉદ્યમ કર્યો છે** = સર્વ આત્મબળથી પ્રયત્ન કર્યો છે.

अथ परत्वमेव परस्योपपादयति –

**अविद्वान् पुद्गलद्रव्यं, योऽभिनन्दति तस्य तत् ।**
**न जातु जन्तोः सान्निध्यं, चतुर्गतिषु मुञ्चति ॥४६॥**

**अविद्वान्** – स्वपरविवेकवञ्चितः, विवेकस्त्वयम् – यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे, यद्यच्छोचसि यद्यदीच्छसि हृदा तरां यत् प्राप्य प्रेपीयसे । स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे, तत् सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव – इति (शान्तसुधारसे ५-३)

---

પુદ્ગલદ્રવ્ય પર (શત્રુ) છે. એ જ વાતને હવે પ્રમાણિત કરે છે -

**જે અજ્ઞાની પુદ્ગલદ્રવ્ય પ્રત્યે આદરવાળો બને છે, તે જીવનું સાન્નિધ્ય તે ચાર ગતિમાં કદી છોડતું નથી. ॥૪૬॥**

**અવિદ્વાન્** = સ્વ-પરના વિવેકજ્ઞાનથી રહિત. વિવેક તો આ છે - હે આત્મા ! તું જેના માટે પ્રયત્ન કરે છે, જેનાથી ડરે છે, જેના વિષે હંમેશા આનંદ પામે છે. જેની જેની પાછળ શોક કરે છે, જેને ખૂબ ઈચ્છે છે, જેને પામીને ગાંડો-ઘેલો થઈ જાય છે. જેમના પ્રત્યેના પ્રેમથી તું તારા નિર્મળ સ્વભાવને કલુષિત કરીને બબડાટ કરે છે, ઓ ભગવાન આત્મા ! એ બધું ય પારકું છે, એમાંથી કશું ય તારું નથી. (શાંતસુધારસ ૫-૩)

तदेतदवेत्ता **यः** कश्चित् **पुद्गलद्रव्यमभिनन्दति** - मत्सुख-साधनमिदमिति सम्प्रधार्य तदेकादृतो भवति, **तत्** पुद्गलद्रव्यम्, **तस्या**त्मवैरिणो **जन्तोः सान्निध्यम्** - कर्मप्रभृतिस्वभेदाभेद-प्रायताम्, **चतुर्गतिषु** - नरकादीषु **न जातु** - कदाचिदपि **मुञ्चति,** औदारिकादिसकलपुद्गलद्रव्यवियोगप्राप्यां सिद्धिगतिं नैवंविधः कदाचिदासादयतीति हृदयम् ।

ननु च प्रायः सर्वोऽपि भव्यजीवोऽचरमावर्त्ते पुद्गलाभि-

---

આ વાસ્તવિકતાને નહીં જાણનાર **જે** કોઈ **પુદ્ગલદ્રવ્યનું અભિનંદન કરે છે** = આ મારા સુખનું સાધન છે, એમ સમજીને તેના પ્રત્યે આદરવાળો થાય છે, **તે** પુદ્ગલદ્રવ્ય, **તેનું** = પોતાના આત્માના શત્રુ બનેલા અજ્ઞાની **જીવનું સાન્નિધ્ય** = કર્મ વગેરે પોતાના (પુદ્ગલના) પ્રકારો સાથે અભેદપ્રાયતા = એકમેકપણું (વગેરેથી ઔદારિકાદિ વર્ગણા લઈ શકાય.) **ચતુર્ગતિમાં** = નરક વગેરેમાં **કદી પણ છોડતું નથી.** આશય એ છે કે પુદ્ગલપ્રેમી જીવ ઔદારિક વગેરે સર્વ પુદ્ગલદ્રવ્યના વિયોગથી જ મળે એવી સિદ્ધિગતિને કદી પામી શકતો નથી.

**શંકા** - પ્રાયઃ સર્વે ય ભવ્ય જીવ અચરમાવર્ત્તકાળમાં પુદ્ગલપ્રેમી હોય છે. પણ ચરમાવર્ત્તમાં તો તે જ જીવ

नन्दी भवति, अथ च स एव चरमावर्त्ते मुच्यतेऽतो **न जातु** इति प्लवत इति चेत् ? न, मुक्तिगामिनः पुद्गलाभिनन्दित्वविरहात्, न हि कश्चित् जीवः सत्येव पुद्गलाभिनन्दित्वे सिध्यति कदाचिदिति न कोऽपि दोषः ।

अथात्माभिनन्दिप्राप्यफलमाह–

**आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः ।**
**जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ॥४७॥**

**आत्मानुष्ठानम्** - शुद्धात्मपर्यायाविर्भावानुगुणा या

---

મોક્ષે જાય છે. માટે **કદી પણ** એમ કહેવું અનુચિત નથી ?

**સમાધાન** - ના, કારણ કે જે મોક્ષે જાય છે, તે પુદ્ગલપ્રેમી નથી હોતો. એવું કદી નથી થતું કે કોઈ જીવમાં પુદ્ગલપ્રેમીપણું હોય અને તેની સાથે જ તે મોક્ષે જાય. જ્યારે તે પુદ્ગલપ્રેમી તરીકે મટી જશે, ત્યારે જ મોક્ષે જશે. માટે 'પુદ્ગલપ્રેમી કદી મોક્ષે ન જાય' - એ વચનમાં દોષ નથી.

હવે આત્મપ્રેમીને જે ફળ મળે છે તે કહે છે -

**આત્માનુષ્ઠાનમાં નિષ્ઠ, વ્યવહારથી બહિર્ભૂત યોગીને યોગથી કોઈ પરમાનંદ થાય છે. ॥૪૭॥**

**આત્માનુષ્ઠાન** = શુદ્ધ આત્મપર્યાયના પ્રાકટ્યને અનુકૂળ એવી કોઈપણ પ્રવૃત્તિ, તેમાં **નિષ્ઠ** = મન-

काचित्प्रवृत्तिः, तस्मि**न्निष्ठस्य**-परिपूर्णतया व्यापृतव्यापारस्य, एतेनान्यत्रेषदप्यवहितस्य तत्त्वाभाव उक्तः, एतदेव प्रकारान्तरेण पुनराह - व्यवहाराद् बहिस्तात् स्थितिर्यस्य सः **व्यवहार-बहिःस्थितिः** - परपरिणतिप्रयोजकप्रवृत्तेर्दूरत एव परिवर्जकः, तस्य, एतेन भिक्षाचर्यादिसत्क्रियात्मको व्यवहारोऽपरिवर्जनीय इत्यावेदितम् । अत एव **योगिनः** - समुचितमात्राविहितज्ञान-क्रियायोगस्य, **योगेन** - उक्तयोगलक्षणोपायादरेण, **कश्चिद्** - अवर्णनीयतयानुभवमात्रगम्यः, **परमानन्दः** - हसिताशेष-

---

વચન-કાયાને પરિપૂર્ણ રૂપે તેમાં પ્રવૃત્ત કરનાર, આવું કહેવા દ્વારા જેનું અન્યત્ર થોડું પણ ધ્યાન હોય, તે આત્માનુષ્ઠાનનિષ્ઠ નથી, એવું જણાવ્યું છે. આ જ વસ્તુ ફરીથી બીજા પ્રકારે કહે છે - વ્યવહારની બહાર જેની સ્થિતિ છે, તે **વ્યવહારબહિઃસ્થિતિ** = પરપરિણતિનું કારણ બને તેવી પ્રવૃત્તિનો દૂરથી ત્યાગ કરનાર, તેવા, આવું કહેવા દ્વારા જણાવ્યું છે કે ભિક્ષાચર્યા વગેરે પ્રશસ્ત ક્રિયારૂપ વ્યવહાર ત્યાજ્ય નથી.

માટે જ **યોગી** = જેણે અત્યંત ઉચિત માત્રામાં જ્ઞાન અને ક્રિયાનું જોડાણ (મિશ્રણ) કર્યું છે તેવા, તેમને **યોગથી** = ઉપરોક્ત જોડાણ રૂપ ઉપાયના આદરથી, **કોઈ** = અવર્ણનીય હોવાથી માત્ર અનુભવથી જ જાણી શકાય

वैषयिकानन्द आनन्दः, **जायते** - सदुपायाऽऽदतिमूल्यक्रीत इव भवत्येव । ततश्च -

**आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम् ।**
**न चासौ खिद्यते योगी बहिर्दुःखेष्वचेतनः ॥४८॥**

**आनन्द** इत्यादि । विशुद्धतरात्मपर्यायाऽऽविर्भाव एवानन्द इति तद्भावे प्राक्तनपर्यायादसङ्ख्यगुणनिर्जरा भवति, यज्जनकोऽयमानन्द इति न किञ्चिदनुपपन्नम् । **न च** - नैव,

---

તેવો, **પરમાનંદ** = જેણે બીજા સર્વ વૈષયિક સુખોને હસી કાઢ્યા છે એવો આનંદ, **થાય છે** = સમ્યક્ ઉપાયના આસેવન રૂપ મૂલ્યથી જાણે ખરીદી લીધો હોય તેમ ઉદ્ભવે જ છે અને પછી -

**એ આનંદ ઉગ્ર કર્મ-ઈંધણને સતત બાળે છે. વળી બાહ્ય દુઃખોને નહીં જાણતો એવો આ યોગી તેમાં ખેદ પામતો નથી. ॥૪૮॥**

**આનંદ** ઈત્યાદિ. વિશુદ્ધતર એવા આત્મપર્યાયનું પ્રાકટ્ય એ જ આનંદ છે. માટે એવો પર્યાય પ્રગટ થાય ત્યારે પૂર્વના પર્યાય કરતાં અસંખ્યગણી કર્મનિર્જરા થાય છે. આ આનંદ તે નિર્જરાનું કારણ છે. માટે આ વાતમાં કશું ય અસંગત નથી.

વળી આ = હમણા કહ્યો તે, **યોગી** = પરમાનંદરૂપી

**असौ** - अनन्तराभिहितः, **योगी** - परमानन्दरसालसताकृत-संयोगः, **बहिर्दुःखेषु** - क्षुधादिप्रयोजकबाह्यकष्टहेतूषु सत्स्वपि **खिद्यते** - हा ! कथं नाम ममैतत्कष्टमापतितमित्याद्यात्मकखेद-भाग् भवति ।

ननु कथं विद्यमानेऽपि हेतौ फलोद्भवाभाव इति चेत् ? प्रतिबन्धकसद्भावादिति गृहाण । स चात्र परमानन्दप्रादुर्भाव एव, यथा हीक्षुरसपूर्णकुम्भे प्रक्षिप्तः पिचुमन्दबिन्दुः प्रतिबन्धकसद्भावान्न स्वफलं कटुरसास्वादलक्षणं जनयितुं

---

રસમાં નિમગ્નતા સાથે જેણે સંયોગ કર્યો છે તે, **બાહ્ય દુઃખો** = ભૂખ વગેરેના નિમિત્ત બાહ્ય કષ્ટના કારણો હાજર હોવા છતાં પણ **ખેદ પામતો નથી** = 'હાય, મારા પર આવું કષ્ટ કેમ આવી પડ્યું' - ઈત્યાદિ રૂપ ખેદનું ભાજન થતો નથી.

**શંકા** - ભૂખ વગેરે રૂપ કારણ હાજર હોવા છતાં પણ ખેદરૂપ ફળ કેમ ઉત્પન્ન ન થાય ?

